દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 131 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 June 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૪ જૂન ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દિલ્હીની હૉટેલમાં આગઃ ૨૧નાં મોત

**▸ બચાવવા ગયેલા અનેક લોકો પણ ઘાયલ ▸ ઘણાંની તબિયત ગંભીર, મરણાંક વધવાની ભીતિ**
**▸ અમુક લોકો ઉપલા માળેથી કૂદતા ઈજાગ્રસ્ત ▸ મરનારા લોકોમાં વિદેશીઓનો પણ સમાવેશ**

નવી દિલ્હીઃ દક્ષિણ દિલ્હીના માલવિયાનગર વિસ્તારમાંની ગીચ ગલીમાં આવેલી એક હૉટેલમાં લાગેલી ભીષણ આગમાં અમુક વિદેશીઓ સહિત કુલ ૨૧ જણ માર્યા ગયા હતા. ઘાયલ લોકોને નજીકની હૉસ્પિટલોમાં સારવાર માટે દાખલ કરાયા હતા. આ મામલે દિલ્હી પોલીસે હૉટેલના માલિક સામે સદોષ મનુષવધનો એફઆઈઆર નોંધ્યો હતો.

દક્ષિણ દિલ્હીના માલવિયાનગરમાં હૌઝ રાની ખાતે આવેલી ફ્લોરિશ સ્ટે બીઍન્ડબી (બૅડ ઍન્ડ બ્રૅકફાસ્ટ)માં સવારે અંદાજે ૮.૩૦ વાગ્યે લાગેલી આગ ઝડપથી ફેલાઇ હતી.

પાંચ માળની સાંકડી ઇમારતમાં સપડાયેલા લોકોને બચાવવા સ્થાનિક લોકોએ પણ ઘણી મદદ કરી હતી.

હૉટેલમાંથી અંદાજે ૪૦ જણને બચાવાયા હતા અને સારવાર માટે નજીકની વિવિધ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. આગમાં અત્યાર સુધીમાં ૨૧ જણ માર્યા ગયા હતા અને દાઝી ગયેલા કે ઇજાગ્રસ્ત અનેક લોકોની તબિયત ગંભીર હોવાથી મરણાંક વધવાનો ભય છે.

દિલ્હી સરકારે 'બૅડ ઍન્ડ બ્રૅકફાસ્ટ' નીતિ હેઠળ આ હૉટેલને માત્ર છ રૂમની પરવાનગી આપી હતી, પરંતુ તેણે પચીસ રૂમ ઊભા કરીને ભાડે આપતા હતા. હૉટેલમાં અમુક રૂમ તો

(જુઓ પાનું ૪) ▸▸

## ગુમ પ્રિયજનોનો હજી પત્તો નથી

દક્ષિણ દિલ્હીના માલવિય નગરમાં એક હોટલમાં ભયાનક આગ લાગી હતી. જેમાં ઓછામાં ઓછા ૨૧ લોકોના મોત થયા હતા. અનેક પરિવારોએ પોતાના ગુમ પ્રિયજનોને શોધી રહ્યા છે. બચાવ અને ઓળખના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેમ તેમ ઘણા પરિવારો હોસ્પિટલોની બહાર ભેગા થવા લાગ્યા હતા અને પરિવારજનની જાણકારી મેળવી રહ્યા છે. એક વ્યક્તિ તેની પુત્રી અને બે પૌત્રીઓને શોધી રહ્યો હતો.

**ભયાનકઃ** નવી દિલ્હીમાં બુધવારે એક હૉટેલમાં ભયંકર આગ લાગતા તેમાં રોકાયેલા મહેમાનોને ઉપલા માળેથી કૂદકા મારવાની ફરજ પડી હતી. (એજન્સી)




## ભારત પર વધુ ૧૨.૫ ટકા ટૅરિફ લાદશે અમેરિકા?

### અમેરિકા સાથે આ મુદ્દે ચર્ચા કરી રહ્યું છે ભારત

વૉશિંગ્ટનઃ યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (અમેરિકા વેપાર પ્રતિનિધિ, યુએસટીઆર)એ બળજબરી મજૂરી વડે બનાવાતા માલની આયાત પર પ્રતિબંધ મૂકવામાં નિષ્ફળતા બદલ ભારત સહિત ૫૪ દેશ પર ૧૨.૫ ટકાનો વધારાનો ટૅરિફ લાદવાની દરખાસ્ત મૂકી છે. યુએસટીઆરએ ૬૦ દેશ સામે તપાસ શરૂ કરી છે. આ દેશોની બળજબરી મજૂરીથી કરાયેલી આયાત પર પ્રતિબંધ મૂકવાની વિફળતા બદલ યુએસટીઆરએ તપાસ શરૂ કરી છે.

ભારતના વાણિજ્ય મંત્રાલયે પ્રસ્તાવિત ૧૨.૫ ટકા ટૅરિફની પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે ભારત કાયદાની કલમ ૩૦૧ તપાસ સંદર્ભે અમેરિકા સાથે વાટાઘાટો કરી રહ્યું છે. આ તપાસ બળજબરીપૂર્વક મજૂરી અને વધારાની ઔદ્યોગિક ક્ષમતા સાથે સંબંધિત ચિંતાઓને

(જુઓ પાનું ૪) ▸▸

## ટીએમસીમાં ભંગાણઃ ૫૮ વિધાનસભ્ય સાથે ઋતબ્રત નવા નેતા

### સ્પીકરે ઋતબ્રત બેનરજીના બળવાખોર જૂથને માન્યતા આપી

કોલકાતાઃ વિધાનસભા ચૂંટણીની કારમી હાર બાદ તૃણમૂલ કૉંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. ટીએમસીએ પશ્ચિમ બંગાળની વિધાનસભા પક્ષ પરનો કબજો ગુમાવ્યો છે. પક્ષના ૫૮ અસંતુષ્ટ વિધાનસભ્યોએ પક્ષમાંથી હાંકી કઢાયેલા ઋતબ્રત બેનરજીને વિધાનસભા પક્ષના નેતા તરીકે ટેકો જાહેર કર્યો હતો અને તેમને વિધાનસભા પક્ષના નેતા જાહેર કર્યા હતા અને સ્પીકરે આ બળવાખોર જૂથને માન્યતા આપી છે. જોકે ઋતબ્રત બેનરજીએ મમતા પ્રત્યે કૂણું વલણ દાખવતા કહ્યું હતું કે મમતા નવી વિધાનસભા ટીમના મુખ્ય સલાહકાર તરીકે સેવા આપી શકશે. અસંતુષ્ટ વિધાનસભ્યોએ તેમનું જૂથ

(જુઓ પાનું ૪) ▸▸

## કુવૈત ઍરપોર્ટ પર ઈરાનના હુમલામાં ભારતીયનું મોત

**▸ હોર્મુઝ ખાડી સાત સપ્ટેમ્બર સુધી બંધ રહેવાનો ટ્રમ્પને ભય**
**▸ ઈઝરાયલે બૈરુત પર હુમલા ચાલુ રાખ્યા**

દુબઈઃ ઇરાને કુવૈતના મુખ્ય આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર બુધવારે કરેલા હુમલામાં એક ભારતીય માર્યો ગયો હતો અને ૬૩થી વધુ લોકો ઘાયલ થયા હતા. અગાઉ, કુવૈતના દરિયાનું ખારું પાણી પીવાલાયક મીઠું કરવાના પ્લાન્ટ પર ઇરાને કરેલા હુમલામાં પણ એક ભારતીય માર્યો ગયો હતો. દરમિયાન, ઇઝરાયલે સતત બીજા દિવસે બૈરુત પરના હુમલા ચાલુ રાખ્યા હતા. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે

(જુઓ પાનું ૪) ▸▸

## ઍરલાઇન્સને ખાસ મદદઃ એટીએફ માટે ભંડોળ

### દિલ્હી-એનસીઆરમાં જૂનાં વાહનોના નિકાલ માટે સ્કીમ

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાનમંડળે સરકારી તેલ માર્કેટિંગ કંપનીઓ નક્કી કરાયેલી ભારતીય ઍરલાઇન્સને રાહત દરે વિમાનોનું ઈંધણ (ઍવિયેશન ટર્બાઇન ફ્યુઅલ) આપી શકે તે માટે તેઓને રૂપિયા ૧૦,૦૦૦ કરોડ વગર વ્યાજે ઍડવાન્સ તરીકે આપવા બુધવારે મંજૂરી આપી હતી.

આ ઉપરાંત, દિલ્હી - એનસીઆર એટલે કે દેશની રાજધાની ઉપરાંત હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાંના જૂની બસ અને ટ્રકના માલિકો હવાનું પ્રદૂષણ ઘટાડવા માટે ભારત સ્ટેજ - ફૉર (બીએસ-ફૉર)ના પોતાનાં વાહનો કાઢી નાખીને બીએસ-

(જુઓ પાનું ૪) ▸▸

## આગ વધવાના આ રહ્યાં નવ કારણ

**૧ મંજૂરી છ રૂમની હતી, પણ બનાવી દીધા પચીસ રૂમ**


આ ભીષણ આગની ઘટનામાં એક ચોંકાવનારી માહિતી સામે આવી છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ હોટલને દિલ્હી સરકાર તરફથી 'બેડ એન્ડ બ્રેકફાસ્ટ' કન્સેપ્ટ હેઠળ લાઇસન્સ આપવામાં આવ્યું હતું. જે અંતર્ગત માત્ર છ રૂમ ચલાવવાની જ મંજૂરી હતી. આમ છતાં, હોટલમાં પચીસ રૂમ ચલાવવામાં આવી રહ્યા હતા.

**૨ ફાયર એનઓસી પણ નહોતું**

માલવીય નગર અકસ્માતમાં જે હોટલ-રેસ્ટોરાંમાં આગ લાગી, તે રેસ્ટોરાં પાસે ફાયર વિભાગનું એનઓસી પણ નહોતું. (જુઓ પાનું ૪) ▸▸

## બાળક સાથે માતાની ત્રીજા માળેથી છલાંગ

દક્ષિણ દિલ્હીના માલવિય નગરમાં હોટલમાં લાગેલી આગમાં જીવ બચાવવા માટે એક મહિલાએ ઈમારતના ત્રીજા માળેથી પોતાના બાળકને હાથમાં લઈને છલાંગ લગાવી હતી. બુધવારે સવારે ભીડભાડવાળા હૌઝ રાની વિસ્તારમાં આવેલી ફ્લોરિશ સ્ટે બેડ એન્ડ બ્રેકફાસ્ટ હોટલમાં આગ લાગી હતી જેની અંદર અનેક લોકો ફસાઈ જતા અફરાતફરી મચી ગઈ હતી. ધુમાડો આખી ઈમારતમાં ફેલાઈ જતાં અનેક લોકો બારીના કાચ તોડીને મદદ માટે બૂમો પાડવા લાગ્યા હતા. એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું (જુઓ પાનું ૪) ▸▸



**ચારધામ યાત્રાઃ** ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં ચારધામ યાત્રાની પહેલાં ગંગોત્રી ધામ ખાતે દર્શનાર્થે ભેગા થયેલા શ્રદ્ધાળુઓ. (પીટીઆઇ)

## પીએમની ખુરશી પર ૪,૯૩૮ દિવસનો નહેરુનો વિક્રમ ૧૦મી જૂને મોદી વટાવશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ જૂને ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનારા લોકશાહી રીતે ચૂંટાયેલા વડા પ્રધાન બનશે, જે સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુના રેકોર્ડને તોડી નાખશે.૨૬ મે, ૨૦૧૪ ના રોજ પહેલી વાર વડા પ્રધાન તરીકે શપથ લેનારા મોદી ૧૦ જૂને સતત ૪,૩૯૯ દિવસ કાર્યકાળ પૂર્ણ કરશે, જે ૧૩ મે, ૧૯૫૨ના રોજ ભારતની પહેલી સામાન્ય ચૂંટણી પછી શપથ લીધા પછી ૨૭ મે, ૧૯૬૪ના રોજ તેમના મૃત્યુ સુધીના નેહરુના ૪,૩૯૮ દિવસના રેકોર્ડને વટાવી જશે.

મોદીની રાજકીય કારકિર્દીમાં આ વધુ એક સીમાચિહ્નરૂપ છે. તેમણે પચીસ જુલાઈ, ૨૦૨૫ના રોજ ભૂતપૂર્વ વડા પ્રધાન ઇન્દિરા ગાંધીના સૌથી લાંબા અવિરત કાર્યકાળને પાછળ છોડી દીધો હતો. ઇન્દિરાએ ૨૪ જાન્યુઆરી, ૧૯૬૬ થી ૨૪ માર્ચ, ૧૯૭૭ સુધી સતત વડા પ્રધાન તરીકે સેવા આપી હતી - જે ૪૦૭૭ દિવસનો સમયગાળો હતો.

સ્વતંત્રતા પછીના શરૂઆતના વર્ષોમાં જ્યારે નેહરુએ દેશનું નેતૃત્વ કર્યું હતું, ત્યારે ભારતની વસ્તી લગભગ ૩૪ કરોડ હતી. ૨૦૧૪માં મોદીએ સત્તા સંભાળી ત્યારે, વસ્તી ૧૩૧ કરોડને વટાવી ગઈ હતી અને હવે તે વધીને ૧૪૬ કરોડથી વધુ થઈ ગઈ છે. ભારતનની લોકશાહીનું કદ પણ દાયકાઓ દરમિયાન નોંધપાત્ર રીતે વિસ્તર્યું છે. ૧૯૫૧-૫૨માં દેશની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં ૫૩ રાજકીય પક્ષોએ ભાગ લીધો હતો, જ્યારે ૨૦૧૪માં આ સંખ્યા વધીને ૪૬૪ થઈ ગઈ અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૭૪૪ થઈ ગઈ. પ્રથમ સામાન્ય ચૂંટણી દરમિયાન મતદારોની સંખ્યા લગભગ ૧૭ કરોડ હતી, જે ૨૦૧૪ સુધીમાં વધીને ૮૩ કરોડથી વધુ થઈ ગઈ.

બંને યુગ દરમિયાન રાજકીય પરિસ્થિતિઓ નોંધપાત્ર રીતે અલગ હતી. નેહરુએ કોંગ્રેસ-પ્રભુત્વ ધરાવતા રાજકીય પરિદૃશ્યનું નેતૃત્વ કર્યું, જેમાં પક્ષે ૧૯૫૨ની ચૂંટણીમાં ૪૮૯ લોકસભા બેઠકમાંથી ૩૬૪ બેઠક જીતી હતી. તેનાથી વિપરીત, મોદીએ મજબૂત પ્રાદેશિક પક્ષો અને રાજ્યોમાં ગઠબંધનની ગતિશીલતા દ્વારા ચિહ્નિત થયેલ ઘણા વધુ વિભાજિત અને સ્પર્ધાત્મક રાજકીય વાતાવરણ વચ્ચે શાસન કર્યું છે.

## ભારતના સર્વિસ સેકટરની વૃદ્ધિ છ મહિનાની ઊંચી સપાટીએ

નવી દિલ્હીઃ એક માસિક સર્વેમાં બુધવારે જણાવાયું હતું કે, માગની સારી સ્થિતિ, નવા વ્યવસાયના વપરાશમાં સતત સુધારાને કારણે મે મહિનામાં ભારતના સર્વિસ સેકટરનો વિકાસ ૫૯.૮ ની છ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો છે.મોસમી રીતે સમાયોજિત એચએસબીસી ઇન્ડિયા સર્વિસીસ પીએમઆઈ બિઝનેસ એક્ટિવિટી ઇન્ડેક્સ મે મહિનામાં વધીને ૫૯.૮ થયો, જે એપ્રિલમાં ૫૮.૮ હતો, જે ગયા નવેમ્બર પછીના વિસ્તરણનો સૌથી મજબૂત દર દર્શાવે છે. પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઈ)ની ભાષામાં, ૫૦થી ઉપરનો સ્કોર વિસ્તરણ દર્શાવે છે, જ્યારે ૫૦થી નીચેનો સ્કોર સંકોચન દર્શાવે છે.

માલવાહક, ડિજિટલ સોલ્યુશન્સ, ઇ-કોમર્સ, મનોરંજન અને આઇટી જેવી સેવાઓ માટેની માગમાં વધારો થવાથી મે દરમિયાન નવા વ્યવસાયિક વિકાસમાં વધારો થયો પરિણામે, કંપનીઓએ પ્રવૃત્તિમાં વધારો કર્યો અને પગારપત્રકની સંખ્યામાં વધારો કરવાનું ચાલુ રાખ્યું હોવાના અહેવાલ છે.

જોકે, સર્વેમાં જણાવાયું છે કે બાહ્ય માંગનો વિકાસ ૨૦૨૫ની સરેરાશ કરતા ઓછો રહ્યો, તેમ છતાં આંતરરાષ્ટ્રીય ઓર્ડરમાં વિસ્તરણ મજબૂત રહ્યું, જેમાં કંપનીઓએ ઓસ્ટ્રેલિયા, કૅનેડા, ફ્રાન્સ, જર્મની, હોંગ કોંગ, મલેશિયા, યુએઈ અને યુકેના ફાયદાનો ઉલેખ કર્યો.કિંમતના મોરચે મે દરમિયાન સેવા અર્થતંત્રમાં ઇનપુટ ભાવ ઉપરના વલણની ગતિએ વધ્યા.

સર્વેના સહભાગીઓએ એપ્રિલની તુલનામાં ખોરાક, બળતણ, ગેસ, શ્રમ અને સામગ્રી માટે વધુ ચૂકવણી કરી હોવાનો અહેવાલ આપ્યો છે.

## પટણામાં 'ખાન સર' કૉચિંગ સેન્ટરમાં તોડફોડ અને મારપીટ

### હરીફ કૉચિંગ કલાસના ડિરેકટર સહિત ત્રણની ધરપકડ

પટણાઃ બિહારમાં પટણામાં 'ખાન સર' તરીકે જાણીતા શિક્ષક ફૈઝલ ખાનના કોચિંગ ઇન્સ્ટિટ્યૂટમાં કથિત રીતે તોડફોડ અને પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ જાણકારી અધિકારીઓએ આપી હતી. પોલીસે જણાવ્યું કે આ ઘટનાના સંદર્ભમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં હરીફ કોચિંગ સેન્ટરના ડિરેક્ટરનો પણ સમાવેશ થાય છે. ખાને શરૂઆતમાં ઇન્સ્ટિટ્યૂટમાં ગોળીબાર થયો હોવાનો દાવો કર્યો હતો, પરંતુ પોલીસ તેની પુષ્ટિ કરી શકી ન હતી. બાદમાં તેમણે કહ્યું કે ખરેખર શું થયું હતું તેની તપાસમાં જાણ થઇ જશે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટના મંગળવારે રાત્રે કદમકુઆં પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત ખાન ગ્લોબલ કોચિંગ ઇન્સ્ટિટ્યૂટમાં બની હતી.

## એનસીઆરમાં પહેલી ઓકટોબરથી પીયુસી નહીં હોય તો ઇંધણ નહીં મળે

લખનઊઃ ઉત્તર પ્રદેશ સરકારે નેશનલ કેપિટલ રીજનના જિલ્લાઓમાં વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે એક મોટું પગલું ભરવાનો નિર્ણય લીધો છે. મુખ્ય સચિવ એસ.પી. ગોયલે બુધવારે જણાવ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૬થી એનસીઆરના આઠ જિલ્લાઓમાં માન્ય પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર વિનાના વાહનોને પેટ્રોલ અને ડીઝલ આપવામાં આવશે નહીં. આ સિસ્ટમ લાગુ કરવા માટે રાજ્યના ૧,૦૪૧ પેટ્રોલ પંપ પર ઓટોમેટિક નંબર પ્લેટ રિકગ્નિશન કેમેરા સ્થાપિત કરવામાં આવશે.ઉત્તર પ્રદેશના આઠ જિલ્લાઓ ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ, હાપુર, બુલંદશહેર, મેરઠ, મુઝફ્ફરનગર, બાગપત અને શામલી એનસીઆરનો ભાગ છે, જેમાં હરિયાણા, રાજસ્થાન અને સમગ્ર દિલ્હીના જિલ્લાઓનો પણ સમાવેશ થાય છે. દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણ એક ગંભીર જાહેર આરોગ્ય પડકાર છે.

હવા ગુણવત્તા સુધારણા અંગે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકમાં બોલતા મુખ્ય સચિવે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ૨૦૨૬ સુધીમાં એનસીઆર ક્ષેત્રમાં પ્રદૂષણનું સ્તર ૩૦ થી ૩૫ ટકા ઘટાડવાનું લક્ષ્ય રાખ્યું છે. તેમણે તમામ સંબંધિત વિભાગોને સંકલિત અને અસરકારક કાર્યવાહી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો. તેમણે નાગરિકોની ભાગીદારી વધારવા અને જનજાગૃતિ અભિયાન શરૂ કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

## એઆઈનો પરપોટો ફૂટી જશે?

વૉશિંગ્ટનઃ વર્ષ ૨૦૨૬ માં પહેલીવાર એવું લાગી રહ્યું છે કે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની ચમક ફીકી પડી રહી છે. એઆઈ ખર્ચાળ બનવા લાગ્યું છે, તેના સામે તે કમાણી આપી રહ્યું નથી. મોટા પ્રમાણમાં ખર્ચ કરવા છતાં પણ જો વળતર ના મળે તો શું થાય? શું એઆઈનો પરપોટો ફૂટી જશે? ટેક્નોલોજીના ઇતિહાસમાં ૧૯૯૦ના દાયકામાં ઇન્ટરનેટને લઈને પણ આવો જ કૅઝ હતો, જેને આપણે 'ડૉટ કોમ બબલ' તરીકે ઓળખીએ છીએ. ત્યારે પણ હજારો કંપનીઓ રાતોરાત ડૂબી ગઈ હતી. આજે એઆઈ ક્ષેત્રે પણ કંઈક આવી જ બેચેની જોવા મળી રહી છે. તેની પાછળ કેટલા અબજો ડોલર બળી રહ્યા છે, તેની ચર્ચા હવે શરૂ થઈ છે. એઆઈ કોઈ સાધારણ સોફ્ટવેર નથી, તે ખૂબ જ ભારે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને મોંઘી ચિપ્સ પર ચાલે છે. જેનો હવે લોકોને અહેસાસ થઈ રહ્યો છે. હવે ટેક ઇન્ડસ્ટ્રીમાં એક નવો શબ્દ ખૂબ વાઇરલ થઈ રહ્યો છે - 'ઇન્ફરન્સ કોસ્ટ' સરળ ભાષામાં કહીએ તો, જ્યારે પણ કોઈ યુઝર એઆઈને કોઈ સવાલ પૂછે છે કે ઇમેજ બનાવે છે, તે જ સેકન્ડે કંપનીનો ખર્ચ થાય છે. ગૂગલ અને માઇક્રોસોફ્ટ જેવી કંપનીઓએ તો સ્વીકાર્યું પણ છે કે અઈ હવે ઘણું ખર્ચાળ સાબિત થઈ રહ્યું છે. માઇક્રોસોફ્ટે તો બજેટ કાપવા માટે ઘણા લાઇસન્સ પણ કેન્સલ કર્યા છે. આટલી મોટી કંપનીઓ જો આવી સ્થિતિમાં છે તો નાની -મોટી કંપનીઓનું શું થશે?



**ફિફા ફીવરઃ** ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ના પ્રારંભની પહેલાં કેરલમના કોચીમાં ચેલ્લાનામ ખાતે આર્જેન્ટિનાના ફૂટબૉલર લિયોનેલ મેસીના કટ-આઉટ સાથે ચાહકો. (પીટીઆઇ)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મમતા શાણપણ બતાવે તો ઘીના ઠામમાં ઘી પડી જશે

**પશ્ચિમ** બંગાળમાં સત્તા ગઈ એ સાથે જ મમતા બેનરજીની તૃણમૂલ કૉંગ્રેસમાં ડખા ચાલુ થઈ ગયા છે અને મમતા સામે જ બળવો થઈ ગયો છે. મમતા બેનરજીએ ગયા અઠવાડિયે શોભનદેવ ચેટરજીને વિધાનસભામાં વિપક્ષના નેતા અને ફિરહાદ હકીમને મુખ્ય દંડક નિમ્યા તેની સામે ઋતબ્રત બેનરજી અને સંદીપન સહાએ વાંધો લીધેલો. અકળાયેલાં મમતાએ સોમવારે બેનરજી અને સહા બંનેને તગેડી મૂકેલા.

બેનરજી-સહાની જોડીએ ડર્યા વિના મમતા સામે બાંયો ચડાવી છે અને વિધાનસભાના સ્પીકરને મળીને શોભનદેવને નહીં પણ ઋતબ્રત બેનરજીને વિપક્ષના નેતાપદે નિમવા માટે રજૂઆત કરી છે. સહા-બેનરજીનો દાવો છે કે, પોતાની તૃણમૂલ કૉંગ્રેસ જ સાચી છે કેમ કે બહુમતી ધારાસભ્યો પોતાની સાથે છે તેથી સ્પીકરે કશું વિચાર્યા વિના બેનરજીને વિપક્ષનું નેતાપદ આપી દીધું.

ઋતબ્રત બેનરજી ને સંદીપન સહાની જોડીનો દાવો છે કે, તૃણમૂલ કૉંગ્રેસના ૮૦માંથી ૫૮ ધારાસભ્યોનો બેનરજીને ટેકો છે ને લોકશાહીમાં જેની પાસે બહુમતી હોય એ નેતા બને એ જોતાં બેનરજીને વિપક્ષના નેતાપદ આપવું જોઈએ. પશ્ચિમ બંગાળ વિધાનસભાના સ્પીકરપદે ભાજપના રતિન્દ્ર બોઝ છે. બેનરજી-સહાએ ૫૮ ધારાસભ્યોની સહી સાથેનો પત્ર પણ આપ્યો છે. બોઝ ધારાસભ્યોની સહીઓ સાચી છે કે નહીં તેની ચકાસણી કરીને એકાદ-બે દિવસમાં નિર્ણય લેશે.

મોટા ભાગે આ નિર્ણય બેનરજીની તરફેણમાં જ આવશે કેમ કે ભાજપ મમતા બેનરજીની મેથી મારવાની તક નહીં છોડે. આ કારણે ઋતબ્રત વિપક્ષના નેતા બને એવી પ્રબળ શક્યતા છે પણ સત્તાવાર નિર્ણય નહીં આવે ત્યાં સુધી રાજકીય ઉત્તેજનાનો માહોલ રહેશે. મમતા વિપક્ષોના મોરચા 'ઈન્ડિયા'ની બેઠકમાં ભાગ લેવા માટે દિલ્હી પધારવાનાં છે ને એ પહેલાં જ તેમનું ઘર સળગ્યું છે તેથી મીડિયાને પણ આખી વાતમાં રસ પડી ગયો છે એટલે જ્યાં લગી સ્પીકર નિર્ણય નહીં સંભળાવે ત્યાં લગી આ મુદ્દો ગાજતો રહેશે.

મીડિયાના એક વર્ગે આ ઘટનાને તૃણમૂલમાં ભંગાણ ગણાવી દીધી છે તો કેટલાકે વળી મમતાની તેમની જ પાર્ટીના ધારાસભ્યોએ હકાલપટ્ટી કરી નાંખી હોવાનો દાવો પણ કરી નાંખ્યો છે. આ દાવો ખોટો છે કેમ કે આ બગાવત મમતા સામે નથી કે બગાવત કરનારાંએ તૃણમૂલથી અલગ ચોકો રચવાની જાહેરાત પણ નથી કરી કે પોતાના જૂથને અલગ માન્યતા આપવાની માગણી નથી કરી. સ્પીકર સામે કરાયેલી રજૂઆતમાં શોભનદેવને બદલે બેનરજીને વિપક્ષના નેતા બનાવવાની માગણી કરાઈ છે પણ મમતા બેનરજી જ પોતાનાં નેતા હોવાનું પણ સ્પષ્ટ કહેવાયું છે.

મતલબ કે, બેનરજી અને સહાને વાંધો શોભનદેવને વિપક્ષના નેતાનું પદ આપી દેવા સામે છે, મમતા બેનરજી તૃણમૂલનાં કર્તાહર્તા રહે તેની સામે નથી. તેનું કારણ એ કે, બંગાળમાં હજુય તૃણમૂલ મમતા બેનરજીના કારણે જ ઓળખાય છે અને સહા કે બેનરજી એવા નેતા નથી કે મમતાની જગા લઈ શકે કે ભાજપ સામે ઝીંક ઝીલી શકે. એ લોકોને એ વાત પણ સમજાઈ છે કે, ભાજપ સાથે જવામાં માલ નથી કેમ કે ભાજપને તેમની જરૂર જ નથી.

૨૮૯ ધારાસભ્યોની પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ભાજપ પાસે ૨૦૭ ધારાસભ્યો છે. ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી છે ને જે ચૂંટાઈને આવ્યા છે એ બધાંને ઠેકાણે પાડીને ભાજપ સંતોષ નથી આપી શકતો ત્યાં આ નવા ૫૮ ધારાસભ્યોને લઈને વૈંકુંઠ નાનું ને ભગતડાં ઝાઝાં જેવો ઘાટ કરીને ભાજપ આફત શું કરવા વહોરે ?

સૂંઠના ગાંગડે ગાંધી થયેલા ઘણા વિવેચકોએ ભાજપની ચાપલૂસી કરવાના ઉત્સાહમાં ભાજપે મહારાષ્ટ્રવાળો દાવ ખેલીને બંગાળમાં મમતાનો ખેલા કરી નાંખ્યો એવો દાવો પણ કરી નાંખ્યો છે. એ લોકોને મહારાષ્ટ્ર અને બંગાળની સ્થિતિ બિલકુલ અલગ છે એ વાતની ખબર જ નથી પડતી. મહારાષ્ટ્રમાં ભાજપ સત્તામાં નહોતો ને ઉદ્ધવ ઠાકરે કૉંગ્રેસ ને શરદ પવારની મહેરબાનીથી સત્તામાં ચીટકી ગયેલા તેથી ભાજપે એકનાથ શિંદેને ચડાવીને ઉદ્ધવનો ખેલ પાડી દેવો પડેલો જ્યારે બંગાળમાં તો ભાજપ સત્તામાં છે જ તેથી તેને સંદીપન સહા કે ઋતબ્રત બેનરજી જેવા કોઈની જરૂર જ નથી.

મહારાષ્ટ્રમાં ભાજપે ઉદ્ધવને ઉથલાવ્યા પછી કમને એકનાથ શિંદેને મુખ્ય પ્રધાન બનાવવા પડેલા. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભર્યો ત્યાં લગી ૪૦ ધારાસભ્યો ધરાવતા શિંદેની પાલખી ઊંચકીને ભાજપે ચાલવું પડેલું. બંગાળમાં એવા કોઈ સંજોગો નથી ને ભાજપ કોઈ અવરોધ વિના પૂરાં પાંચ વર્ષ સારી રીતે શાસન ચલાવીને પોતાની સ્થિતી મજબૂત કરી શકે છે પછી સંદીપન સહા કે ઋતબ્રત બેનરજીને પંપાળવાની શું જરૂર?

આ સંજોગોમાં મમતા બેનરજીની સામે થયેલી બગાવતનો જશ ભાજપને આપવો વાસ્તવિક રીતે યોગ્ય નથી. કાલે સંદીપન સહા કે ઋતબ્રત બેનરજીની સાથેના ધારાસભ્યો ભાજપમાં જઈ શકે પણ અત્યારે તો ભાજપને આ કાંડ સાથે જોડી દેવો યોગ્ય નથી.

ભાજપ આ કાંડનો ફાયદો લેવા માટે મેદાનમાં આવ્યો છે કેમ કે મમતાનાં નેતૃત્વ સામે બહુ મોટો પડકાર ઊભો થયો છે. બંગાળમાં મમતાનું રાજકીય વર્ચસ્વ ખતમ થઈ જાય તો ભાજપને કમ સે કમ ૧૦ વર્ષ લગી સત્તામાંથી કોઈ ના હટાવી શકે કેમ કે બંગાળમાં મમતા જેવી લડાયકતા બીજા કોઈ નેતામાં નથી.

કૉંગ્રેસ અને ડાબેરીઓ તો સાવ પતી જ ગયેલાં છે તેથી તેમાંથી તો કોઈ ભાજપને પડકાર આપી શકે એવી આશા જ ના રખાય પણ તૃણમૂલ કૉંગ્રેસમાં પણ મમતા જેવી આક્રમકતા ને ઝનૂન કોઈનામાં નથી. મમતા પોતાના ભત્રીજા અભિષેક બેનરજીને આગળ કરીને રાજકીય વારસ બનાવવા માગે છે પણ અભિષેકમાં પણ મમતા જેવું કૌવત નથી. તૃણમૂલના બીજા નેતા તો મમતાનાં પડછાયા જેવા પણ નથી. બંગાળનાં વાઘણ કહેવાતાં મમતા પર ઉંમરની અસર વર્તાય છે પણ મમતા ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે તેથી ભાજપ તેમને સાવ પતાવી દેવામાં રસ દાખવે છે.

તૃણણૂલ કૉંગ્રેસના ડખાનું શું પરિણામ આવશે એ ખબર નથી પણ મમતા માટે આ ડખો મોટો પડકાર છે. મમતા સામે પહેલાં પણ બગાવત થયેલી પણ એ વખતે મમતા સત્તામાં હતાં તેથી પોતાની સામેના બળવાઓને દબાવીને તેમણે તૃણમૂલ પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. અત્યારે મમતા પાસે સત્તા નથી ને પહેલાં જેવી શક્તિ પણ નથી તેથી મમતા શું કરે છે એ જોવાનું રહે છે.

મમતા શાણપણ દાખવીને બહુમતી ધારાસભ્યોની લાગણી સ્વીકારવાના નામે સંદીપન સહા કે ઋતબ્રત બેનરજીની વાત સ્વીકારી લે તો ઘીના ઠામમાં ઘી પડી જશે કેમ કે સંદીપન સહા કે ઋતબ્રત બેનરજી હજુય મમતાને પોતાનાં નેતા માને છે ને તેમણે મમતા સામે સીધી બગાવત નથી કરી. મમતા પહેલાંની જેમ અકડુ બનીને વર્તે તો તૃણમૂલમાં ભંગાણ પડી જાય એવું બને. હવે નક્કી મમતાએ કરવાનું છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, ગુરુવાર, તા. ૪-૬-૨૦૨૬

- ભારતીય દિનાંક ૧૪, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૯મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૧ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર ધનુમાં સવારે ક. ૦૭-૪૧ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ

- ભરતી : બપોરે ક. ૧૪-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૦ (તા. ૫)
- ઓટઃ સવારે ક. ૦૭-૩૧, રાત્રે ક. ૨૦-૪૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ – ચતુર્થી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-સૂર્ય ગ્રહદેવતાનું પૂજન, વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, સ્થિર કાર્યો, બિલિનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ, અન્નપ્રાશન, મિત્રતા કરવી, નવા વસ્રો, આભૂષણ, દસ્તાવેજ, દુકાન, વેપાર-નોકરી, ખેતીવાડી, બી વાવવું, ધાન્ય ભરવું, નવી તિજોરીની સ્થાપના, પ્રાણી પાળવા.
- પુરુષોત્તમ માસ મહિમાઃ મનુષ્યના પુરુષાર્થના ફળની ઈચ્છા આ ઈશ્વરને આધિન છે. ભવિષ્ય જો હંમેશાં પોતાના કર્મનું અભિમાન રાખે તો તે પોતે જ ભગવાન સમજવા લાગે છે. પરંતુ ઈશ્વરનું ગણિત અકલ્પ્ય છે. માનવ દેહ અને જીવન આ પૃથ્વી પરના અન્ય મનુષ્યો, પશુઓ, જીવસૃષ્ટિ, પર્યાવરણ દરેકને માટે સમર્પિત છે. ભગવાન પુરુષોત્તમની કથા અથવા 'પુરુષોત્તમ માહાત્મ્ય'નું રોજ એક પ્રકરણ વાંચવાથી મન શાંત અને સકારાત્મક બને છે.
- આચમનઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ દંભી સ્વભાવ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ ગહનતાપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-મિથુન, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# દુઆમાં એ કશ્ક હોવી જોઈએ કે અલ્લાહની હાજરીનો અહેસાસ થાય

**સૃષ્ટિના** મહાન સર્જક અલ્લાહની ઓળખ અને તેના પ્રત્યેનું ઈમાન, અખૂટ અને અડગ શ્રદ્ધા એ દુઆનું એક અવિભાજ્ય અંગ છે.

– માગણીઓ કે સુખદ ભાવિની ઈચ્છાઓ પછી તે નાની હોય યા મોટી તેને પૂરી કરનાર એક માત્ર અલ્લાહ જ છે અને જો એ હાજતો પૂર્ણ થવા પામતી નથી અથવા અંશતઃ પૂરી થાય છે તો એમાં જ માગણી કરનારની ભલાઈ છે. એ દુઆ, પ્રાર્થનાની રૂહ છે, આત્મા છે.

– વ્હાલા વાચક બિરાદરો! વીતેલા જીવનમાં આચરેલાં ગુનાહિત કૃત્યો તે થયેલી ભૂલો બદલ પશ્ચાત્તાપની લાગણી અને ફરીથી એવું ન કરવાની પ્રતિજ્ઞા સાથે એનું પાલન કરવાનું સમજભાન તેમજ અલ્લાહની અનેકવિધ બક્ષીસોના ભોગવટા બદલ આભાર પ્રદર્શિત કરવાની નૈતિક ફરજ એ દુઆની આધારશિલાઓ છે. નિર્મળતા, નમ્રતા અને એકાગ્રતા દુઆને ધારદાર અને અસરકારક બનાવે છે. દુઆનો આરંભ અલ્લાહની મહાનતાને લક્ષે લઈ તેની પ્રશંસા સાથે કરવામાં આવે તો જાણે સોનામાં સુગંધ ભળી. વળી એમ કરવામાં પયગંબરોનું અનુસરણ સમાયેલું છે અને અદબ તથા શિષ્ટાચાર પણ મોમીનને એજ સૂચવે છે.

દુઆમાં ઔપચારિકતાનું તત્ત્વ હોવું જોઈએ નહીં. કારણ કે અખૂટ શ્રદ્ધા, નમ્રતા અને આંખોની ભીનાશ સાથે ગદગદ કંઠે ઉચ્ચારાયેલી દુઆ જ અલ્લાહના અસીમ કૃપાસાગરને જોશમાં લાવવામાં નિમિત્ત બને છે. અલ્લાહ સાથે મજબૂત સંપર્ક સેતૂ- રચી તે દ્વારા દુઆ કરવાની સદ્‌બુદ્ધિ ધરાવનારને જે રીતે છીપ મોતીને સાચવે છે એ રીતે દયાળુ અલ્લાહની કૃપાઓ સુરક્ષિત રાખે છે.

પાક પરવરદિગાર મોમીન બંદાની દુઆઓને મંજૂર રાખે એ માટે કેટલીક શરતોનું પાલન કરવું જરૂરી છે. દુઆ કબૂલ થાય એ માટે સૌ પ્રથમ અલ્લાહે ફરજિયાત ઠેરવેલી ઈબાદતોને- ખાસ કરીને નમાજને વખતસર અદા કરતા રહેવું જોઈએ. વાજિબ ઈબાદતો, નક્કી કરેલ સમયે અદા કરવામાં આવતી નમાઝ છોડી દેવાની સ્થિતિમાં દુઆ કબૂલ થવાની આશા વ્યર્થ છે. દુઆના માધ્યમ દ્વારા પોતે શું માગી રહ્યો છે અને કોની પાસે માગી રહ્યો છે, તેનું સમજભાન હોવું જોઈએ.

દુઆમાં ઉચ્ચારાતા શબ્દો માટે જીભને દિલનો સહયોગ અને સમર્થન મળવું જોઈએ. માનવી પાસે દિલ અને જીભ એ બે જ એવી વસ્તુઓ છે, જેની પવિત્રતા ને સલામતી અથવા મલીનતા કે બીમારી તેને ઊંચા સ્થાને કે ભોંયભેગો કરી શકે છે. આ જ બે વસ્તુઓ વ્યક્તિને માનવંતો કે અપમાનિત કરવામાં કેન્દ્રીય ભૂમિકા ભજવતી હોય છે.

શક્ય હદે દુઆમાં પોતાની નમ્રતાઓ અને લાચારી તથા અલ્લાહની મહત્તા તેમજ મોટાઈ અંકિત થાય એવા શબ્દોનું ઉચ્ચારણ કરવું જોઈએ. વળી, દુઆ દ્વારા પોતે જે માગી રહ્યો છે તે વાજીબ હોવાની ખાતરી સાથે એવો વિશ્વાસ પણ હોવો જોઈએ કે જો તે પોતાના હિતમાં હશે તો અલ્લાહ તેને અવશ્ય પૂરી કરશે. દુઆ એવી રીતે કરવી જોઈએ જાણે પોતે અલ્લાહને જોઈ રહ્યો છે, એની હાજરીને મહેસૂસ કરી રહ્યો છે અને એવી આધ્યાત્મિક સપાટીએ ન પહોંચી શકે તો ઓછામાં ઓછો એટલો વિશ્વાસ, યકિન રાખે કે કોઈ દેખે યા ન દેખે. અલ્લાહતઆલા, ઈશ્વર, પ્રભુ, ગોડ તેને જોઈ રહ્યો છે.

– બાહ્ય અને આંતરિક વર્તનમાં વિરોધાભાસ હોય, કમાણીમાં હરામનું તત્ત્વ હોય, પહેરેલા કપડાં સ્વચ્છ હોય પણ હરામની કમાણીમાંથી બનાવેલાં હોય, દુઆ કે બંદગી માટેની જગ્યા પચાવી પાડેલી હોય અને સમય પણ બીજા કોઈનો હોય તેના સંજોગોમાં દુઆ કબૂલ થવાની આશા ઠગારી નીવડશે. એજ પ્રમાણે દુઆ માગનારે અલ્લાહ સમીપ અંતરની નિર્મળતા, શરીરની પવિત્રતા, નમ્રતા, એકાગ્રતા સાથે ધ્યાનમગ્ન થવું જોઈએ અને પોતાના તકલાદી જીવનની મર્યાદા સાથે અલ્લાહની વિશાળતાનો ખ્યાલ કરીને એની ઓળખનું સંપાદન કરી, વધુથી વધુ પ્રમાણમાં પ્રશંસા કરવી જોઈએ, ત્યાર બાદ પોતાની ઈચ્છાને રજૂ કરવી જોઈએ.

– દુઆની શરૂઆત અલ્લાહની તારિફ સાથે પયંગબર હઝરત્ મુહંમદ સલ્લલ્લાહો અલયહિ વસલામ તથા તેમના પવિત્ર વંશજો ઉપર દુરૂદ મોકલીને કરવી જોઈએ. દુરૂદ પણ એક પ્રકારની દુઆ છે. જેમાં ઋણ સ્વીકારની ભાવનાની અભિવ્યક્તિ છે. મોમીન માટે ફરજિયાત છે કે જેમના થકી આપણા સુધી દીનની નેઅમત (કૃપા) પહોંચી, એમના માટે શ્વાસોશ્વાસ ચાલતો રહે ત્યાં સુધી શુભેચ્છા પાઠવતા રહીએ.

– વ્હાલા વાચક બિરાદરો!

– વો દુઆ કૌનસી હૈ જો દિલ સે નીકળતે હી કબૂલ હો જાયે?

– એ દુઆ કઈ છે જેને અલ્લાહ કદી રદ્ કરતો નથી? હુકમે ઈલાહી, એ દુઆ પ્રસ્તુત લેખના આવતા અંકના બીજા અને અંતિમ ભાગમાં જાણીશું.

***

**સાપ્તાહિક સંદેશ**

– ઈસ્લામે જે હકીકતો બતાવી છે તેનું સમર્થન આજની નવી વૈજ્ઞાનિક શોધોએ કર્યું છે. ■

# બંધારણની નકલ હથેળીમાં રાખી શિવકુમારે સીએમપદના શપથ લીધા

## સિદ્ધરામૈયાના દીકરા અને અગાઉની સરકારના ૧૧ પ્રધાન નવી કૅબિનેટમાં

બેંગલૂરુઃ કર્ણાટક પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ ડી.કે. શિવકુમારે બુધવારે રાજ્યના મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા. રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે તેમને બેંગલુરુના લોકભવનમાં પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. શિવકુમારે બંધારણની નકલ હાથમાં રાખીને શપથ લીધા હતા. તેમની સાથે અન્ય ૧૩ નેતાઓએ પ્રધાનપદના શપથ લીધા હતા. કૉંગ્રેસ પાર્ટીએ વરિષ્ઠ પાર્ટી નેતા જી. પરમેશ્વરને નાયબ મુખ્યપ્રધાન બનાવ્યા હતા.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સિધ્ધરામૈયા સહિત ઘણા વરિષ્ઠ નેતાઓ શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા હતા.

કર્ણાટકમાં ડી. કે. શિવકુમારના નેતૃત્વ હેઠળના પ્રધાનમંડળમાં સામેલ કરવામાં આવેલા ૧૩ પ્રધાનોમાંથી ૧૧ રાજ્યની અગાઉની સિદ્ધરામૈયા સરકારનો ભાગ હતા. સિદ્ધરામૈયાના પુત્ર અને એમએલસી યતિન્દ્ર પણ પ્રધાન મંડળમાં જોડાયા છે. જો કે પ્રધાન મંડળની રચનાના પ્રથમ તબક્કામાં કોઇ મહિલા પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવ્યો નથી. શિવકુમારના પ્રધાન મંડળમાં વિધાનસભા અધ્યક્ષ પદેથી રાજીનામું આપનારા યતિન્દ્ર અને યુ. ટી. ખાદેર જ માત્ર બે નવા ચહેરા છે. બાકીના તમામ સિદ્ધરામૈયા પ્રધાનમંડળનો ભાગ હતા. શપથ ગ્રહણ કરનારા વરિષ્ઠ દલિત ધારાસભ્ય જી. પરમેશ્વર હવે નાયબ મુખ્ય પ્રધાન તરીકે નિયુક્ત થવા માટે તૈયાર છે. શપથ લેનારા અન્ય પ્રધાનોમાં કે. એચ. મુનિયપ્પા, કે. જે. જ્યોર્જ, એમ. બી. પાટિલ, રામાલિંગા રેડ્ડી, સતીશ જારકીહોલી, કૃષ્ણા બાયરેગોવડા, પ્રિયંક ખડગે, યુ. ટી. ખાદેર, ઇશ્વર ખંડ્રે, યતિન્દ્ર સિદ્ધરામૈયા, બાયરથી સુરેશ અને શરણ પ્રકાશ પાટિલનો સમાવેશ થાય છે.

શિવકુમારે બંધારણની એક કોપી હાથમાં લઈને સંત ''ગંગાધર અજ્જા'' ના નામે શપથ લીધા હતી. રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે શિવકુમાર, પરમેશ્વર અને અન્ય લોકોને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. નાયબ મુખ્યપ્રધાન બનેલા પરમેશ્વરે ડો. બી. આર. આંબેડકરના નામે શપથ લીધા હતા.

શિવકુમાર અને પરમેશ્વરની સાથે જે ધારાસભ્યોએ પ્રધાનપદના શપથ લીધા તેમાં કે. એચ. મુનિયપ્પા, કે. જે. જ્યોર્જ, એમ. બી. પાટિલ, રામલિંગા રેડ્ડી, સતીશ જારકીહોલી, કૃષ્ણ બાયરેગોવડા, પ્રિયંક ખડગે, યુ. ટી. ખાદર, ઈશ્વર ખંડ્રે, યતિન્દ્ર સિધ્ધરામૈયા, બાયરાથી સુરેશ અને શરણ પ્રકાશ પાટિલનો સમાવેશ થાય છે. ખાદર અને યતિન્દ્ર સિવાય બાકીના બધા અગાઉની સિધ્ધરામૈયા સરકારમાં પ્રધાન હતા.

ખાદર કર્ણાટક વિધાનસભાના સ્પીકર રહી ચૂક્યા હતા અને વિધાનસભા પરિષદના સભ્ય યતિન્દ્ર સિધ્ધરામૈયાના પુત્ર છે.

નોંધનીય છે કે ૨૮, મેના રોજ સિધ્ધરામૈયાએ મુખ્યપ્રધાન પદેથી રાજીનામું આપ્યા બાદ ૬૪ વર્ષીય નેતા શિવકુમારને ૩૦ મેના રોજ કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. શિવકુમારે સિધ્ધરામૈયાના શાસનકાળમાં નાયબ મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી.

# એચ-વનબી વિઝા માટે બે લાખથી વધુ લોકોએ એક લાખ ડૉલર ચૂકવ્યા

વૉશિંગ્ટનઃ નાણાકીય વર્ષ ૨૦૨૬માં અમેરિકામાં કામ કરવા માટે બે લાખથી વધુ અરજદારોએ તેમના એચ-વનબી વિઝા માટે એક લાખ ડોલર ચૂકવવાનું પસંદ કર્યું હતું, એમ હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટ (ડીએચએસ)ના સેક્રેટરી માર્કવેન મુલિને અહીં જણાવ્યું હતું.સેનેટ એપ્રોપ્રિએશન્સ સબકમિટી સમક્ષ જુબાની આપતા, મુલિને દેશના ગ્રામીણ ભાગોમાં ડોકટરોની અછત અંગે સેનેટર સુસાન કોલિન્સના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે અમારી પાસે એચ-૧વનબી વિઝા માટે દર વર્ષે ૨,૮૬૦૦૦ અરજદાર હતા, જેમાંથી, ૨૦૦,૦૦૦થી વધુ લોકોએ એક લાખ ડોલર ચૂકવ્યા હતા જેથી તેઓ આવી શકે કારણ કે તે અમને તેમની પ્રક્રિયા થોડી ઝડપી રીતે કરવાની મંજૂરી આપે છે.મુલિને જણાવ્યું હતું કે એક લાખ ડોલર ચૂકવતા અરજદારોના કાગળો પર લગભગ ૧૫ દિવસમાં પ્રક્રિયા થાય છે અને અન્ય અરજીઓ પર પ્રક્રિયા કરવામાં લગભગ ૭.૫ મહિના લાગે છે.કોલિન્સે પેટા સમિતિને જણાવ્યું હતું કે ઉત્તરી મૈનેના ગ્રામીણ સમુદાય, પ્રેસ્ક આઇલની એક હોસ્પિટલે તાજેતરમાં વિદેશથી ખૂબ જ જરૂરી સર્જન મેળવવા માટે ફી ચૂકવવી પડી હતી.

તેમણે કહ્યું કે દૂરના વિસ્તારોમાં સેવા આપતા તબીબી સેવા પ્રદાતાઓ સાથે મોટા ઘરેલુ મજૂર પૂલ ધરાવતા ક્ષેત્રોમાં ઉચ્ચ કુશળ કામદારોની ભરતી કરતા નોકરીદાતાઓ કરતા અલગ વર્તન કરવું જોઈએ.

જ્યારે કોઈ સમુદાય આંદોલન કરશે કે તબીબી વ્યાવસાયિક ઉપલબ્ધ નથી ત્યારે શું તમે આ ફીમાંથી તબીબી વ્યાવસાયિકો માટે મુક્તિ આપવાનું વિચારશો? એમ કોલિન્સે પૂછ્યું હતું.

મુલિને સેનેટરને ખાતરી આપી હતી કે તેઓ કેસ-દર-કેસ આધારે આવી અરજીઓ પર થોડી સુગમતા સાથે કાર્યવાહી કરી શકાય છે કે કેમ તે અંગે શક્ય ઉકેલો જોશે. અલાસ્કાના રિપબ્લિકન સેનેટર લિસા મુર્કોવસ્કીએ તેમના રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં જિલ્લાઓની શાળામાં શિક્ષકોની અછત અંગે ચિંતા વ્યક્ત કરી હતી. મુર્કોવસ્કીએ મુલિનને કહ્યું હતું કે શિક્ષકો માટે એચ-૧વનબી વિઝાના સંદર્ભમાં મેં અગાઉ ઉઠાવેલા મુદ્દા અંગે હું તમારી સાથે ફોલોઅપ કરીશ.

# યુક્રેને સેન્ટ પીટર્સબગ ઑઈલ ટર્મિનલ પર હુમલો કર્યો

કિવઃ યુક્રેનના લાંબા અંતરના ડ્રો સેન્ટ પિટર્સબર્ગના તેલના ટર્મિનલ પર ત્રાટક્યા હતા અને એમાં આગ લાગી હતી. એવી માહિતી યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સકીએ આપી હતી. રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતીનનો જ્યાં જન્મ થયો હતો એ શહેરમાં યુક્રેન ત્રાટક્યું હતું. આ શહેરમાં એન્યુઅલ ઈકોનોમિક ફોરમ યોજાવાની છે. ડ્રોને ૧,૦૦૦ કિલોમીટર ઉડાણ કરીને ટર્મિનલ પર હુમલો કર્યો હતો. રશિયાએ પણ હુમલાને સમર્થન આપતાં કહ્યું હતું કે યુક્રેનના ડ્રોને શહેરના ઈન્ફ્રાસ્ટ્રકચર પર હુમલો કર્યો હતો. ઍરપોર્ટની ફલાઈટ સ્થગિત કરવામાં આવી હતી. સત્તાવાળાઓએ મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ કાપી નાખી હતી. (એજન્સી)

# અમેરિકા ટૂંકમાં જ રશિયા પાસેથી ભારતની તેલ ખરીદી પર બંધી લાદશે

નવી દિલ્હીઃ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું છે કે અમેરિકા રશિયન તેલ (ક્રૂડ ઓઇલ) પર આપવામાં આવેલી છૂટછાટોને વહેલામાં વહેલી તકે ખતમ કરશે. તેમણે કહ્યું કે આ બાબતે આખરી નિર્ણય અમેરિકાના નાણાં મંત્રાલયે લેવાનો છે.

રુબિયોએ વધુમાં જણાવ્યું કે આ છૂટછાટ ચાલુ રાખવી કે નહીં, તે વૈશ્વિક ઊર્જા વેપારની વર્તમાન પરિસ્થિતિઓ અને અમેરિકાની વ્યાપક નીતિઓ પર આધાર રાખે છે.

માર્કો રુબિયોના આ નિવેદનને કારણે વૈશ્વિક સ્તરે પહેલેથી જ વધેલી તેલની કિંમતો વચ્ચે ચિંતા વધુ વધી ગઈ છે. જો રશિયન તેલ પરની છૂટછાટો બંધ થશે, તો તેની અસર ભારત પર પણ જોવા મળી શકે છે.

રશિયા પાસેથી મળતું ક્રૂડ ઓઇલ ભારતમાં મોંઘવારીથી બચવા માટેનું સૌથી મોટું હથિયાર (કવચ) છે. યુક્રેન યુદ્ધ પછી જ્યારે પશ્ચિમી દેશોએ રશિયા સાથેના સંબંધો તોડી નાખ્યા, ત્યારે ભારતે તેનો ફાયદો ઉઠાવ્યો અને ઓછા ભાવે તેલ ખરીદવાનું ચાલુ રાખ્યું. ભારતે ખરીદી વધારી દીધી અને રશિયાએ પણ સારું ડિસ્કાઉન્ટ આપ્યું. રશિયાના તેલની અર્થવ્યવસ્થા એટલી ફાયદાકારક હતી કે તેને નજરઅંદાજ કરી શકાય તેમ નહોતી.

રશિયન ક્રૂડ ઓઇલ સસ્તું હતું અને માલસામાન લાવવા-લઇ જવાનો રસ્તો પણ અનુકૂળ હતો. આના કારણે ઓઇલ રિફાઇનરીઓએ સારો નફો કમાયો.

સમય જતાં, રશિયા ભારતને ક્રૂડ ઓઇલ સપ્લાય કરનારો સૌથી મોટો દેશ બની ગયો. ત્યારબાદ ઇરાન યુદ્ધ થયું. જેમ-જેમ પર્શિયન ગલ્ફ (ફારસની ખાડી) અને હોર્મુઝ સ્ટ્રેટ (હોર્મુઝની સામુદ્રધુની) આસપાસ તણાવ વધ્યો, તેમ-તેમ વૈશ્વિક તેલ બજારની સ્થિતિ વધુ કડક અને મુશ્કેલ બનતી ગઈ. એવી ચિંતા વધી ગઈ કે સઉદી અરેબિયા, ઇરાક, કુવૈત અને યુએઈ તરફથી થતી સપ્લાય અટકી શકે છે.

બરાબર એ જ સમયે અમેરિકાએ નિયમોમાં થોડી ઢીલ આપીને પ્રતિબંધોમાંથી અસ્થાયી (થોડા સમય માટે) છૂટછાટ આપી. આ છૂટને કારણે દેશો કોઈપણ તાત્કાલિક દંડ વિના, રશિયાથી પહેલાથી જ રવાના થઈ ચૂકેલા ક્રૂડ ઓઇલના જહાજો ખરીદવાનું ચાલુ રાખી શકતા હતા. ભારતે આ છૂટછાટનો સમયગાળો વધારવા માટે ખૂબ ભાર મૂક્યો હતો અને ઇન્ડોનેશિયાએ પણ એવું જ કર્યું હતું.

અમેરિકી વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ જણાવ્યું છે કે અમેરિકા આ છૂટછાટને ખતમ કરશે. જ્યારે આ છૂટછાટ બંધ થઈ જશે, ત્યારે ભારતને મળતા તેલની આખી કહાની પણ બદલાઈ શકે છે. ભારત માટે સૌથી મોટી સમસ્યા બીજા દેશો પરની નિર્ભરતા છે.

ભારત પોતાની ક્રૂડ ઓઇલની જરૂરિયાતોના ૮૫ ટકાથી વધુ ભાગ આયાત (બીજા દેશોમાંથી ખરીદી) કરે છે. આવી સ્થિતિમાં તેલના ભાવમાં થતો કોઈપણ સતત વધારો સીધો જ મોંઘવારી, સરકારી તિજોરી, ઘરના બજેટ અને દેશના આર્થિક વિકાસ (ઇકોનોમિક ગ્રોથ) પર અસર કરે છે.

# અમદાવાદ સહિત રાજ્યભરમાં તાપમાનનો પારો ગગડ્યો, ૧૪ તાલુકામાં સામાન્ય વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ત્રણ દિવસથી ઠેર ઠેર વરસાદ વરસ્યો હતો, જેને કારણે ગરમીનું પ્રમાણ ઓછું થયું છે અને લોકોને થોડી રાહત મળી છે. રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદની આગાહી પણ છે, પરંતુ મંગળ અને બુધવારે અમુક જિલ્લામાં સામાન્ય વરસાદ નોંધાયો હતો.

અમદાવાદમાં છેલ્લા લગભગ દોઢેક મહિનાથી ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી નીચે ઊતર્યો ન હતો, જે બુધવારે ૩૭ ડિગ્રી નોંધાયો હતો. અમદાવાદ ઉપરાંત સતત ધખધખતા રહેતા અમરેલીમાં પણ ગરમીનો પારો નીચે ઊતરી ૩૯ ડિગ્રી નોંધાયો હતો. જોકે રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી જ નોંધાઈ હતી. વડોદરામાં પણ ગરમીમાં થોડી રાહત રહી હતી અને પારો ૩૬ ડિગ્રી નોંધાયો હતો.

સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર (એસઈઓસી)ના આંકડા અનુસાર સુરેન્દ્રનગરના સાયલામાં ૧.૨ ઇંચ અને મહિસાગરના કડાણામાં ૧.૨ ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત દાહોદ, બનાસકાંઠા, પંચમહાલ અને બોટાદના અમુક તાલુકામાં વરસાદ પડ્યો હતો.

દરમિયાન શહેરીજનોને આકરા તાપથી છુટકારો મળ્યો છે, પરંતુ અકળામણ અને બફારો અસહ્ય બની ગયો છે. આ સાથે બદલાતા વાતાવરણને કારણે બીમારીનું પ્રમાણ પણ વધી રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ઓપરેશન ડેલ્ટા હન્ટ અંતર્ગત ગુજરાતમાં ગેરકાયદે રહેતા ૩૬૨ બાંગ્લાદેશીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસ દ્વારા 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત ૩૬૨ ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીની ધરપકડ તથા ૭૮૨થી વધુ શંકાસ્પદની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે.

ઓપરેશન સંદર્ભે વધુ વિગતો આપતા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ અંતર્ગત રાજ્યની સરહદો ઓળંગી ગેરકાયદે આશરો લઈ રહેલા બાંગ્લાદેશી નાગરિકો અને ઘૂસણખોરો વિરુદ્ધ કડક કાર્યવાહી શરુ કરવામાં આવી છે. રાજ્યની સુરક્ષા સાથે ચેડાં કરનારા દરેક ઘૂસણખોરને ગુજરાતના ખૂણે-ખૂણેથી શોધી કાઢી, તેમના પર કાયદાનો સકંજો કસી તેમને બાંગ્લાદેશ મોકલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ ઓપરેશન હેઠળ અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી કુલ ૩૬૨ ગેરકાયદે બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં ૧૦૩ પુરુષ, ૧૮૮ મહિલા અને ૭૧ બાળકોનો સમાવેશ થાય છે. ઓપરેશન અંતર્ગત રાજ્યમાં સૌથી વધુ ૧૫૫ બાંગ્લાદેશી નાગરિક અમદાવાદ શહેરમાંથી પકડાયા છે. આ ઉપરાંત સુરત શહેરમાંથી ૮૪, અમદાવાદ ગ્રામ્યમાંથી ૩૪, પૂર્વ કચ્છ-ગાંધીધામથી ૧૩ અને ભરૂચમાંથી ૧૨ સહિત વિવિધ વિસ્તારોમાંથી અવૈધ રહેતા બાંગ્લાદેશી નાગરિકો પકડાયા છે. આ ઝુંબેશ દરમિયાન મોટી સંખ્યામાં, એટલે કે ૭૮૨થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકો પણ મળી આવ્યા છે, જેમની હાલ સઘન પૂછપરછ અને તપાસ ચાલી રહી છે.

સંઘવીએ જણાવ્યું હતું કે ટેક્નોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગુજરાત પોલીસની ફિલ્ડ યુનિટ્સ માત્ર આ વ્યક્તિઓની જ નહીં, પરંતુ તેમને ગેરકાયદે સિમ કાર્ડ, આશ્રય, નોકરી અથવા નકલી આધાર કાર્ડ અને વોટર આઈડી જેવા ખોટા દસ્તાવેજો પૂરા પાડનાર સ્થાનિક એજન્ટો અને ફેસિલિટેટર્સની પણ ઓળખ કરી રહી છે. ઘૂસણખોરોની મદદ કરનારને પણ બક્ષવામાં આવશે નહીં. પકડાયેલા તમામ ગેરકાયદે નાગરિકોને નિયમાનુસાર ડીટેન કરવામાં આવ્યા છે અને તેમને દેશની બહાર ડીપોર્ટ કરવા માટેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

શહેરોમાં રેડ ચાલુ થવાની સાથે જ સંભવિત ઘૂસણખોરો રાજ્ય બહાર ભાગી ન જાય તે માટે તમામ બસ સ્ટેશનો, હાઈવે અને રેલવે સ્ટેશનો પર તાત્કાલિક અસરથી કડક નાકાબંધી ગોઠવી દેવામાં આવી હતી. આ વ્યૂહાત્મક નાકાબંધીના કારણે રેડ દરમિયાન ભાગવાની કોશિશ કરી રહેલા અન્ય ૧૮ જેટલા શંકાસ્પદ વ્યક્તિઓને પણ નાકાબંધીના સ્થળેથી જ ઝડપી પાડવામાં પોલીસને મોટી સફળતા મળી છે. ■

# વડા પ્રધાનના હસ્તે થશે જીઆઈડીસી અને રાષ્ટ્રીય ધોરીમાર્ગના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૫ જૂન, ૨૦૨૬ના રોજ ગુજરાતની મુલાકાતે આવશે. આ દરમિયાન તેઓ સુરત ખાતેથી ભારત સરકાર અને ગુજરાત સરકારના મળીને કુલ ₹૧૮,૭૭૭ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે, તેવી માહિતી રાજ્ય સરકારે અખબારી યાદી દ્વારા આપી હતી. દક્ષિણ ગુજરાત પ્રદેશના વિકાસને વેગ આપતાં આ વિકાસકાર્યોમાં જીઆઈડીસી (ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ) હેઠળ ₹૧૦૬૩.૪૩ કરોડના ખર્ચે ૮ પ્રોજેક્ટ્સના લોકાર્પણનો સમાવેશ થાય છે. આ અંતર્ગત ભરૂચને ₹૮૯૪ કરોડથી વધુના અને વલસાડને ₹૧૬૯.૩ કરોડના પ્રોજેક્ટ્સની ભેટ મળવા જઈ રહી છે.

આ સાથે દક્ષિણ ગુજરાત વિસ્તારને ૧૨,૪૨૧ કરોડના રાષ્ટ્રીય ધોરીમાર્ગના પ્રકલ્પો પણ મળશે. વડા પ્રધાનના હસ્તે વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેના બે પેકેજનું લોકાર્પણ કરવામાં આવશે તેમજ અન્ય ચાર મહત્ત્વપૂર્ણ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. રાષ્ટ્રીય ધોરીમાર્ગના આ પ્રકલ્પોથી દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં કનેક્ટિવિટીમાં વધારો થશે તેમજ સ્થાનિક આર્થિક વિકાસને પણ વેગ મળશે.

વડા પ્રધાનના હસ્તે વડોદરા મુંબઈ એક્સપ્રેસવે પર ૩૬ કિલોમીટર લાંબા કીમ-એના સેક્શન અને ૨૭.૫૦ કિલોમીટર લંબાઇના ગણદેવીથી એના સેક્શનનું લોકાર્પણ કરવામાં આવશે. ₹ ૭૬૮૯ કરોડના ખર્ચે આ બન્ને પેકેજનું નિર્માણ કરવામાં આવ્યું છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર આ બે પેકેજ શરૂ થવાથી આગામી સમયમાં માલસામાનની અવરજવર વધુ ઝડપી બનશે અને ભારતમાલા પરિયોજનાના લક્ષ્ય અનુસાર સ્થાનિક ઉદ્યોગો માટે લોજિસ્ટિક્સનો ખર્ચો ઘટાડવામાં મદદ મળશે. આ સાથે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૩ના હજીરા બંદર-સુરત વિભાગ પર લગભગ ₹૧૪૯ કરોડના બે મહત્ત્વપૂર્ણ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. ■

# નવસારીમાં રમતાં રમતાં કારમાં ઘૂસી ગયેલાં બે બાળકનાં કાર લોક થઈ જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારીના ધારાગીરી ગામમાં બે પિતરાઈ ભાઈને કારમાં ગૂંગળાઈ જવાથી મોત નિપજ્યાની કરુણ ઘટના પ્રકાશમાં આવી હતી. અહીં પોતાના ઘર પાસે બાળકો રમી રહ્યા હતા અને રમતા રમતા કારમાં ઘુસી ગયા હતા, પરંતુ કારનો દરવાજા લોક થઈ જતા બાળકો ગૂંગળાઈ જવાતી મોતને ભેટતા સમગ્ર ગામમાં શોક વ્યાપી ગયો હતો.

મળતી માહિતી મુજબ, ધારાગીરી ગામમાં રહેતા જોગી પરિવારના બે માસૂમ બાળકો કૈરવ જોગી (ઉંમર વર્ષ ૪) અને અભિમન્યુ જોગી (ઉંમર વર્ષ ૩) ઘરની બહાર રમી રહ્યા હતા. તેઓ ઘરથી થોડે દૂર પડેલી એક જૂની કારમાં ગયા હતા અને કારનો દરવાજો લોક થઈ ગયો હતો. ખૂબ જ ગરમી અને ગૂંગળામણને લીધે તેઓ કારમાં જ બેભાન જેવી હાલતમાં પડ્યા હતા. અહીંથી પસાર થઈ રહેલી એક મહિલાએ આ બન્નેને કારમાં જોતા બૂમાબૂમ કરી મૂકી હતી અને આસપાસના લોકો તેમ જ બાળકોનો પરિવાર આવી ચડ્યો હતો. ગમે તેમ કારમાંથી બાળકોને કાઢી હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ડૉક્ટરની ટીમે તેમને મૃત જાહેર કર્યા હતા. મળતી માહિતી અનુસાર બાળકો પિતરાઈ ભાઈ હોવાનું જાણવા મળ્યું છે. પરિવારના બે ભૂલકા આ રીતે મોતને ભેટતા સમગ્ર માહોલ શોકમય બની ગયો હતો. પોલીસે ઘટનાસ્થળની તપાસ શરૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદના સોલામાં દૂષિત પાણીના કારણે ૭૦૦ લોકો બીમાર પડતાં તંત્ર દોડતું થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં કાળઝાળ ગરમી અને ગંદા પાણીના કારણે પાણીજન્ય રોગચાળો વધ્યો છે. શહેરના સોલા રોડની આકાંક્ષા સોસાયટી, વંદેમાતરમ એપાર્ટમેન્ટ સહિત પાંચ જેટલા એપાર્ટમેન્ટના એક જ સાથે અંદાજે ૭૦૦ લોકો બીમાર પડી જતા મનપા તંત્ર દોડતું થયું હતું. આ વિસ્તારમાં પીવાના પાણીની લાઈન અને ગટર લાઈન મિક્સ થવાના કારણે દૂષિત પાણીની સપ્લાય થઈ રહી હતી. આ લોકો છેલ્લા ત્રણ દિવસથી ઝાડા-ઊલટી સહિતની તકલીફોથી પીડાઈ રહ્યા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે. શહેરના સોલા રોડની આકાંક્ષા સોસાયટી, વંદેમાતરમ એપાર્ટમેન્ટ સહિત પાંચ જેટલા એપાર્ટમેન્ટના સેંકડો રહીશો તંત્રની બેદરકારીનો ભોગ બન્યા હતા. ડ્રેનેજની લાઈન પીવાના પાણીની લાઈન સાથે મિક્સ થઈ જતા ૭૦૦ લોકો બીમાર પડ્યા હતા. જોકે, હાલ તો એએમસીની ટીમો લોકોની તપાસ કરી રહી છે. આ કારણે ૭૦૦ જેટલા માણસોને અસર થઇ છે. આ ઉપરાંત ૫૦થી વધુ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રોગચાળાની માહિતી મળતા જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી)ની મેડિકલ ટીમ તાત્કાલિક આકાંક્ષા એપાર્ટમેન્ટ ખાતે પહોંચી હતી. ટીમ દ્વારા રહેવાસીઓના આરોગ્યની તપાસ, જરૂરી સારવાર અને પાણીના નમૂનાઓ એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આકાંક્ષા એપાર્ટમેન્ટમાં કુલ ૩૮૬ મકાનો આવેલાં છે અને મોટી સંખ્યામાં લોકો રોગચાળાની ઝપેટમાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. ખાસ કરીને નાનાં બાળકોમાં પણ બીમારીનાં લક્ષણો જોવા મળતા માતા-પિતામાં ચિંતા વધી છે. આરોગ્ય વિભાગ અને મનપાની ટીમ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. રોગચાળાનું ચોક્કસ કારણ જાણવા માટે પાણીના નમૂનાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે, જો કે સ્થાનિકો તાત્કાલિક અને કાયમી ઉકેલની માગ કરી રહ્યા છે. ■

# દીપડાનું ચામડું વેચતા બે શખસ ઝડપાયા, વોટ્સએપ ગ્રૂપમાં આપેલી જાહેરાતથી ભાંડો ફૂટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પર્યાવરણની જાળવણી માટે એક તરફ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે સુરતનાં ઝાંપાબજાર વિસ્તારમાંથી દીપડાની ચામડા સાથે બે વ્યક્તિઓ ઝડપાયા હતા. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઈ) દ્વારા સુરતના ઝાંપાબજાર વિસ્તારમાં રહેતા અબ્બાસ સબ્બીર બદરી અને હુસેન હુનેદ મોઈનીને શહેરની એક હોટલમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન દીપડાનું ચામડું મળી આવ્યું હતું.

મળતી વિગત પ્રમાણે, બદ્રી અબ્બાસ નામના એક વ્યક્તિએ વોટ્સએપ ગ્રૂપમાં દીપડાના અસલી ચામડાના ફોટા મૂકીને તેને વેચવાની જાહેરાત કરી હતી. સોશ્યલ મીડિયા પર નજર રાખતી ડીઆરઆઈની ટીમની નજરમાં આ વાત આવી હતી. જે બાદ અધિકારીઓએ ગ્રાહક બનીને બદ્રીનો સંપર્ક કર્યો હતો. કોઈને શંકા ન જાય તે રીતે વાતચીત કરીને છેવટે દીપડાના ચામડાની કિંમત ₹૧ કરોડ નક્કી કરવામાં આવી હતી. સુરતના હોટેલ અલંકારમાં અધિકારીઓ સોદો કરવા ગયા હતા અને બદ્રી તેમ જ ટ્રોલી બેગમાં લાવવામાં આવેલું દીપડાનું ચામડું પકડી પાડ્યું હતું.

વન વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, દીપડાનું ચામડું જોતા બે મહિનાની અંદર દીપડાનો શિકાર કરવામાં આવ્યો હોઈ શકે છે. ઉપરાંત ચામડાની સપાટી પર ગોળી વાગ્યાના નિશાન પણ મળી આવ્યાં હતાં. આ ઉપરાંત જે રીતે ચામડાનું કટિંગ કરવામાં આવ્યું છે તે જોતાં પ્રોફેશનલ વ્યક્તિ જ આ કરી શકે તેવું લાગી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા ગુજરાતના વન વિભાગે કીડીખાઉંની તસ્કરીનો પર્દાફાશ કર્યો હતો. ■

## સ્પોર્ટ્સ

જામનગરનો જબરો ક્રિકેટ-ફૅન

# આરસીબી જીતી એટલે ૨૦ કિલોની સાંકળ વીંટીને પગપાળા સોમનાથની જાત્રાએ નીકળ્યો



જામનગરઃ રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ની ટીમ ૨૦૨૪ની સાલ સુધી (૧૭ વર્ષના આઇપીએલના ઇતિહાસમાં) એકેય ટાઇટલ નહોતી જીતી, પણ ૨૦૨૫માં પહેલી વખત અને હવે ૨૦૨૬માં સતત બીજી વખત ટ્રોફી જીતીને એના કરોડો ચાહકો માટે ચમત્કાર સર્જી દીધો છે ત્યારે એના અસંખ્ય ચાહકોમાં જામનગરના ડાઇ-હાર્ડ ફૅનની વાત કંઈક નોખી જ છે. વિરાટના વીરો જીતે એ માટે ૨૦ કિલોની સાંકળ શરીરે વિંટાળી સોમનાથ સુધી પગપાળા યાત્રાની માનતા માની હતી.

વીરેન્દ્રસિંહ રાઠોડે આ બાધા પૂરી કરવા અનોખી યાત્રા શરૂ કરી છે. આરસીબીનો કૅપ્ટન રજત પાટીદાર ટી-૨૦ના સૌથી મોટા આ રમતોત્સવનું બૅક-ટુ-બૅક ટાઇટલ જીતીને બે આઇપીએલ-લેજન્ડ રોહિત શર્મા અને એમએસ ધોનીની બરાબરીમાં આવી ગયો છે. વીરેન્દ્રભાઈ વિરાટ કોહલીના જબરા ફૅન છે અને યોગાનુયોગ વિરાટ જ રવિવારે અણનમ ૭૫ રન બદલ મૅન ઑફ ધ ફાઇનલ બન્યો હતો. આરસીબી જીતી એટલે વીરેન્દ્રભાઈએ ૨૦ કિલો વજનની લોખંડની સાંકળ શરીર પર કસીને બાંધી અને પછી પગપાળા સોમનાથ મહાદેવ સુધીના પ્રવાસે જવા રવાના થયા હતા.

વીરેન્દ્રભાઈ લાલપુર તાલુકાના ઝાખર ગામના રહેવાસી છે. રવિવારે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ (જીટી) સામે વન-સાઇડેડ જેવી ફાઇનલમાં પાંચ વિકેટે વિજય મેળવ્યો ત્યારે વીરેન્દ્રભાઈની ખુશીનો પાર નહોતો. તેમણે આ ઐતિહાસિક જીતની ખુશીમાં શ્રદ્ધા વ્યક્ત કરી હતી અને એ પૂરી કરવા મક્કમ હતા.

આરસીબીના આ અનોખા ચાહકે ટીમની પૅટર્નવાળી જર્સી પહેરી અને પછી એના પર વજનદાર સાંકળ વીંટી દીધી. કહેવાય છેને કે 'કોઈની જીત માટે અન્ય કોઈની પ્રાર્થના કે બંદગી પણ કોઈને કોઈ રીતે કામ કરી જતી હોય છે.' આરસીબીના કરોડો ચાહકો છે અને એમાં વીરેન્દ્રભાઈનો આ માનતાનો કિસ્સો અજબ છે. ■

# એક બિહારી સબ પે ભારી

▶ વિરાટે વૈભવને શું કહ્યું એ છેવટે આરસીબીએ જાહેર કરી જ દીધું



અમદાવાદઃ રવિવારે અહીં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બેંગ્લૂરુએ ગુજરાતને ફાઇનલમાં પાંચ વિકેટે હરાવીને સતત બીજી સીઝનમાં ટ્રોફી જીતી લીધી ત્યાર બાદ આરસીબીના અભૂતપૂર્વ સેલિબ્રેશન દરમ્યાન મેદાન પર આ વખતની સીઝનનો હાઇએસ્ટ રનમેકર રાજસ્થાન રૉયલ્સનો વૈભવ સૂર્યવંશી તેના આદર્શ અને ફાઇનલના સુપરસ્ટાર વિરાટ કોહલીને મળવા આવ્યો ત્યારે વિરાટે તેની સાથે શું વાતચીત કરી એ આરસીબીએ છેવટે જાહેર કર્યું હોવાનું એક અહેવાલમાં જણાવાયું છે.

ફાઇનલ પછીના ઇનામ વિતરણ સમારોહમાં વૈભવ હાજર રહ્યો હતો. તેને મૅન ઑફ ધ ટૂર્નામેન્ટ, મોસ્ટ વૅલ્યૂએબલ પ્લેયર, મોસ્ટ સિક્સીસ સહિત ઘણા પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

ઇનામ વિતરણ સમારોહ વખતે મેદાન પર ઘણા ખેલાડીઓએ એકમેકને મળીને વાતચીત કરી હતી, પરંતુ વિરાટે વૈભવના ખભા પર હાથ મૂકીને તેને શું સલાહ આપી એ જાણવાની ઘણાને આતુરતા હશે.

વિરાટે ત્યારે વૈભવને સલાહ આપતાં કહ્યું, 'યહાં સે ઉપર જાના હૈ. જો હુઆ હૈ વો અચ્છી મહેનત ઔર બિલીફ કી વજહ સે હુઆ. કૌન ક્યા બોલ રહા હૈ, કૈસે બોલ રહા હૈ...એક બિહારી સબ પે ભારી. ખતમ ગેમ.' ■

# આજથી અમદાવાદમાં સૌપ્રથમ વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપ

▶ ૬૦ દેશના ૪૦૦થી વધુ ઍથ્લીટો ભાગ લેશે

અમદાવાદઃ અહીં આજે સૌપ્રથમ વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂવાયસી) શરૂ થઈ રહી છે જેમાં ૬૦ દેશના કુલ ૪૦૦ કરતાં પણ વધુ ઍથ્લીટો ભાગ લેશે. એમાં ભારતના ૧૨૨ ઍથ્લીટનો સમાવેશ છે.

ડબ્લ્યૂવાયસી-૨૦૨૬માં ભારત ઉપરાંત અમેરિકા, ઘાના, કેન્યા, મલયેશિયા, શ્રીલંકા તથા ઉઝબેકિસ્તાન વગેરે દેશોના ઍથ્લીટો મેડલ જીતવા માટેની હરીફાઈમાં ઝુકાવશે. ભારતની આ પ્રાચીન વિદ્યા ઘણા દાયકાઓથી વિશ્વભરમાં પ્રચલિત છે, પરંતુ એની વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપ પહેલી જ વખત યોજાઈ રહી છે. હરીફાઈઓ ૧૪થી પંચાવન વર્ષ સુધીની અલગ-અલગ કૅટેગરીમાં યોજાશે.

ઇન્ડિવિજ્યૂઅલ અને આર્ટિસ્ટિક ઇવેન્ટમાં વિવિધ કૅટેગરીઓમાં વિજેતાઓને મેડલ અપાશે. પહેલી વખત ઇલેક્ટ્રૉનિક સ્કોરિંગ સિસ્ટમ દાખલ કરવામાં આવી રહી છે. ■

# વર્લ્ડ કપની પ્લેઇંગ-ઇલેવન અત્યારથી તૈયાર કરી લીધીઃ હરમન

લંડનઃ હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય મહિલા ટી-૨૦ ટીમ ઘણી અપેક્ષાઓ સાથે ઇંગ્લૅન્ડમાં આવી છે, પરંતુ યજમાન ટીમ સામે બીજી જૂને ભારતીય ટીમ ત્રણ મૅચની ટી-૨૦ શ્રેણીમાં ૧-૨થી પરાજિત થતાં ટીમના જુસ્સાને થોડી વિપરીત અસર થઈ જ હશે. જોકે કૅપ્ટન હરમનપ્રીત આ આંચકા છતાં વર્લ્ડ કપ માટે એકદમ સકારાત્મક અભિગમ ધરાવે છે અને તેણે ત્યાં સુધી કહી દીધું છે કે નવ દિવસ પછી શરૂ થનારા વિશ્વ કપ માટે ભારતે અત્યારથી જ પ્લેઇંગ-ઇલેવન નક્કી કરી રાખી છે.

ઇંગ્લૅન્ડમાં વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ શુક્રવાર, ૧૨મી જૂને શરૂ થશે અને એમાં ભારતની પ્રથમ મૅચ રવિવાર, ૧૪મી જૂને (સાંજે ૭.૦૦ વાગ્યાથી) પાકિસ્તાન સામે રમાવાની છે. આ ટૂર્નામેન્ટ પહેલાં આઠમી અને દસમી જૂને ભારતની વૉર્મ-અપ મૅચ અનુક્રમે વેસ્ટ ઇન્ડિઝ અને ઇંગ્લૅન્ડ સામે રમાશે. વર્લ્ડ કપમાં કુલ ૧૨ દેશ ભાગ લેશે.

સ્મૃતિ મંધાના ટીમની વાઇસ-કૅપ્ટન છે. બૅટિંગમાં ટીમ પાસે શેફાલી વર્મા, ભારતી ફુલમાલી, યાસ્તિકા ભાટિયા, રિચા ઘોષ અને જેમિમા પણ છે. બોલર્સમાં ક્રાંતિ ગૌડ, અરુંધતી રેડ્ડી, નંદની શર્મા, દીપ્તિ શર્મા, શ્રી ચરની, શ્રેયંકા પાટીલ, રાધા યાદવ અને રેણુકા સિંહ ઠાકુરનો સમાવેશ છે. ■

# ભારતીય મહિલા હૉકી ટીમ ૨૫-૦થી જીતી

કેકામિન્ગહરા (જાપાન): અહીં વિમેન્સ અન્ડર-૧૮ એશિયા કપ હૉકી ટૂર્નામેન્ટમાં ભારત સેમિ ફાઇનલમાં પહોંચી ગયું છે એમ છતાં સ્વીટી કુજુરના નેતૃત્વમાં ભારતીય ટીમે સનસનાટી મચાવતા અસાધારણ પર્ફોર્મન્સમાં મંગળવારે સિંગાપોરને ૨૫-૦થી પરાજિત કર્યું હતું. ભારતની ૧૧ ખેલાડીની ટીમમાં ગોલકીપર મહેક પરિહારને બાદ કરતા બાકીની તમામ ૧૦ ખેલાડીએ એક કે એક કરતાં વધુ ગોલ કર્યા હતા. સૌથી વધુ સાત ગોલ નૌશીન નાઝે કર્યા હતા. જોકે પાંચ ગોલ કરનાર ગીતશ્રી નમ્મીને પ્લેયર ઑફ મૅચનો પુરસ્કાર અપાયો હતો. કૅપ્ટન સ્વીટી કુજુરે ચાર ગોલ કર્યા હતા. પ્રિયંકા મિન્ઝે હૅટ-ટ્રિક ગોલથી હરીફ ટીમની ખેલાડીઓને ખૂબ માનસિક દબાણમાં લાવી દીધી હતી. દિયા, નૅન્સી સરોહા, શ્રુતિ કુમારી, પુષ્પા માંઝી, રશ્મીન કૌર અને સંદીપા કુમારીએ એક-એક ગોલ કર્યો હતો. ■

# વર્લ્ડ નંબર-વન સબાલેન્કા ક્વૉર્ટરની નવીસવી ખેલાડી સામે હારી

પૅરિસઃ ફ્રેન્ચ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં બેલારુસની વર્લ્ડ નંબર-વન અરીના સબાલેન્કા ક્વૉર્ટર ફાઇનલમાં ડાયેના સ્નાઇડર સામે ૬-૩, ૫-૭, ૦-૬થી પરાજય થયો હતો. રશિયાની સ્નાઇડર પહેલી જ વખત ગ્રૅન્ડ સ્લૅમની ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી અને એમાં તેણે ચાર ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર સબાલેન્કા જેવી ધરખમ ખેલાડીને હરાવીને સનસનાટી મચાવી દીધી છે.

૭પુરુષ વર્ગમાં લેજન્ડ નોવાક જૉકોવિચ અને વર્લ્ડ નંબર-વન યાનિક સિનર ટૂર્નામેન્ટની બહાર થઈ ગયા છે. જોકે ઝ્વેરેવ અને ફૉન્સેકા જેવા જાણીતા ખેલાડીઓ ચોથો રાઉન્ડ પાર કરી ચૂક્યા છે. કાર્લોસ અલ્કરાઝ ઈજાને લીધે નથી રમી રહ્યો. ■

# સૅન્ટનરનો ગંભીર આક્ષેપ: 'મુંબઈએ મને પૂરા પૈસા નથી આપ્યા'



નવી દિલ્હીઃ આઇપીએલ-૨૦૨૬માં ૧૪માંથી ૧૦ મૅચમાં પરાજિત થનાર મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ના ફ્રૅન્ચાઇઝી સામે કિવી કૅપ્ટન અને ઑલરાઉન્ડર મિચલ સૅન્ટનરે એવો દાવો કર્યો છે કે આ ફ્રૅન્ચાઇઝીએ તેને બે કરોડ રૂપિયાની ફીની માત્ર અડધી રકમ આપી છે.

સૅન્ટનરનું કહેવું છે કે બન્ને ખભામાં ઈજા થઈ હોવાથી તેણે અધવચ્ચેથી જ આઇપીએલ છોડી દેવી પડી હતી. જોકે તેના મતે નિયમ અનુસાર ઈજાગ્રસ્ત ખેલાડી પૂરી ફીનો હકદાર હોય છે.

લૉર્ડ્સમાં ચોથી જૂને ઇંગ્લૅન્ડ સામે શરૂ થનારી ન્યૂ ઝીલૅન્ડની પ્રથમ ટેસ્ટ પહેલાં એક પૉડકાસ્ટ પર સૅન્ટનરને આ વખતની આઇપીએલ દરમ્યાન થયેલી ઈજા વિશે સવાલ પૂછવામાં આવ્યો હતો. તે ઈજાનું બહાનું કાઢીને આઇપીએલ છોડી ગયો અને ન્યૂ ઝીલૅન્ડની ટેસ્ટ ટીમમાં જોડાઈ ગયો એવી વાતો સોશ્યલ મીડિયામાં ફેલાઈ છે. સૅન્ટનરે આ બન્ને મુદ્દે જવાબ આપતાં કહ્યું, 'મારા બીજા બાળકના જન્મને કારણે હું મુંબઈની પ્રથમ મૅચ નહોતો રમ્યો. ત્યાર બાદ હું સીધો ભારત પહોંચી ગયો અને દિલ્હી સામેની મૅચમાં રમ્યો હતો જેમાં મને જમણા ખભામાં ઈજા થઈ હતી અને પછીથી થોડા સમય બાદ ટૂર્નામેન્ટમાં વાપસી કર્યા પછી મને ડાબા ખભામાં ઈજા પહોંચી હતી.'

આઇપીએલના નિયમ મુજબ જો કોઈ ખેલાડી આઇપીએલની ટૂર્નામેન્ટ દરમ્યાન ઈજા પામે તો તેને ઑક્શનમાં નક્કી થયેલી પૂરી રકમ મળે એવી જોગવાઈ છે. જોકે બીસીસીઆઇનો એવો કોઈ નિયમ નથી કે ટૂર્નામેન્ટ પૂરી થતાં જ ખેલાડીને નક્કી થયેલી પૂરી ફી મળી જાય. આ ફી ક્યારેક બે-ત્રણ હપ્તામાં અપાતી હોય છે. બની શકે કે સૅન્ટનરને આ નિયમની જાણ નહીં હોય. ■

## મહારાષ્ટ્ર સ્ટેટ રેન્કિંગ કૅરમ ટૂર્નામેન્ટ




બોરીવલી વેસ્ટના મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા આયોજિત ૧૧મી મહારાષ્ટ્ર સ્ટેટ રેન્કિંગ કૅરમ ટૂર્નામેન્ટમાં પુરુષોના વિભાગમાં યોગેશ પરદેશી વિજેતા બન્યા હતા અને મોહમ્મદ ગુફરાન બીજા ક્રમે રહ્યા હતા. મહિલાઓના વિભાગમાં આકાંક્ષા કદમ વિજેતા અને સમૃદ્ધિ ઘડીગાંવકર બીજા સ્થાને રહ્યા હતા. કુલ ૩૫૦ જણે રાજ્ય સ્તરની આ પ્રચલિત કૅરમ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો.

# સંસ્થા સમાચાર

## શેઠશ્રી કે. બી. વીરા હાઈસ્કૂલના ૨૦૦૫-૨૦૦૬ના ૧૦મા ધોરણના વિદ્યાર્થીઓનું રિયુનિયન સફળતાપૂર્વક સંપન્ન




ડોંબિવલીની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠશ્રી કે. બી. વીરા હાઈસ્કૂલના વર્ષ ૨૦૦૫-૦૬ના બેચના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનું એક ભવ્ય રિયુનિયન તાજેતરમાં ૨૪ મી મે ૨૦૨૬ ના રોજ ડોંબિવલીના હોરાઈઝન હોલ ખાતે સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. વીસ વર્ષ બાદ યોજાયેલા આ રિયુનિયનમાં દેશ-વિદેશમાંથી આશરે ૨૧૫ જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર હાજરી આપીને પોતાની શાળાના દિવસોની યાદો તાજા કરી હતી. મા સરસ્વતીની વંદના અને દીપ પ્રાગટ્યથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વૈશાલી કારણીએ હોસ્ટ તરીકે વિવિધ રસપ્રદ રમતો રમાડીને સૌને બાળપણના દિવસોની યાદ અપાવી હતી. કાર્યક્રમમાં શાળાના ૧૦ જેટલા નિવૃત્ત અને સેવારત આદરણીય શિક્ષકોએ સરપ્રાઈઝ એન્ટ્રી આપીને પ્રેરણાદાયી હાજરી નોંધાવી હતી, જેમનું વિદ્યાર્થીઓ દ્વારા સન્માન ચિન્હ આપી ભાવભર્યું સન્માન કરાયું હતું.

સંસ્થાના આ ભવ્ય આયોજનને સફળ અને યાદગાર બનાવવામાં બેચના જ ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ સ્પોન્સરશિપ આપીને મહત્વનું યોગદાન આપ્યું હતું. કાર્યક્રમના ઉત્તરાર્ધમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સાથે મળીને ગરબાની રમઝટ માણી હતી અને ત્યારબાદ ડીજે નાઈટ્સના તાલે જૂના ગીતો પર સૌ ઝૂમ્યા હતા.

## લક્ષ્મીનારાયણ મંદિર, માધવબાગ



લક્ષ્મીનારાયણ મંદિર માધવબાગ ચેરિટીઝ દ્વારા બુધવારે પુરષોત્તમ માસના અઢારમાં દિવસે ઠાકોરજીને ફ્રૂટ (લીચી)નો હિંડોળાનો દિવ્ય અને મનોહર મનોરથના દર્શનનો લાભ વૈષ્ણવોને મળ્યો. વિવિધ પ્રકારના પત્તા અને લીચીનો સુંદર મનોરથના દર્શનનો લાભ વૈષ્ણવોને મળ્યો. સાથે સાથે ડોક્ટર પ્રાચી જરીવાલાએ ઓડિસી નૃત્ય પર અચ્યુતમ કેશવમ અને સુંદરકાંડ પર હનુમાનજી સીતામાતા ને ભગવાન રામે આપેલી અંગૂઠીનું તાદશ્ય દૃશ્ય ભજવ્યું. ગુરુવારે બેંગલોરી ફુલનો મનોરથ છે. સર્વને સાદર નિમંત્રણ છે.

# પહેલા પાનાનું ચાલુ

### બાળક સાથે

હતું કે, આગથી બચવા માટે પોતાના નાના બાળકને હાથમાં રાખીને માતા ત્રીજા માળેથી કૂદી ગઈ હતી. અંદર ફસાયેલા લોકોને બચાવવા માટે સ્થાનિક રહેવાસીઓએ જમીન પર ગાદલા પાથરી દીધા હતા. સાક્ષીઓએ જણાવ્યું હતું કે મહિલા બાળક સાથે એક ગાદલા પર પડી હતી અને તેને કેટલીક ઇજાઓ થઈ હશે. તેણીને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

### કુવૈત ઍરપોર્ટ

સાત સપ્ટેમ્બરના ‘લૅબર ડૅ’ સુધી હોર્મુઝ ખાડી સામાન્ય વેપારી જહાજોની અવરજવર માટે બંધ રહેવાનો ભય વ્યક્ત કર્યો હતો.

ટ્રમ્પે ઇરાન સાથેની શાંતિ પ્રક્રિયામાં ઇઝરાયલના હુમલા વિઘ્ન નાખી રહ્યા હોવાનું અને પોતાના દ્વારા ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામીન નેતન્યાહુને ફોન કરીને તેમને ‘ક્રૅઝી’ (અસ્થિર મગજના) કહ્યા હોવાની કબૂલાત કરી હતી.

તહેરાને કુવૈત પર અને ઇઝરાયલે બૈરુત પર હુમલા ચાલુ રાખ્યા હોવાથી અમેરિકા સાથેની શાંતિ મંત્રણા સામે જોખમ ઊભું થયું છે.

ઇઝરાયલે બીજા દિવસે દક્ષિણ બૈરુતના વ્યસ્ત ધોરીમાર્ગ પર હુમલો કર્યો હતો. હાઇવૅ પર કરાયેલો આ હુમલો કોઇ વ્યક્તિ કે સંગઠનને લક્ષ્ય બનાવીને કરાયો હતો કે નહિ, તે સ્પષ્ટ નથી કરાયું. (એજન્સી)

### ટીએમસીમાં

તૃણમૂલ કૉંગ્રેસનો સાચો વિધાનસભા પક્ષ હોવાનો દાવો કર્યો હતો.

સ્પીકરને મળ્યા બાદ ઋતબ્રત બેનરજીએ દાવો કર્યો હતો કે અસંતુષ્ટ છાવણી બે તૃતીયાંશ વિધાનસભ્યો ધરાવે છે. અમારા દાવાને સ્પીકરે સ્વીકાર્યો છે. ટીએમસી વિધાનસભા પક્ષ ૫૮ વિધાનસભ્યોની ટીમ છે જે ટીએમસીની નિશાની પર ચૂંટણી જીતી હતી. તેમણે દાવો કર્યો હતો કે બે વિધાનસભ્યો બહારગામ છે અને આ સભ્યોએ પણ અમને ટેકો જાહેર કર્યો છે. ઋતબ્રતે અખરુઝમાનને મુખ્ય દંડક બનાવ્યા છે, જ્યારે પીઢ વિધાનસભ્યો જાવેદ અહમદ ખાન, સાંદીપન સહા, સબીના યાસ્મીન અને શિઉલી સહાને નાયબ નેતા બનાવવામાં આવ્યાં છે. ઋતબ્રતે અભિષેક બેનરજી સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે બળવાખોર વિધાનસભ્યો અભિષેકની ભૂમિકાને સ્વીકારતા નથી. (એજન્સી)

### ભારત પર વધુ

લઇને છે. યુએસટીઆર જેમિસન ગ્રીરે એક નિવેદનમાં કહ્યું હતું કે બળજબરી મજૂરીથી કરાયેલી આયાતની બાબત હાથ ધરવામાં મોટા વેપાર ભાગીદારોને મળી નિષ્ફળતા અસ્વીકાર્ય છે. આને લીધે અમેરિકાના મજદૂરોને અસમાન પ્લેયિંગ ફિલ્ડમાં વૈશ્વિક હરીફાઈ કરવાની ફરજ પડે છે. અમે આ વિષમતાને સાંખી નહીં લઈએ. ભારતે બળજબરી મજૂરીના ક્લોઝ હેઠળના આક્ષેપને રદિયો આપ્યો છે. ભારતે અમેરિકાને તપાસનો અંત આણવાનું કહ્યું હતું કારણ કે આવી બાબત દ્વીપક્ષીય વેપાર વાટાઘાટોના માળખાની અંદર ચર્ચાવી જોઈએ.

### આગ વધવાના

**૩ ગેટ પર તાળું મારેલું**

માહિતી અનુસાર રેસ્ટોરાં નીચે બેઝમેન્ટમાં (ભોંયરામાં) જ ચલાવવામાં આવી રહી હતી. આના કારણે બહાર નીકળવાના રસ્તા પર આવેલા ચેનલ ગેટ પર તાળું મારેલું હતું.

**૪ એમ્બ્યુલન્સ મોડી પહોંચી**

અકસ્માતની જાણ થયાના આશરે ૧૦ મિનિટ પછી ફાયર ફાઈટર્સ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા, પરંતુ એમ્બ્યુલન્સ પહોંચવામાં વિલંબ થયો હતો.

**૫ રેસ્ટોરાંની પરમિશન જ નહોતી**

આ હોટલ બનાવવામાં એક વધુ ગંભીર બેદરકારી સામે આવી છે. હોટલ બનાવવામાં સ્થાનિક પ્રશાસન અને સંબંધિત અધિકારીઓ પાસેથી પરમિશન પણ લેવામાં નહોતી આવી.

**૬ નો વેન્ટિલેશન**

ઘટનાસ્થળ પર હાજર ૪૦ વર્ષના ગિરિરાજ પ્રજાપતિએ જણાવ્યું હતું કે ઈમારતમાં વેન્ટિલેશનનો અભાવ હતો, તેમને શંકા છે કે આસપાસની મોટાભાગની ઈમારતોની સ્થિતિ પણ આવી જ છે.

**૭ બારીઓ જ નહોતી**

બાંગ્લાદેશના ૨૬ વર્ષીય મિન્હાઝુલ હસન પોતાની માતાની સર્જરી માટે આ ઈમારતમાં રોકાયો હતો. ઇમારતમાં બારીઓ નહોતી, એટલે સુધી કે બાથરૂમમાં પણ બારીઓ નહોતી.

**૮ એક જ એન્ટ્રી-ઍક્ઝિટ ગૅટ**

ઇમારતમાં આવવા અને જવાનો ફક્ત એક જ ગેટ હતો જેના કારણે કદાચ લોકો અંદર જ ફસાઈ ગયા હોવાની સંભાવના છે.

**૯ ઈમારત ચારે બાજુથી બંધ**

ફાયર અધિકારીએ કહ્યું હતું કે ઇમારતને ચારે બાજુથી બંધ કરવામાં આવી હતી. એટલે સુધી કે સામેની તરફ પણ એક દીવાલ અને બારીઓ બંધ હતી.

### ઍરલાઈન્સને

સિક્સનાં વાહનો કે ઇલેક્ટ્રિક વાહનો અપનાવી શકે, તે માટે વિવિધ આર્થિક સહાય કરવાની જોગવાઇ ધરાવતી સ્કીમ પણ મંજૂર કરાઇ હતી. દેશની ઍરલાઇન્સ માટેની સ્કીમ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન, એમ બન્ને માટે લાગુ પડશે. તેમાં સરકારી માલિકીની તેલ માર્કેટિંગ કંપનીઓ દેશની ઍરલાઇન્સને ઓછા દરે વિમાનનું ઈંધણ આપી શકે, તે માટે તેઓને રૂપિયા ૧૦,૦૦૦ કરોડ વ્યાજ વિનાના ઍડવાન્સ રકમ તરીકે અપાશે.

### દિલ્હીની હૉટેલમાં

બૅઝમેન્ટમાં બંધાયા હતા, પરંતુ હૉટેલમાં આવવાનો અને બહાર જવાનો દરવાજો માત્ર એક જ હતો. દુર્ઘટનાની પહેલાં હૉટેલને અપાયેલા હોવાનું કહેવાતા ‘નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ’ની પણ તપાસ થઇ રહી છે. આ ઉપરાંત, આગના કારણ અંગે પણ તપાસ ચાલી રહી છે. દુર્ઘટનામાં મરનારા વિદેશીઓમાં મધ્ય એશિયા અને આફ્રિકાના દેશોનો લોકો વધારે હતા. તેઓમાંના મોટા ભાગના લોકોના સગાં નજીકમાં આવેલી મૅક્સ હૉસ્પિટલમાં સારવાર લઇ રહ્યા હોવાથી તેઓ આ હૉટેલમાં રોકાયા હતા. દુર્ઘટનાગ્રસ્ત હૉટેલ સાંકડી ગલીમાં આવેલી છે અને ત્યાં અનેક વાયર લટકતા હતા તેમ જ આસપાસ બહુ નજીક ઘણી ઇમારતો આવી છે. આગ લાગ્યા બાદ આકાશમાં બહુ ઊંચે સુધી જ્વાળા અને ધુમાડો દેખાતો હતો તેમ જ આસપાસ કાચના ટુકડા વિખેરાયેલા દેખાતા હતા. દિલ્હી અગ્નિશામક દળ, પોલીસ અને ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમે બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી હતી. લૅમન ગ્રીન રેસ્ટોરાંમાં શરૂઆતમાં આગ લાગી હતી અને બાદમાં તે આખી ઇમારતમાં ફેલાઇ હતી. આગ હૉટેલમાં બૅઝમેન્ટ, ભોંયતળિયું અને તેની ઉપર પાંચ માળ હતા. રેસ્ટોરાં ભોંયતળિયે આવેલી છે, જ્યારે બાકીની ઇમારતનો ઉપયોગ હૉટેલ તરીકે થતો હતો. બૅઝમેન્ટ લૉક કરેલો હતો અને તે ખોલતા જ ૨૦ મિનિટ કરતાં વધુ સમય લાગ્યો હતો. આગ ફેલાયા ત્યારે ત્યાં રહેતા ઘણા લોકોએ બારીના કાચ તોડ્યા હતા અને બચાવવા મદદ માગી હતી. રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. મોદીએ આ દુર્ઘટનામાં માર્યા ગયેલા દરેક લોકોના નજીકના સગાને રૂપિયા બે લાખ અને દાઝી ગયેલા કે ઘાયલ દરેક લોકોને રૂપિયા પચાસ હજાર વડા પ્રધાન રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી આપવાની જાહેરાત કરી હતી. (એજન્સી)

### નાનકડા ઘરમાં

ગિરિ અને ડૉ. જાધવ તરીકે થઈ હતી. ગિરિ બોગસ ડૉક્ટર હોવાનું તપાસમાં જણાયું હતું, જ્યારે જાધવ અંગે વધુ તપાસ પોલીસ કરી રહી છે. દૌંડ તાલુકાના કેડગાંવ પરિસરમાં આ રૅકેટ ગુપ્તપણે ચલાવાતું હતું. દૂરથી જોતાં અવાવરું ઘર હોવાનું લાગે, પરંતુ અંદર નાનકડું દવાખાનું ધમધમતું હતું. પોલીસ કે કોઈની સહેલાઈથી નજર ન પડે તે માટે પૉર્ટેબલ સોનોગ્રાફી મશીનનો ઉપયોગ કરવામાં આવતો હતો. ભ્રૂણપરીક્ષણ પછી ગર્ભપાતનો નિર્ણય લેવામાં આવતો હતો.

### વિધાનપરિષદ ચૂંટણીમાં

અંગે સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે. એકનાથ શિંદેએ અરજીઓ દાખલ કરનારા કાર્યકરો સાથે ચર્ચા કરી છે અને તેમના કાર્યનું સન્માન કરવામાં આવશે. તેથી મહાયુતિના તમામ ઉમેદવારો ચૂંટાઈ આવશે, એમ રાહુલ શેવાળેએ જણાવ્યું હતું.

### લઠ્ઠાકાંડના આરોપીના

ચાલી રહ્યું છે. સ્થાનિકોનો આરોપ છે કે,આ અંગે પોલીસને વારંવાર ફરિયાદ કરી છે પરંતુ, પોલીસ ફક્ત કામચલાઉ કાર્યવાહી કરીને જતી રહે છે, અને થોડા દિવસોમાં દારૂની દુકાનો ફરી ખુલી જાય છે. સ્થાનિક મહિલાઓએ કેટલાક પોલીસ અધિકારીઓ લાંચ લઈ રહ્યા હોવાના ગંભીર આરોપો લગાવ્યા છે. આ બેદરકારીને કારણે નિર્દોષ લોકોના જીવ ગયા છે, અને આ મૃત્યુ માટે સંબંધિત અધિકારીઓ અને ગેરકાયદેસર દારૂ વિક્રેતાઓ જવાબદાર છે.

### મરીન ડ્રાઈવ

કેટલીક સમસ્યાઓના કારણે આ વોકવે સળંગ નથી. આ કારણે નાગરિકો માટે ચાલવા અને સાયકલ ચલાવવા માટે રસ્તો અધવચ્ચે જ પૂરો થઈ જાય છે. આ સમસ્યાને દૂર કરવા માટે, લોટસ જેટી અને બરોડા પેલેસ વચ્ચે ૩૨૦ મીટર લાંબો અને આઠ મીટર પહોળો એક નવો વોકવે બનાવવામાં આવશે. તેથી, પ્રિયદર્શિની પાર્કથી સીધો વરલી સુધી એક લાંબો વોકવે ઉપલબ્ધ થશે.

### મુંબઈના તાપમાનમાં

ઘટાડો થઈ ગયો હતો. બુધવારે સવારે લઘુત્તમ તાપમાન ૨૨.૮ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. મુંબઈ અને થાણે જિલ્લામાં સવારે ૭ વાગ્યે વાવાઝોડા, તોફાની પવન અને મધ્યમ વરસાદની ચેતવણી આપવામાં આવી હતી. પરંતુ સાંતાક્રુઝ, વર્સોવા, અંધેરી, દહિસર, બાન્દ્રા અને ખાર જેવા વિસ્તારોમાં દિવસ દરમિયાન ભારે વરસાદ પડ્યો.

### ૩૦ મિનિટને

તબક્કામાં હતું અને હવે લગભગ તે પૂરું થઈ ગયું છે. છેલ્લા આઠ વર્ષથી મુસાફરોને થતી અગવડતાને દૂર થવાની છે.

### પ્રી-મોન્સૂન શાવરમાં

મિલીમીટર એટલે કે લગભગ બે ઈંચ જેટલો વરસાદ પડયો હતો, જ્યારે વર્સોવામાં ૬૯ મિ.મી. (અઢી ઈંચ) વરસાદ નોંધાયો હતો.

### ગઢચિરોલીમાં દારૂબંધી

તેટલા પ્રતિબંધો મુકવામાં આવે, હાથથી બનાવેલો દારૂ સરળતાથી ઉપલબ્ધ છે. તેમણે માગ કરી હતી કે સરકાર દ્વારા હાથથી બનાવેલા દારૂને કાયદેસર બનાવવામાં તો તે સામાન્ય મજૂર વર્ગ માટે પોસાય તેવો રહેશે, તેના પર સરકારનું નિયંત્રણ રહેશે. સરકારને મહેસૂલ મળશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ગરીબ મજૂર વર્ગના જીવ પણ બચશે. તેમણે ઉમેર્યું કે આ તેમનો વ્યક્તિગત અભિપ્રાય છે.

### વિધાનસભા પરિષદની

કે મહાવિકાસ આઘાડી અહીં કોને ટેકો આપશે. **યવતમાળ:** યવતમાળમાં મહાવિકાસ આઘાડીને મોટો ઝટકો લાગ્યો છે અને તેના પોતાના ઉમેદવારે અરજી પાછી ખેંચી લીધી છે. મહાવિકાસ આઘાડીના સત્તાવાર ઉમેદવાર, સાહેબરાવ કાંબળે, યવતમાળ વિધાન પરિષદની ચૂંટણીમાંથી ખસી ગયા છે. **અમરાવતી:** પ્રવિણ પોટે પાટીલે અમરાવતી વિધાન પરિષદની ચૂંટણી માટે ભાજપ તરફથી પોતાનું નામાંકન દાખલ કર્યું છે. મંગળવારે ચકાસણીમાં બાજોરિયાની અરજી ફગાવી દેવામાં આવી હતી. **નાશિક:** નાશિક વિધાન પરિષદ મતવિસ્તારમાં આ બેઠક ઠાકરેની શિવસેનાને છોડી દેવામાં આવી હતી. જોકે, શિવસેનાએ ઉમેદવાર આપ્યો ન હતો, તેથી અહીં મહાવિકાસ આઘાડીનો કોઈ સત્તાવાર ઉમેદવાર નથી.

# આઠમા પાનાનું ચાલુ

### રાયગડમાં એકનાથ

લીધી છે. આ સમયે ભરત ગોગાવલેના પુત્ર વિકાસ ગોગાવલે પણ હાજર હતા. જુલી વતી વિઘ્નેશ માલી પ્રતિનિધિ હતા, જેમણે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. જુલી તેમની તબિયત ખરાબ હોવાને કારણે આવી શક્યા ન હતા, એમ વિકાસ ગોગાવલેએ જણાવ્યું હતું.

# ચોમાસામાં જેએનપીએ જળ માર્ગમાં ફેરફાર

ઉરણઃ જવાહરલાલ નહેરુ પોર્ટ ઓથોરિટી (જેએનપીએ) બંદરથી મુંબઈ ગેટવે ઓફ ઈન્ડિયા સુધી જળ પરિવહન ઉપલબ્ધ છે. જોકે, ચોમાસા દરમિયાન તોફાની દરિયા સામે સાવચેતીરૂપે આ જળમાર્ગમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ માર્ગ પર મુસાફરોની નૌકાઓ હવે ગેટવે ઓફ ઈન્ડિયાને બદલે ભાઉચા ધક્કાથી ઉપડશે, એમ જેએનપીએ જળ પરિવહન વિભાગે જણાવ્યું હતું.

જેએનપીએ બંદરથી મુંબઈ સુધીની જળ પરિવહન સેવા છેલ્લા ૩૭ વર્ષથી ચાલી રહી છે. ચોમાસા દરમિયાન તોફાની પવનો અને દરિયામાં મોટા મોજાઓને કારણે મુસાફરોની બોટ માટે ગેટવે ઓફ ઈન્ડિયા સુધી જવાનું જોખમી બને છે. પરિણામે ગેટવેથી અલીબાગ સુધીની જળ સેવા તેમજ ગેટવેથી ઘારાપુરી (એલિફન્ટા) સુધીની જળ સેવા પણ બંધ રહે છે. જોકે, ઉરણથી મોરા સુધીના જળમાર્ગ પર પાણી પરિવહન આખું વર્ષ ચાલુ રહે છે. તેવી જ રીતે જેએનપીએથી મુંબઈ સુધીનું જળ પરિવહન પણ ચાલુ રહે છે.

જોકે ચોમાસા દરમિયાન આ સેવાનો રૂટ બદલાય છે. ચોમાસા દરમિયાન જેએનપીએથી મુંબઈ જળમાર્ગ પર દરિયામાં ચારથી પાંચ મીટર ઊંચા મોજા ઉછળે છે. આ સમયગાળા દરમિયાન ગેટવે ઓફ ઈન્ડિયા પરના મોજા મુસાફરોની બોટો માટે જોખમ ઊભું કરે તેવી શક્યતા હોવાથી, આ વિસ્તારની બોટ બંધ રહે છે. આ વખતે જેએનપીએ થી ગેટવે ઓફ ઈન્ડિયાને બદલે, જેએનપીએથી ભાઉચા ધક્કા સુધીની સર્વિસ શરૂ કરવામાં આવશે.

જેએનપીએ લેન્ડિંગ જેટ્ટી પરથી મુસાફરોની પરિવહન સેવાઓ ઉપલબ્ધ છે. આ માટે જેએનપીએ કામદાર વસાહત તરફથી બસ સેવા ઉપલબ્ધ છે. દર કલાકે મુંબઈ માટે બોટ રવાના થતી હોવાથી, આ બોટ ... જેટી સુધી પહોંચે છે. આ જળમાર્ગ જેએનપીએ બંદરના કામદારો, કર્મચારીઓ અને તેમના પરિવારો માટે ખૂબ જ ઓછા ખર્ચે ઉપલબ્ધ છે. બંદર આધારિત ઉદ્યોગોમાં કામ કરતા અધિકારીઓ, કામદારો, કર્મચારીઓ અને વ્યાવસાયિકો પણ આ સર્વિસનો લાભ લઈ શકે છે.

# પારસી મરણ

ફ્રેની દાદીબા પાતરાવાલા તે મરહૂમ દાદીબાના ધણિયાની. તે મરહૂમો શીરીનબાઈ પીરાજશાહના દીકરી. તે ડેઝી, યઝદી, જહાબક્ષ તથા મરહૂમ હોમી બાબાના મમ્મી. તે ઝરીર બેહરોઝના સાસુજી. તે બાનુ ને મરહૂમ રૂસીના બહેન. તે કૈઝાદ, પર્લ ને કૈઝાદના મમઈજી. (ઉં.વ. ૯૦) રે.ઠે.: ઈરાની ધરમશાલા બિલ્ડિંગ, ૨૬, પંડિત રામાબાઈ માર્ગ, ગામદેવી, મુંબઈ-૪૦૦૦૦૭.

અદી બેહરામજી રાનદેરિયા તે મરહૂમો શેરા બેહરામ રાનદેરિયાના દીકરા. તે જરૂ તથા મરહૂમ ફ્રેનીના ભાઈ. તે ઝરીનના મામા. તે શાહરુખ ને ખુરશેદના કઝીન (મામા) તે જમશેદ ને સુઝેનના મોટા મામા. (ઉં.વ. ૭૭) રે.ઠેઃ ૨૧ દુબાશ બિલ્ડિંગ, ખરેગાત કોલોની, ગ્રાન્ટ રોડ, હ્યુજીસ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૦૪-૦૬-૨૦૨૬ના દિને બપોરે ૩.૪૦ વાગે વાચછા ગાંધી અગિયારીમાં છેજી.

અરનાવાઝ જીમી દુબાશ તે જીમીના ધન્યાની. તે મરહૂમો ખોરશેદ સામ મિસ્ત્રીના દીકરી. તે અનાહીતાના માતાજી. તે જાલન મનીના બહેન. તે યુરઝાન ને કૈયઝાનના મમઈજી. તે અદીલના ફુઈ. તે તુશનાના માસી. (ઉં.વ. ૬૬) રે.ઠેઃ હોરમઝ બાગ બિલ્ડિંગ, એ-૨, કાશીનાથ સ્ટ્રીટ, તારદેવ, તુલસી વાડી, મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૦૪-૦૬-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે કામા બાગ અગિયારીમાં.

કુમી સોરાબ પાવરી તે મરહૂમ સોહરાબના ધન્યાની. તે મરહૂમો તેહમીના અરદેશીર ઘોન્ડીના દીકરી. તે શેરનાઝ, પરવીન, ખુરશેદના માતાજી. તે લેન ને ફરામરોઝના સાસુજી. તે મરહૂમો હોમજી ને મેહરુના બહેન. તે ક્રેગ, જેસન, આશાદ, રુશાદના મમઈજી. (ઉં.વ. ૯૭) રે.ઠેઃ મંગલ દીશા બિલ્ડિંગ, ૬થો રોડ, ગુરુ ગંગેશવર માર્ગ, ખાર (વે), મુંબઈ-૪૦૦૦૫૨ ઉઠમણાંની ક્રિયાઃ તા. ૦૪-૦૬-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે. અનજુમન આતશબહેરામમાં છે.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

પ્રફુલભાઈ છગનલાલ પટેલ (ઉં.વ. ૬૫) હાલ ફોર્ટ (વી.ટી) મુંબઈ, ગામ વાસણ. તે સ્વ. છગનલાલ સોમાભાઈ તેમજ જમનાબેનના પુત્ર. નયનાબેનના પતિ. હિરેન અને ચિરાગના પિતા. તા. ૩૧/૫/૨૬ના દેવલોક પામેલ છે. તેમનું બેસણું તા. ૪/૬/૨૬ ગુરુવારના રોજ સમય ૨ થી ૪. પુષ્પાણી તા. ૧૧/૬/૨૬ ગુરૂવારના રોજ સમય ૩ થી ૪. ફોર્ટમાં રાખવામાં આવેલ છે. સરનામુંઃ રૂમ નં. ૧૦, ૮૭ દાતાર નિવાસ, બઝાર ગેટ, પેરીન નરિમન સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૧.

**ઘોઘારી લોહાણા**

અંધેરી નિવાસી ગં. સ્વ. રમાબેન શાંતિલાલ ઠક્કર (ઉં.વ. ૯૪) તા. ૧-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શાંતિલાલ (કાકુભાઈ) અમૃતલાલ ઠક્કરના પત્ની. સ્વ. અમૃતલાલ માસ્તરના પુત્રવધૂ. મુકેશના માતા. પ્રિતીના સાસુ. બિનાલી, ચાર્મી, ઋષભના દાદી. શૌર્યના વડદાદી. પિયર પક્ષે સ્વ. ધીરજબેન અને સ્વ. મનુભાઈ મોનજી ગઢીયાના પુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. વિજયાબેન હર્ષદભાઈ ખાંટ (ઉં.વ. ૭૮) ગામ ગુંદિયારી હાલ ઘાટકોપર, સ્વ. હર્ષદભાઈ મોરારજી ખાંટના પત્ની. દેવજી વેલજી કતિરાના પુત્રી. રૂપેશ, ભાવિન ખાંટના માતા. રીના, જાગૃતિ ખાંટના સાસુ. જાનવી, સલોની, પાર્થ, પલક ખાંટના દાદી. તા. ૨-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બ્રહ્મભટ્ટ**

પરીએજ નિવાસી હાલ મુંબઈ જશુમતીબેન છોટુભાઈ સ્વામિનારાયણ (ઉં.વ. ૯૪) તા. ૧-૬-૨૬ના અક્ષરધામ પામ્યા છે. તે અ. નિ. છોટુભાઈ સ્વામિનારાયણના પત્ની. અ. નિ. નિતીનકુમાર, અંજુબેનના માતા. શોભાબેન, દિવ્યેશચંદ્ર મોટાણીના સાસુ. રૂત્વિક, માનસીના દાદી. જાનવી અને ડો. અભિષેક કોઠારીના દાદી સાસુ. ધર્મિલ, નિત્યના નાની. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૪-૬-૨૬ના નેહરૂ સેન્ટર, હોલ ઓફ કલ્ચર, ગ્રાઉન્ડ ફલોર, વર્લી, મુંબઈ-૧૮માં સાંજે ૫ થી ૭.

**ઘોઘારી લોહાણા**

દામોદર નારણદાસ ઠક્કર (સોઢા), મુળ ગામ ભાવનગર (હાલ ઘાટકોપર) (ઉં.વ. ૧૦૨) તે સ્વ. સાવિત્રીબેનના પતિ. જેઠાલાલના ભાઈ. કુંતાબેનના દિયર. શાંતિલાલ ગોવિંદજી લાખાણીના જમાઈ. પ્રકાશભાઈ, સ્વ. બિપીનભાઈ, નિતીનભાઈ, મુકેશભાઈના પિતાશ્રી. અંજનાબેન, ભારતીબેન, સ્વ. રક્ષાબેન, મીનાબેનના સસરા. ધરતી, હેતલ, સ્વ. કેતન, દીપ, મિતાલી, નિરાલીના દાદા તા. ૩૧-૫-૨૬, રવિવારના શ્રીજીચરણ પામલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

જસાપરા મહુવા હાલ સુરત, દિપકભાઈ હર્ષદરાય જોષીના ધર્મપત્ની અ.સૌ. રેખાબેન (ઉં.વ. ૫૧) ૨/૬/૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તે ગં.સ્વ. હીરાબેન હર્ષદરાય જોષીના પુત્રવધૂ. ગીતાબેન પ્રમોદકુમાર પંડ્યા, નીરુબેન કશ્યપકુમાર ભટ્ટ, સ્વ. ચેતનભાઈના ભાભી. ગં.સ્વ. ભારતીબેન જીતેન્દ્રભાઈ દવેતા ભાવનગરના દીકરી. શ્રીતિ, કાનો, લખન, ગાયત્રી, વંદના, ઝલકના મામી. પ્રાર્થનાસભા ૪/૬/૨૬ના રોજ ૪ થી ૬. બી ૪૪, શાંતિનગર, કામરેજ ચાર રસ્તા, સુરત.

**ઔદિચ્ય તળાજીયા બ્રાહ્મણ**

પીથલપુર નિવાસી હાલ મુંબઈ, સ્વ. વસંતબેન કાંતિલાલ ભટ્ટના દીકરી, સ્વ. ચંદ્રકાંત બાબુભાઇ જોષીના ધર્મપત્ની ગં.સ્વ. ભારતીબેન જોષી (ઉં.વ. ૬૯) ૩૧/૫/૨૬ના હરીશરણ પામેલ છે. મિતુલ તથા મેહુલભાઈના માતુશ્રી. રિતિકાના સાસુ. પ્રત્યગીની તથા દેવાંશના દાદી. સર્વપક્ષની પ્રાર્થનાસભા ૪/૬/૨૬ના ૫ થી ૭. લોહાણા બાલાશ્રમ મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

તળાજાવાળા હાલ કાંદિવલી, નરોત્તમભાઈ હમીરભાઈ સાગર (ઉં.વ. ૭૫) તા. ૧ જૂન, ૨૦૨૬ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે કાંતાબેનના પતિ. હીનાબેન આશિષભાઈ સુરુ, અલ્પાબેન અલ્પેશભાઈ સતીકુંવર અને સ્મિતભાઈના પિતાશ્રી. પૂજાબેન સ્મિતભાઈ સાગરના સસરા. સ્વ. જયાબેન જયંતિભાઈ જીનાદ્રા, સ્વ. નિમુબેન મગનભાઈ ઝગડા, સ્વ. જયંતિભાઈ અને હસુભાઈના ભાઈ. વિરડીવાળા સ્વ. મગનભાઈ દેવરાજભાઈ સતીકુંવરના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૪/૬/૨૬ને ગુરુવારના રોજ ૫ થી ૬. સ્થળઃ સોનીવાડી, શિમ્પોલી ક્રોસ રોડ, બોરીવલી પશ્ચિમ.

**પોરેચા મોઢ વણિક**

હાલ વડાલા, અ.સૌ. નિરૂપા ચંદ્રકાંત મોદી (ઉં.વ. ૭૫) રવિવારે તા. ૩૧ મે, ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ચંદ્રકાંત છોટાલાલ મોદીના પત્ની. અર્પિતા શેઠિયા અને કલ્પેશના માતા. સુભાષ શેઠિયા અને અમીતા મોદીના સાસુ. સ્વ. રમેશભાઈ, સ્વ. પ્રફુલભાઈ, જશુમતી છોટાલાલ, નિર્મલા છોટાલાલ, પન્ના રાજેન્દ્ર શાહના ભાભી. શ્રેયાંશ શેઠિયા અને ડૉ. યશવી શેઠિયાના નાની. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૫-૬-૨૬ના સાંજે ૫ થી ૭. દોસ્તી એકર્સ બેન્કવેટ હોલ, દોસ્તી એસ્ટર પાસે, વડાલા ઇસ્ટ.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

માંગરોળ નિવાસી હાલ મુંબઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ અમૃતલાલ સેતાના ધર્મપત્ની ગં.સ્વ. પ્રવિણાબેન (ઉં.વ. ૮૩) તા. ૧-૬-૨૬ને સોમવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભૂપેન્દ્રભાઈ, દિલીપ, કિર્તી, પ્રમેશ, ગં.સ્વ. ભાવનાબેન દશરથલાલ કિરી, હંસાબેન પ્રદીપકુમાર જરીવાલાના ભાભી. કમલેશ, હિતેશ, દુષ્યંત તથા ફાલ્ગુનીના માતુશ્રી. નીતા તથા અલકાના સાસુ. સ્વ. રજનીકાંત કેશવજી મઝિયારના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૪-૬-૨૬ને ગુરુવારના ૫.૦૦ થી ૭.૦૦. બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, નિલગીરી એપાર્ટમેન્ટની બાજુમાં, ગોરસવાડી પાસે, એસ. વી. રોડ, કાંદિવલી વે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

# જૈન મરણ

**દશા શ્રીમાળી દિગંબર જૈન**

લાઠી નિવાસી હાલ બોરીવલી બળવંતરાય ડાયાલાલ ભાયાણી (ઉં.વ. ૯૦) મંગળવાર, તા. ૨-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. જયેશભાઈ, ભાવેશભાઈ, ભૂપેન્દ્રભાઈના પિતા. સ્વ. હીરાબેન, સ્વ. ગુલાબબેન, સ્વ. નભિબેન, સ્વ. લીલીબેન, પુષ્પાબેન, સ્વ. મંજુબેન, સ્વ. કનૈયાલાલના ભાઈ. સ્વ. રમાબેન, સ્વ. વિદુબેન, સ્વ. નરેશભાઈ, જીતુભાઈ, સ્વ. જગદીશભાઈના બનેવી. અ. સૌ. જોલી, અ. સૌ. કલ્પના, સ્વ. માધવીના સસરા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લાઠી નિવાસી હાલ વિરાર સ્વ. ઈન્દુભાઈ કપુરચંદ ભીમાણી (ઉં.વ. ૮૬) તા. ૩-૬-૨૬, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રંજનબેનના પતિ. મિલન, મેહુલના પિતાશ્રી. રૂપાબેનના સસરા. નિધી, સાચિના દાદાજી. સ્વ. મનહરભાઈ, જિતેન્દ્રભાઈ, સ્વ. જયંતભાઈ, સ્વ. ભુપેન્દ્રભાઈ, હર્ષદભાઈ, સ્વ. નિર્મળાબેન, જાગૃતિબેન, સ્વ. દર્શનાબેનના ભાઈ. સ્વ. અંજવાળીબેન લાલચંદ વોરાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાડેર નિવાસી હાલ મુલુંડ અમૃતલાલ હીરાચંદ દોશીના પુત્ર દિનકરભાઈ અમૃતલાલ દોશી (ઉં.વ. ૮૩) તા. ૧-૬-૨૬, સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. કેતનભાઈ, પિયુષભાઈ, હિતાંશુના પિતાશ્રી. રાજુલ, જસમીના, એકતાના સસરાજી. છબીલદાસભાઈ, અંતુભાઈ, ચંદ્રકાંતભાઈ દોશીના નાના ભાઈ. હરખચંદ દેવચંદ પારેખ વરસડાવાલા હાલ પાલઘરના જમાઈ. સાદડી તા. ૪-૬-૨૬, ગુરુવારના ૩ થી ૫ તેમના નિવાસસ્થાને રાખેલ છે. (બંને પક્ષની). એડ્રેસઃ બી/૧૬૦૭, મણિભદ્ર સોસાયટી, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

રળોલ નિવાસી હાલ બોરીવલી, સ્વ. રજનીકાંત ત્રંબકલાલ શાહના ધર્મપત્ની ઇન્દુમતીબેન (ઉં.વ. ૯૨) ૨/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ગીરધરલાલ લહેરાભાઈ કોઠારીના દીકરી. કીર્તિ તથા પ્રિતીના માતુશ્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

હાથસણી નિવાસી હાલ ડોમ્બીવલી, મંગલજી ઝવેરચંદ શાહના સુપુત્ર ભરતભાઈના ધર્મપત્ની ભારતીબેન (ઉં.વ. ૬૯) તા. ૨/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે લક્ષ્મીચંદભાઈ, રમેશભાઈ, ભુપતભાઈ, ભોગીભાઈ, જશીબેન, નિરંજનાબેન, ચંદ્રિકાબેન હસુબેનના ભાભી. નિકિતા દિપકકુમાર વામન, નેહા હેમલકુમાર શાહ, પૂજા કરણ કુમાર શાહના માતુશ્રી. સ્વ. જીવિકા, વંશ, સ્મિરાના નાની. પિયરપક્ષે સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર ઉમેદચંદ હરખચંદ દોશીના પુત્રી. બંનેપક્ષની સાદડી ગુરૂવાર, તા. ૪/૬/૨૬ના ૩.૦૦ થી ૫.૦૦. જૈન ભુવન, રોડ નંબર ૧૦, ચેમ્બુર દેરાસરની પાછળ. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે.

**ઝાલાવાડી વીશા શ્રીમાળી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ મુંબઈ, સ્વ. રંભાબહેન ગોવિંદભાઈ શાહના સુપુત્ર દિલીપભાઈ (ઉં.વ. ૭૫) તે સ્વ. મધુબેન હસમુખલાલ શાહ તથા સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. વિરેન્દ્રભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. પ્રવિણભાઇ, ભરતભાઈ, અશ્વિનભાઈ અને કૌશિકભાઇના ભાઈ. ૩૧-૫-૨૬ રવિવારના રોજ અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર રાખવામાં આવેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા (ઓતરો ફરીયો)નાં કાનજી ઠાકરશી ફુરીયા (ઉં.વ. ૮૭) તા. ૧-૬-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી નાનબાઇ ઠાકરશી પુનશીના સુપુત્ર. પ્રભાબેનના પતિ. ચેતના, ચેતનના પિતા. બિદડા જયવંતી ભવાનજી દામજી દેઢીયાના ભાઇ. કોડાય લક્ષ્મીબેન ગાંગજી કેશવના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં.સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

નાગલપુરના શ્રીમતી ભારતીબેન મણીલાલ શાહ (ગોગરી) (ઉં.વ. ૭૩) તા. ૨૯-૫-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી સોનબાઇ લાલજીના પુત્રવધૂ. ડોંગરીના માતુશ્રી પ્રતિભાબેન જગન્નાથ રોડેના સુપુત્રી. સ્વ. શ્રી મણીલાલના પત્ની. ગૌરી, રાધા, પૂજાના માતુશ્રી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મણીલાલ ગોગરી, અલ્ટ્રા સોસાયટી, શીવાજી પાર્ક, દાદર, મુંબઇ-૧૬.

મોટી ખાખરના માતુશ્રી કસ્તુરબેન (દેમુબેન) કેશવજી લાલજી વોરા (ઉં.વ. ૮૮) તા. ૨-૬-૨૬ના અરિહંત શરણ થયા છે. મેઘબાઈ લાલજી ખીમજીના પુત્રવધૂ. કેશવજી લાલજીના ધર્મપત્ની. જીતેન્દ્ર, હેમંત, શૈલેષના માતુશ્રી. નવીનારના રાણબાઈ લખમશી નરશી વોરાના સુપુત્રી. ભુજપુરના દેવકાબેન વિજપાર ભેદાના બેન. ત્વચા દાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે. શૈલેષ વોરા, ૮/૭૭, સુંદરમ સોસાયટી, રાધાકૃષ્ણા સ્કૂલની બાજુમાં, સાઈબાબા નગર, બોરીવલી (વે.).

કોટડી મહાદેવપુરીના તલકશી ચનાભાઈ ગાલા (ઉં.વ. ૭૮) તા. ૨-૬-૨૬ના અવસાન પામ્યા છે. ખેતબાઈ ચનાભાઈના પુત્ર. તારાબેનના પતિ. મુલચંદ, રાજેન, હીનાના પિતા. ગાંગજી, વસનજી, નાનજી, મો. ઉનડોઠ હીરબાઈ માણેકના ભાઈ. કેસરબેન રતનશીના જમાઈ. પ્રા.શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા. ૪ થી ૫.૩૦.

ડુમરાના તલકશી પ્રેમજી કારાણી (ઉં.વ. ૮૭) તા. ૨-૬-૨૬ના અવસાન પામ્યા છે. સુંદરબેન પ્રેમજી રવજીના સુપુત્ર. ચંચલબેનના પતિ. વિજય, કલ્પના, ભાવના, હેતલના પિતાશ્રી. જયંતિલાલ, લક્ષ્મીચંદ, રમણીક, ડુમરા હાંસબાઈ ભવાનજી પુંજા, જેતબાઈ તેજશી મુરજી, સાભરાઈ વેજબાઈ જેઠાલાલ શામજી, ભાનુમતી હીરજી મેઘજી, ચંચળબેન ટોકરશી દેવરાજ, દેવપુર જવેરબેન માવજી મેઘજી, ડુમરા કાંતાબેન મણીલાલ દેવજીના ભાઈ. દેઢીઆના વેજબાઈ ઘેલાભાઈ પ્રેમજીના જમાઈ. ત્વચાદાન કરેલ છે. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઇ) ટા. ૪ થી ૫.૩૦.

ગુંદાલાના નયનાબેન ચીમન સંગોઇ (ઉં.વ. ૭૪) તા. ૨-૬-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી ઉમરબાઇ ભવાનજી ભેદાના પુત્રવધૂ. સ્વ. ચીમનભવાનજી ધર્મપત્ની. ગીરીશના મમ્મી. પુરબાઇ દેવજીના સુપુત્રી. પંકજ, સુરેશ, નાગલપુરના ઇંદીરાબેન વાડીલાલ, તુંબડીના જયશ્રીબેન સુરેશ, વડીના રમીલાબેન જયંતીલાલ, જીજ્ઞાબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ગીરીશ સંગોઇ, ૭૦૫, મુલુંડ કશ્યપ, મહાડા કોલોની, મુલુંડ (ઇ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

સહમતીનાં સગપણ - કાયદાનાં ત્રાજવાં

# સંબંધના અંતને બળાત્કારનું નામ ક્યાં સુધી?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

**વર્તમાન** સમયનાં અખબારો અને ન્યૂઝ પોર્ટલ્સની હેડલાઇન્સ પર નજર કરીએ તો એક ચોક્કસ આકૃતિ વારંવાર ઊપસી આવે છે:

'યુવાને લગ્નની લાલચ આપી યુવતીને ભોગવી અને પછી તરછોડી દીધી.' આ પ્રકારના કિસ્સામાં મોટાભાગે એવું જોવા મળે છે કે બે પુખ્ત વ્યક્તિ મહિનાઓ કે વર્ષો સુધી પરસ્પર સહમતીથી, પ્રેમથી અને સંપૂર્ણ હોશ હવાશમાં શારીરિક સંબંધોમાં રહે છે, પરંતુ જેવી સંબંધમાં કોઈ ખટાશ આવે, વૈચારિક મતભેદ થાય અથવા કોઈ પણ કારણસર બંને અલગ થવાનો નિર્ણય લે કે તરત જ આખો મામલો પોલીસ સ્ટેશનના ઉંબરે પહોંચી જાય છે અને વર્ષોનો સહમતિભર્યો સંબંધ એકાએક 'બળાત્કાર'ની વ્યાખ્યામાં ફેરવાઈ જાય છે.




આવા બદલાતા સામાજિક પવન અને કાયદાકીય અર્થઘટન સામે હવે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. સૌથી મોટો સવાલ એ છે કે જે સંબંધમાં બંને પક્ષ સમાન રીતે સામેલ હતા, એમાં સંબંધ તૂટતી વખતે માત્ર પુરુષને જ ભોગવિલાસી અને ગુનેગાર તરીકે કેમ ચિતરવામાં આવે છે? શું પ્રેમ અને સહમતીના એ લાંબા સમયગાળા દરમિયાન સ્ત્રીની પોતાની કોઈ સ્વાયત્તતા કે ઇચ્છા નહોતી?

આપણા સમાજની અને મીડિયાની માનસિકતા હજુ પણ પિતૃસત્તાક જડતા અને જુનવાણી માનસિકતામાં અટવાયેલી છે. એક તરફ આપણે સ્ત્રી સશક્તીકરણ, આર્થિક સ્વતંત્રતા અને લિંગ સમાનતાની વાતો કરીએ છીએ- આપણે સ્ત્રીને તેના જીવનના નિર્ણયો લેવા માટે સક્ષમ અને સ્વાયત્ત માનીએ છીએ , પરંતુ જેવી સંબંધમાં ઓટ આવે કે તરત જ મીડિયા અને સમાજ એ સ્ત્રીને બિચારી, અબળા અને છેતરાયેલી સાબિત કરવા કમર કસી લે છે. 'ભોગવીને તરછોડી દીધી' જેવો શબ્દપ્રયોગ જ અત્યંત અપમાનજનક છે, જે માત્ર પુરુષને રાક્ષસ નથી બનાવતો, પરંતુ સ્ત્રીને પણ એક સજીવ સૃષ્ટિને બદલે માત્ર એક 'વસ્તુ' કે 'ભોગવવાની સામગ્રી' તરીકે રજૂ કરે છે. આ શબ્દપ્રયોગ એ સત્યને નકારી દે છે કે આજના શિક્ષિત અને પુખ્ત યુગમાં શારીરિક સંબંધ એ કોઈ એક પક્ષ દ્વારા બીજા પક્ષનું શોષણ નથી, પણ બે વ્યક્તિ વચ્ચેનો પરસ્પર આનંદ અને સંવેદનાનો વિનિમય છે.

જ્યારે કોઈ સંબંધ છ મહિના, એક વર્ષ કે બે વર્ષ સુધી સતત ચાલે છે ત્યારે તેમાં શારીરિક નિકટતા કોઈ એક આકસ્મિક ઘટના નથી હોતી. તે પરસ્પર સંમતિથી વારંવાર લેવાયેલો નિર્ણય હોય છે. જીવનના અન્ય નિર્ણયોની જેમ સંબંધો પણ હંમેશાં સફળ નથી થતા. લગ્ન વગરના સંબંધ (Live-in relationships)કે પ્રેમ સંબંધોમાં રહેતા લોકો વચ્ચે પણ મતભેદો થઈ શકે છે અથવા ભવિષ્યનાં આયોજનો બદલાઈ શકે છે. બે વ્યક્તિ વચ્ચે ખટરાગ થાય અને તે પરસ્પર સંમતિથી કે અસંમતિથી પણ અલગ થાય, તેને સંબંધનો અંત કે 'બ્રેકઅપ' કહેવાય, ગુનો નહીં. જોકે કાયદાકીય જોગવાઈઓ અને સમાજની સહાનુભૂતિનો દુરુપયોગ કરીને લાંબા ગાળાના સંબંધોના અંતને બળાત્કાર અથવા છેતરપિંડીના ચોકઠામાં બેસાડવો એ સંબંધોની પવિત્રતા અને કાયદાની ગરિમા બંનેની મજાક ઉડાવવા બરાબર છે.

આ સંદર્ભમાં દેશની સર્વોચ્ચ અદાલત અને વિવિધ વડી અદાલતોએ પણ સમયાંતરે ચિંતા વ્યક્ત કરી છે. અદાલતોએ સ્પષ્ટ કર્યું છે કે 'લગ્નનું વચન પાળી ન શકવું' અને 'લગ્નની ખોટી લાલચ આપીને સંબંધ બાંધવો'એ બંને વચ્ચે બહુ મોટો તફાવત છે. જો કોઈ પુરુષ શરૂઆતથી જ છેતરવાના ઇરાદાથી ખોટું બોલ્યો હોય તો તે ગુનો બની શકે છે, પરંતુ જો સંબંધની શરૂઆત સાચા મનથી થઈ હોય અને પાછળથી સંજોગો બદલાવાને કારણે અથવા પરિવારના વિરોધને કારણે લગ્ન ન થઈ શક્યા હોય તો તેને બળાત્કાર કહી શકાય નહીં. કાયદાનો ઉદ્દેશ્ય પીડિતોને ન્યાય આપવાનો છે, પરંતુ જ્યારે લાંબા ગાળાના સહમતિભર્યા સંબંધો તૂટ્યા પછી તેનો ઉપયોગ વેર વાળવા,બ્લૅકમેલ કરવા કે પુરુષ પર દબાણ લાવવાના હથિયાર તરીકે થવા લાગે ત્યારે વાસ્તવિક પીડિતો માટેનો ન્યાય નબળો પડે છે.

સૌથી મોટો સામાજિક અન્યાય એ થાય છે કે આવા કિસ્સાઓમાં મીડિયા ટ્રાયલ શરૂ થઈ જાય છે. કોઈ પણ તપાસ વગર પુરુષનું નામ, તેનો ચહેરો અને તેની પ્રતિષ્ઠા પળવારમાં ધૂળધાણી કરી દેવામાં આવે છે. સમાજ માની લે છે કે જો સ્ત્રીએ ફરિયાદ કરી છે તો પુરુષ જ દોષી હશે. આ પ્રકારની માનસિકતા પુરુષના માનસિક સ્વાસ્થ્ય, તેની કારકિર્દી અને તેના પરિવારને અસાધ્ય નુકસાન પહોંચાડે છે. જો કોઈ સ્ત્રી વર્ષો સુધી સંબંધમાં રહીને આનંદ માણી શકે છે, પોતાના નિર્ણયો જાતે લઈ શકે છે તો સંબંધના અંતની જવાબદારી પણ બંને પક્ષે સમાન હોવી જોઈએ. સંબંધ હંમેશાં સુખદ વળાંક પર જ પૂરા થાય એવું જરૂરી નથી, પણ તેનો અર્થ એ નથી કે જે વ્યક્તિ ગઈકાલ સુધી તમારી આખી દુનિયા હતો, તે આજે અચાનક કાયદાની નજરમાં અપરાધી બની જાય.

હવે સમય આવી ગયો છે કે સમાજ, કાયદો અને ખાસ કરીને મીડિયા પોતાની માનસિકતામાં આમૂલ પરિવર્તન લાવે. પુખ્ત વયની' બે વ્યક્તિ વચ્ચેના સંબંધને ઉભય પક્ષની જવાબદારી તરીકે જોવામાં આવે, નહીં કે માત્ર પુરુષની કામુકતા અને સ્ત્રીની લાચારી તરીકે. જ્યાં સુધી આપણે સ્ત્રીને તેના જાતીય નિર્ણયો માટે સમાન રીતે જવાબદાર નહીં માનીએ ત્યાં સુધી આપણે તેને સાચા અર્થમાં સમાન અધિકાર આપી શકીશું નહીં. સંબંધોની નિષ્ફળતા એ જીવનનો એક ભાગ છે અને તેને કાયદાકીય અદાવત કે મીડિયાના સનસનાટીભર્યા સમાચારોનું સાધન બનાવવાને બદલે પરિપક્વતાથી સ્વીકારતાં શીખવું એ જ એક સ્વસ્થ અને સમાન સમાજની નિશાની છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## પતિની કમાણી ક્યાંથી આવે છે, ખબર છે?

*ડિયર હની,*

*થોડા ફ્લૅશબૅકમાં જવું છે. મને હાર્ટ એટેક આવેલો અને એની સારવારમાં બૅન્કબૅલૅન્સ સાવ ખાલી થઈ ગયું હતું ત્યારે મારી કમાણી ક્યાંથી અને કેટલી આવે છે એ વિશે આપણે ઘણી બધી ચર્ચાઓ થયેલી.*

*જોકે અહીં સવાલ એ છે કે કેટલી પત્નીઓને ખબર હોય છે કે એનો પતિ કેટલું કમાય છે અને એ કમાણી ક્યાંથી આવે છે? મોટા ભાગની પત્નીઓને આ વાતની ખબર નથી હોતી. હા,આજની પેઢી આવી જાણકારી રાખે છે. છોકરીઓ સબંધ કરતાં પહેલાં એ જાણી લે છે કે છોકરો કેટલું કમાય છે.*

*સામાન્ય રીતે પત્નીને ખબર નથી હોતી અને પતિને એ પૂછવાની દરકાર પણ કરતી નથી. માની લો કે પૂછે તો પણ પતિ સંતોષજનક જવાબ આપતા નથી. પતિઓ એવો જવાબ આપે છે કે 'તું આ પંચાતમાં શા માટે પડે છે? તને જોઈએ એ આપીશ...' અહીં વાત પૂરી થઈ જાય છે અને ક્યારેક પતિ કાળી કમાણી કરતો હોય કે પછી ખોટા રસ્તેથી કમાણી આવતી હોય તો પત્નીને એની ખબર પડતી નથી. એ અંધારામાં રહે છે અને પતિનો વિરોધ પણ કરી શકતી નથી.*

*રાજકારણીઓ હોય કે બાહુબલીઓ કે પછી મોટા બિઝનેસમેન કે ઉદ્યોગપતિઓ.... એમની પત્નીઓને મોટાભાગે આ વિશે ખબર નથી હોતી.*

*જોકે, ખબર હોવી જોઈએ, તમારો જીવનસાથી કઈ રીતે કમાય છે, ઘરમાં આવતા પૈસા શુદ્ધ છે કે નહિ એનો ખબર ના હોય તો એ પાપમાં પત્નીઓ પણ ભાગીદાર બને છે. ઘણા કિસ્સામાં તો પત્ની જાણતી પણ હોય છે છતાં વિરોધ કરતી નથી અને ચાલતું હોય એમ ચાલવા દે છે.*

*આ બધા વચ્ચે ઘણી પત્ની એવી હોય છે જેમને ઘર ચલાવવામાં અને બાળકોના ઉછેરમાં જ રસ હોય છે. 'પતિ જે કમાય છે તે ઘર માટે જ છે.... ' એવું વિચારે છે. એ ક્યારેય એ જાણવાનો પ્રયત્ન નથી કરતી કે પૈસા ક્યાંથી અને કઈ રીતે આવે છે. જ્યાં સુધી ઘરમાં વૈભવ, લક્ઝરી અને સમાજમાં મોભો જળવાઈ રહે છે ત્યાં સુધી તેઓ કમાણીના સ્રોત વિશે આંખ આડા કાન કરવાનું પસંદ કરે છે.*

*અલબત, આવી પત્નીઓ સતત એક ડરમાં જીવતી હોય છે કે જો ક્યારેય રેડ પડશે કે પોલીસ કેસ થશે, તો પરિવારની અને બાળકોની બદનામી થશે. તે પતિને ખોટા રસ્તે જતાં રોકવાનો પ્રયાસ કરે છે અને બીજી તરફ એવીય પત્નીઓ છે કે જે માને છે કે 'ભલે ઓછું હોય, પણ શાંતિની કમાણી હોવી જોઈએ.' ઘરમાં આવતી કમાણીથી આવતી લક્ઝરીનો વિરોધ પણ કરે છે. તો કેટલીક વખત પત્નીને ખબર હોય છે કે પતિ ખોટી કમાણી કરી રહ્યો છે, છતાં તે ચૂપ રહે છે. એ વિચારે છે કે 'હું બોલીશ તો ઘરમાં ઝઘડા થશે અથવા મારું કોઈ સાંભળશે નહીં.' પુરુષપ્રધાન માનસિક્તા ધરાવતાં ઘરોમાં અથવા જ્યાં પત્ની આર્થિક રીતે સંપૂર્ણપણે પતિ પર નિર્ભર હોય, ત્યાં તે વિરોધ કરવાનું જોખમ નથી લેતી. તે પરિસ્થિતિ સાથે સગાંવહાલાં અને સમાજ સામે મોં બંધ રાખીને સમજૂતી કરી લે છે.*

*કેટલાક કિસ્સાઓમાં એવું પણ જોવા મળે છે જ્યાં પત્ની પોતે વધુ પડતી મહત્ત્વાકાંક્ષી હોય છે. એ એવું વિચારે છે કે 'દુનિયામાં બધા જ આવું કરે છે, આપણે આગળ વધવું હોય તો આ જરૂરી છે.'*

*જોકે, પરિસ્થિતિ ધીમે ધીમે બદલાઈ રહી છે. થોડાં વર્ષો પહેલાં મહારાષ્ટ્રમાં એન્ટી-કરપ્શન બ્યૂરો પાસે એક અનોખો કેસ આવ્યો હતો.*

*એક સરકારી અધિકારીની પત્ની પોતાના પતિની સતત વધતી લાંચ લેવાની આદતથી પરેશાન હતી. પત્નીએ પતિને સુધારવાની છેલ્લી તક આપી, પણ જ્યારે તે ન સુધર્યો ત્યારે પત્નીએ પોતે જ લાંચ રુશ્વત વિરોધી શાખાનો સંપર્ક કર્યો. પત્નીએ પોતે જ પોલીસને ઘરમાં છુપાવેલાં કાળાં નાણાંની જગ્યા બતાવીને પતિને રંગેહાથ પકડાવ્યો અને ત્યાર બાદ બાળકોને લઈને કાયમ માટે અલગ થઈ ગઈ.*

*હરિયાણાના ફતેહાબાદ જિલ્લામાં ઘણી પત્નીઓએ પતિની ખોટી કમાણીમાં સાથ ના દીધો અને પતિથી છૂટી થઈ ગઈ. આ પ્રકારનો એક અત્યંત ચર્ચાસ્પદ અને ઐતિહાસિક કિસ્સો બન્યો હતો. એક સરકારી વિભાગમાં ફરજ બજાવતા અધિકારી સતત લાંચ લેતા હતા અને કાળી કમાણી ઘરમાં લાવતા હતા. તેમની પત્ની જે પોતે ઉચ્ચ શિક્ષિત અને નૈતિક મૂલ્યોમાં માનનારાં હતાં તે પતિની આ કરપ્શનની આદતથી સખત પરેશાન હતાં.*

*ઘરમાં લાખો રૂપિયા રોકડા આવતા અને પતિ તે નાણાં છુપાવવા માટે પત્ની પર દબાણ કરતો હતો. પત્નીએ વારંવાર વિનંતી કરી કે 'આપણને પાપની કમાણી નથી જોઈતી, જે પગાર આવે તેમાં ખુશ રહીએ.' પરંતુ પતિ માન્યો નહિ અને તેના પર માનસિક તેમજ શારીરિક ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું. આખરે પત્નીએ માત્ર ઘર છોડવાનો નિર્ણય ન લીધો, પણ પતિને પાઠ ભણાવવાનું નક્કી કર્યું.*

*એણે હરિયાણાની સ્ટેટ વિજિલન્સ બ્યૂરોનો સંપર્ક કર્યો. પતિ ક્યારે, કોની પાસેથી અને કેટલા રૂપિયાની લાંચ લેવાનો છે તેની સચોટ માહિતી આપી. વિજિલન્સની ટીમે ઘેરોબંધી કરીને એ ભ્રષ્ટ પતિને લાખોની લાંચ લેતાં રંગેહાથ ઝડપી લીધો.*

*આ દરોડા પછી પત્નીએ ભ્રષ્ટ પતિને કાયમ માટે છોડી દીધો. તે પોતાનાં બાળકોને લઈને પિયર ચાલી ગઈ અને કોર્ટમાં છૂટાછેડા તેમજ ભરણપોષણ માટે કાનૂની દાવો માંડ્યો. કોર્ટમાં સુનાવણી દરમિયાન પત્નીએ ન્યાયાધીશ સામે સ્પષ્ટ કહ્યું કે 'જે વ્યક્તિ દેશ અને કાયદા સાથે ગદ્દારી કરતો હોય તેની સાથે હું એક છત નીચે ન રહી શકું. મારે મારાં બાળકોને પાપની કમાણીથી નથી ઉછેરવાં.!' કોર્ટે પણ સ્ત્રીની આ નૈતિક હિંમતની સરાહના કરી હતી અને તેને કાનૂની રક્ષણ આપ્યું હતું.*

*આખી ચર્ચાનો સાર એ છે કે પત્નીને એના પતિની કમાણી વિશે ખબર હોવી જોઈએ અને એમાં કોઈ ગરબડ હોય તો એનો વિરોધ કરવો જોઈએ અને એવાં કામને અટકાવવાં જોઈએ.*

તારો બન્ની

# સંધ્યા છાયા

## - અને શ્રવણ જેવો દીકરો પ્રત્યક્ષ મળ્યો!

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

**આજની** પેઢી ઘરડાં મા-બાપને 'ડસ્ટ બીન' માને છે એવી વાત ચર્ચાય છે અને મહદ્અંશે એ વાત સાચી પણ છે. યુવાન પેઢીને વૃદ્ધ માવતરને સાચવવાં ગમતાં નથી એવું મહદ્અંશે જોવામાં પણ આવે છે. માવતર વૃદ્ધ થાય એટલે વૃદ્ધાશ્રમમાં મૂકવા કે પછી તેમના પર ધ્યાન ન આપવું - અનાદર કરવો - સમય કાઢીને વાતચીત ન કરવી એવો સિનારિયો આજે જોવા મળે છે.

શ્રવણ જેવાં સંતાન હોવા એ યુગો જૂની ભૂતકાળની વાત બની ગઈ હોય એવું લાગે છે, પણ સ્થિતિ આટલી બધી નકારાત્મક પણ નથી. ક્યાંક ક્યાંક રણમાં મીઠી વીરડી જેવા પ્રસંગ જોવા પણ મળે છે ત્યારે થાય છે કે માનવીમાં હજુ માનવતા બચી છે, સાવ મરી પરવારી નથી.

જાણીતા આર.જે.ની એક રીલ જોઈ અને દિલ બાગબાગ થઈ ગયું. આ વખતે એક એ વાત પણ સાબિત થઈ કે સોશ્યલ મીડિયાનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો ઘણી ઉપયોગી માહિતી મેળવી શકાય છે. આપણે હંમેશાં કહેતા હોઈએ છીએ કે સોશ્યલ મીડિયાને કારણે હાનિ પહોંચે છે, પણ એવું નથી. યોગ્ય ઉપયોગ કરીએ તો આ સોશ્યલ મીડિયા બહુ કામનું છે અને અસરકારક પણ છે. એના પર કેટલા મિત્રો બનાવી શકાય છે, કેટલી માહિતી મેળવી શકાય છે. મને પોતાને સોશ્યલ મીડિયા પરથી ગુજરાતના કેટલા બધા લેખક મિત્રો મળ્યા છે. જો સોશ્યલ મીડિયા ન હોત તો આ મિત્રો મળી શક્યા ન હોત.

અરે, વાત આપણે શ્રવણ જેવા દીકરાની કરવાના હતા, પણ આડે પાડે ચઢી ગયા. ચાલો, જવા દો-ફરીથી મૂળ વાત પર આવીએ.

હા, તો આપણા એક જાણીતા આર.જે.ની રીલની વાત કરતા હતા. મોબાઇલ સર્ફ કરતાં ધ્યાન પડ્યું તે એની વાત રસપ્રદ લાગી એટલે આખી રીલ જોઈ લીધી. એની વાત કરવી છે, જોકે એના એક એક શબ્દ યાદ નથી એટલે એની રજૂઆત મારી રીતે કરીશ....

આપણા આર.જે. અને તેમનાં પત્ની ટ્રેનમાં ફરવા જઈ રહ્યાં હતાં. ટ્રેન ઊપડી. બંને મોજમાં હતાં. સામેની સીટ પર તેમના સહ પ્રવાસીમાં એક પરિવાર હતો. બે નાનાં બાળક, તેમનાં માતા-પિતા અને તેમનાં દાદા-દાદી. બધાં આનંદ કિલ્લોલ કરતાં હતાં. દાદા-દાદી બાળકોને રમાડતાં હતાં. દીકરો પોતાના વૃદ્ધ પિતા સાથે વાતો કરતો હતો અને સ્ટેશને-સ્ટેશને ચા-પાણી પીવડાવતો હતો. વચ્ચે એકાદવાર માતા અને તેની પત્નીએ પણ ચા પીધી. દીકરો પિતા સાથે સતત વાતો કરતો હતો, 'પપ્પા, જુઓ આ શહેરમાં પેલા આપણા કલાયન્ટની ઑફિસ છે અને અહીંની જાણીતી હોટેલનો ઢોસો તો દાઢે વળગેલો છે.'

'દીકરા, તું ભૂલી ગયો લાગે છે. તું તો છેલ્લાં ૧૨-૧૫ વર્ષથી બિઝનેસ ટુર પર જાય છે, તારી પહેલાં તો હું જ જતો હતો અને એ હોટેલ પર જઈને ઢોસો ખાવાનું મેં જ તમને કહેલું. ત્યારથી તું ત્યાં જઈને ઢોસો ખાય છે. લો, બોલો પાછો મને આ વાત કહે છે - જાણે મને ખબર જ ન હોય! ખરો છે હં - બાપને કહેવા નીકળ્યો છે પણ ભૂલી ગયો છે કે 'બાપ આખિર બાપ હોતા હૈ' આમ કહીને પિતાએ દીકરાના વાંસા પર ધબ્બો માર્યો અને બંને હસી પડ્યા.

જમવાનો સમય થયો એટલે પુત્રવધૂએ સાથે લાવેલ ટિફિન ખોલ્યું.




વિવિધ વાનગીઓ સાથે લાવેલ ડિસ્પોઝેબલ ડિશમાં પીરસીને બધાંને જમવા આપ્યું. પુત્રવધૂએ સાસુ-સસરાને ધ્યાનમાં રાખીને કૂણાં માખણ જેવાં થેપલાં બનાવ્યાં હતાં. ખમણ-ઢોકળા પણ સૉફ્ટ હતા. બધાંએ સાથે બેસીને મજાક-મસ્તી કરતા કરતાં ખાધું.

આખી રાત ટ્રેનમાં કાઢવાની હતી તેથી બધાએ થોડા કલાક આરામ કરી લેવાનું વિચાર્યું. દીકરાએ પોતાનાં માતા-પિતાને નીચેની સીટ પર ચાદર વગેરે બરાબર પાથરીને, તકિયો આપીને, બરાબર ઓઢાડીને સૂવડાવી દીધાં. પછી બાળકો અને છેલ્લે દીકરા-વહુએ આરામ કરવા લંબાવ્યું.

વહેલી સવારે તેમનું ડેસ્ટિનેશન આવ્યું. બધાં ઊતર્યાં. પછી એ બધાં પોતાની હોટેલનું વેહિકલ આવે તેની રાહ જોતાં ઊભાં રહ્યાં ત્યારે આ પરિવારથી ઇમ્પ્રેસ થયેલા એમના સહપ્રવાસી રહેલા એ આર.જે.એ દીકરાને કહ્યું, 'તમે માતા-પિતાને લઈને ફરવા નીકળ્યા છો તે બહુ જ સારી વાત છે. તો શું તમે હંમેશાં આવી રીતે ફરવા જાઓ છો?'

'હા, વર્ષમાં એક વાર અમે મારાં માતા-પિતા સાથે ફરવા નીકળીએ છીએ. જુઓ, મારા પપ્પાને ૬૫ વર્ષ થયા અને મમ્મીને ૬૩... બંનેની જાત હજુ ચાલે છે. તે બન્ને હાલી-ચાલી શકે છે ત્યાં સુધી તેમને મારે હરવા-ફરવા લઈ જવું છે. અમારે સાથે તેમને આનંદ કરાવવો છે. મને વર્ષમાં એક વાર જ સમય મળે છે. તો આ સમય માવતરનો અને અમારો આનંદમાં પસાર થાય એમ હું ઇચ્છુ છું. મુંબઈમાં તો હું બહુ જ વ્યસ્ત રહું છું. પરિવાર સાથે જરૂરી વાતચીત થઈ શકે, પણ વધારે સમય ન આપી શકાય. રજાના દિવસે પણ કંઈક કામ નીકળે કે વ્યવહારમાં જવા આવવાનું થાય. તેથી એક નિયમ જ રાખ્યો છે કે વર્ષમાં એક વાર સપરિવાર ફરવા જવાનું એટલે જવાનું ... મારે માટે મારાં માતા-પિતા સર્વસ્વ છે. તેમણે મારા માટે કેટલું કર્યું છે! ખૂબ હેતથી ઉછેર્યો, ભણાવ્યો-ગણાવ્યો. મને ગમતી યુવતી સાથે પરણાવ્યો. મારાં બાળકોને કેટલો પ્રેમ આપે છે તે બન્ને ! દાદા-દાદી તેમને વાર્તા કહે, તેમની સાથે રમે, અમે બહાર ગયા હોઈએ તો પાછળથી અમને ઘરની કે બાળકોની જરાય ચિંતા નથી હોતી.'

પેલા યુવાનની વાત સાંભળીને આર.જે.એ કહ્યું, 'આ જમાનામાં પણ હજુ શ્રવણની યાદ અપાવે એવા દીકરા જીવે છે!' ■

# લાડકી

## કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# મેરી અમારા ઘરનો પુરુષ હતી... કમાઉ - ગુસ્સેલ ને કડક!

(ભાગ: ૪)

નામ: અરુંધતિ રૉય
સમય: ૨૦૨૬
સ્થળ: દિલ્હી
ઉંમર: ૬૪ વર્ષ

ભારતીય સ્ત્રીની જિંદગી મોટાભાગે 'ગુડગર્લ' સાબિત થવામાં પૂરી થઈ જાય છે. મેરી રૉય પાસેથી હું એક વાત શીખી હતી, જીવનમાં કંઈ પણ સાબિત કરવાનો પ્રયત્ન કરવો નહીં, કારણ કે ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં પણ કંઈ સાબિત થઈ શકતું નથી... ન બુદ્ધિશક્તિ, ન આવડત કે ન પ્રામાણિકતા! સાચું પૂછો તો મારી માને ક્યારેય કોઈ પ્રૉપર્ટી પચાવી પાડવામાં રસ જ નહોતો, પરંતુ અંકલ આઇઝેકે સવારના પહોરમાં આવીને જે રીતે બૂમાબૂમ કરી, તમાશો કર્યો એનાથી મારી માનું મગજ ફરી ગયું હોવું જોઈએ.

આ એવો સમય હતો જ્યારે અમે માંડ માંડ સેટલ થયાં હતાં... એ કૉટેજમાં માત્ર અમે નહોતાં રહેતાં, એક ઈંગ્લિશ લેડી મિસિસ પેટમોર પણ ત્યાં રહેતી હતી. એના વિભાગને મૂળ કોટેજથી લાકડાના પાર્ટિશન દ્વારા જુદો પાડવામાં આવ્યો હતો. એ પફી-બુફોંની હેરસ્ટાઇલ કરતી. ફ્રૉક પહેરતી અને સ્ટાઇલમાં રહેતી. એ ભાડું આપતી હતી કે નહીં એની મને ખબર નથી, પરંતુ લોકો વાતો કરતા હતા કે એ બાળક હતી ત્યારથી અહીં આવી હતી, પછી કદી ગઈ જ નહીં. આ કૉટેજ મારા ગ્રાન્ડફાધરે (નાનાએ) કોઈ એક સમયે ખરીદ્યું હશે. અહીં એમના સૂટ, ટાઈ, હેટ અને રંગીન શર્ટ્સના પટારા ભરેલા હતા. અમે એ પટારા ખોલતાં. એમાંથી કપડાં કાઢીને જાતભાતની રમતો રમતાં. એ વખતે અમને આ વસ્ત્રોની કિંમત કે મહત્ત્વ ન સમજાય એ સ્વાભાવિક હતું, પરંતુ અમે જ્યારે સમજણા થયાં ત્યારે મારા નાના વિશે અનેક અફવાઓ સાંભળી. જેમાં એમના શોખ, ઘમંડ અને હિંસક સ્વભાવની વાતો પણ હતી. કહેવાય છે કે મારી નાનીમાએ એકવાર ગુસ્સામાં મારા નાનાને પિત્તળનો વાઘ માથામાં મારી દીધેલો, કારણ કે એ એમના હિંસક અને રોમેન્ટિક સ્વભાવથી થાકી ગયાં હતાં.

આ કૉટેજ એક રીતે અમને ફળ્યું હતું, કારણ કે અમે અહીંયા આવ્યા કે તરત મારી માને બ્રિક નામની શાળામાં શિક્ષિકા તરીકે નોકરી મળી ગઈ. એનો આસામનો અનુભવ પણ એને કામ લાગ્યો. આ ઉટીની બ્રિટિશ મિશનરી શાળા હતી. જેમાં મોટાભાગે બ્રિટિશ મિશનરી શિક્ષકો હતી. એક નિયમિત પગાર આવવાનો શરૂ થયો. એનાથી અમારી આર્થિક હાલતમાં ઘણો સુધારો આવ્યો. અમે નિરાંતનો શ્વાસ લઈએ એ પહેલાં તો એમિનમ હાઉસમાં વસતા મારી માના મોટાભાઈ જી. આઇઝેક જહૉનને જાણ થઈ ગઈ કે અમે 'એમના' ઘરમાં રહેવા લાગ્યા છીએ. આઇઝેક જમીનદાર માનસિકતા ધરાવતા પૈતૃક સમાજનું પ્રતિનિધિત્વ કરતા એક એવા વ્યક્તિ હતા જેમને માટે પરિવારની ઇજ્જતથી વધારે મહત્ત્વનું કશું નહોતું! એમની બહેને છૂટાછેડા લઈને એમના પરિવારનું અપમાન કર્યું હતું, એટલું જ નહીં, એ બાળકો સાથે સ્વતંત્ર, એકલી રહેતી હતી. લોકોની વાતો સાંભળીને એ ઉશ્કેરાયેલા હતા. એમાં વળી, મારી માએ પૈતૃક સંપત્તિ પર સીધો દાવો કરીને એમને ચૅલેન્જ કર્યા. અંકલ આઇઝેક મગજ ગુમાવીને ગુસ્સામાં ધનધનાવતા સીધા ઉટી આવી પહોંચ્યા.

એક દિવસ સવારે અમે ઊઠ્યા (હું અને લલિત) ત્યારે સવારે બૂમાબૂમ ચાલતી હતી. આંખો ચોળતા, ડરતા અમે બહાર નીકળ્યા ત્યારે જોયું કે અંકલ આઇઝેક અને મારી મા વચ્ચે જબરજસ્ત ઝઘડો ચાલતો હતો. મિસિસ પેટમોર મલયાલમમાં ચાલી રહેલા આ ઝઘડાને અત્યંત રસ સાથે બેવકૂફની જેમ જોઈ રહી હતી. મેં લલિતનો હાથ પકડીને પૂછ્યું, શું આપણે અહીંથી પણ જવું પડશે? લલિત કંઈ ઝાઝું સમજ્યો નહોતો તેમ છતાં એણે કહ્યું, ના. મા સંભાળી લેશે.

આજે વિચારું છું તો સમજાય છે કે મારી મા અમને ખૂબ ચાહતી હતી. અમારે માટે પ્રોટેક્ટિવ હતી. અમારી ચિંતા કરતી હતી, પરંતુ સાથે જ એનો બધો ગુસ્સો અમારા પર ઊતરતો. ખાસ કરીને લલિત, જે એને માટે પેટ્રિઆર્કિ (પૈતૃક સમાજ)નું પ્રતીક હતો, એ મારી માનો સૌથી વધારે માર ખાતો. મારા ઉપર ગુસ્સે થતી ત્યારે મારી મા મારા ચાળા પાડતી. અમને માર્યા પછી એ પોતે જ રડવા લાગતી. એને અસ્થમાનો એટેક આવતો, પણ એ અમને વહાલ ન કરતી! એમાં કદાચ એની એવી માનસિકતા હશે કે એકવાર વહાલ કરશે તો અમે પછી એના આ ક્રોધ કે મારથી ડરવાનું છોડી દઈશું. મેરી અમારા ઘરનો પુરુષ હતી. કમાઉ, ગુસ્સેલ અને કડક!



અરુંધતિ રૉય

તો, અંકલ આઇઝેક આવી પહોંચ્યા ત્યારે મેરીએ એમનો જબરજસ્ત મુકાબલો કર્યો. અંકલ આઇઝેક વિદ્વાન હતા. ભારતના જુજ સ્કોલરમાં એમનું નામ ગણાતું. ગ્રીક અને રોમન માયથોલૉજી ઉપર એમણે થિસિસ કરી હતી. એ ક્યારેક ગ્રીક ભાષામાં બોલતા તો ક્યારેક એમનું અંગ્રેજી આપણને સમજાય એની ઉપરનું બની જતું. મદ્રાસની કૉલેજમાં બે વર્ષ ભણાવ્યા પછી એ કેરાલા પાછા ફર્યા હતા. મારા નાનાની જમીનો અને પૈતૃક સંપત્તિની સંભાળ રાખવા એમણે નોકરી છોડી દીધી. હવે કેરાલામાં-કોટ્ટીયમ, અમારા ગામમાં રહીને એ અથાણાં અને ગૃહઉદ્યોગનો ધંધો કરતા હતા. ગામની સ્ત્રીઓને કામ આપવાની સાથે સાથે એમનાં બૅન્કમાં ખાતાં ખોલાવવાં, એમનાં બાળકોને ઍડ્મિશન અપાવવા વગેરે સમાજ સેવાનું કામ પણ કરતા. અંકલ આઇઝેક બીજી સ્ત્રીઓને મદદ કરવા તૈયાર હતા, કારણ કે એ સ્ત્રીઓ ઝૂકીને, એમનું આધિપત્ય સ્વીકારીને મદદ માગવા તૈયાર હતી. જ્યારે સગી બહેન એમને ગમતી નહોતી કારણ કે એ સ્વતંત્ર મિજાજની હતી અને પરિવારના પુરુષનું આધિપત્ય સ્વીકારવા તૈયાર નહોતી.

અંકલ આઇઝેક સાથે પૂરેપૂરો ઝઘડો કર્યા પછી અમે એ કૉટેજમાંથી નહીં જઈએ એવું પ્રસ્થાપિત થઈ ગયું. આઇઝેક જેટલા ગુસ્સામાં આવ્યા હતા એટલા જ ગુસ્સામાં મારી મા પર બરાડા પાડતા પાછા ચાલી ગયા. મારો ભાઈ અને હું આ આખોય તમાશો જોતા રહ્યા!

થોડા વખતમાં મારા ભાઈને સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યો. એ ગોરાઓની સ્કૂલ હતી. ત્યાં મારા ભાઈ સાથે રંગભેદ કરવામાં આવતો. મિસ મિટન નામની એક શિક્ષક મારા ભાઈને કારણ વગર મારતી. નર્સરીમાં ભણતો છોકરો તોફાન ન કરે તો કોણ કરે? આવો સાદો સવાલ ત્યાંની ક્રિશ્ચિયન નનને સમજાતો નહીં હોય એટલે મારો ભાઈ રોજ રડતો અને ડરેલો ઘરે આવતો... મારી માએ એને સ્કૂલમાંથી ઉઠાડી લીધો... હવે અમે બંને પાછા ઘરે જ હતા. ઉટીના રસ્તાઓ ઉપર રખડતા અને આંગણામાં બૉલ રમતા અમારા દિવસો વીતવા લાગ્યા.

ફરી વરસાદની સિઝન આવી અને મારી માનો અસ્થમા ખૂબ ખરાબ રીતે હુમલો કરવા લાગ્યો. છ વર્ષનો છોકરો અને ચાર વર્ષની છોકરી, શાકભાજી, ગ્રોસરી, બ્રેડ લેવા જવા લાગ્યા. ઉટી નાનકડું શહેર હતું એટલે પોલીસવાળા, દુકાનદારો સહિત બધા અમને ઓળખતા. સૌ અમારી દયા ખાતા, પણ એમાંય કુરુસમ્માલ નામની એક સ્ત્રી જે ઉનના સ્વેટર ગૂંથવાની દુકાનમાં નોકરી કરતી હતી એને અમારા પર બહુ વ્હાલ આવતું...

એક દિવસ એ અમારી સાથે અમારા ઘરે આવી... એણે જોયું કે મારી મા પથારીમાંથી ઊઠી શકતી નથી. ઘરની હાલત ભયાનક હતી. ચારે તરફ વાસણો, કપડાં વિખરાયેલા હતાં. ભોજનનાં ઠેકાણાં નહોતાં. બિલાડી ઘરમાં આંટા મારતી હતી. એણે આ બધું જોઈને અમારી સાથે રહેવા આવવાનું નક્કી કરી લીધું. કોણ જાણે એના મનમાં શું હશે, પરંતુ અમારી પાસે એવા પૈસા નહીં હોય એ તો એને જોઈને જ સમજાઈ ગયું હશે. તેમ છતાં એણે અમારી કાળજી લેવાનું નક્કી કર્યું, એ એનો ઉપકાર હતો! હવે ઘર એકદમ ચોખ્ખું અને ચકાચક રહેતું. અમને ગરમ ભોજન મળવા લાગ્યું. મારી મા દિવસમાં બે વાર નાસ લેતી. કોરાં કપડાંનો શેક કરતી. એ પણ સાજી થવા લાગી... લલિતને અને મને પહેલી વાર ખબર પડી કે ભેટવું, વહાલ મેળવવું એ કેટલી અદ્‌ભુત ચીજ છે. અમારા માથામાંથી જુ કાઢીને હવે એ અમને ચોખ્ખા નવડાવતી. સમય સમયાંતરે તડકામાં બેસાડીને અમારા શરીર પર માલિશ કરતી. અમે બંને જણા-ભાઈ બહેન હવે ચોખ્ખાં અને સુંદર દેખાવા લાગ્યાં. અમારી ઊંઘ પૂરી થતી, સમયસર ભોજન મળતું અને મેરી પણ અમારી ચિંતા કર્યા વગર નિરાંતે પોતાની નોકરીમાં પાછી જોડાઈ ગઈ. કુરુસમ્માલનો અર્થ થાય છે 'મધર ઑફ ક્રૉસ. કુરુસમ્માલનો પતિ યેસુરથમ અવારનવાર અમારે ત્યાં આવતો. એ કુન્નુરમાં ચાના બગીચામાં કામ કરતો હતો. કુરુસમ્માલ ત્યાં રહી શકે એમ નહોતી, કારણ કે એ ત્રણ મજૂરોની સાથે રૂમ શૅર કરતો હતો. બંને જણા જુદા રહેતા હતા, પરંતુ કુરુસમ્માલ પાસે હવે પરિવાર હતો. અમે એનાં સંતાનોથી વિશેષ હતાં... યેસુરથમ પણ જ્યારે આવે ત્યારે અમારે માટે ચૉકલેટ કે રમકડાં લઈ આવતો.

અંકલ આઇઝેકના ધમકીભર્યા પત્રો ચાલુ જ હતા. એક દિવસ કુરુસમ્માલે મારી માને સમજાવી... શું સમજાવ્યું એ તો હું સમજી નહોતી, પણ મેં મેરીને પહેલીવાર રડતી જોઈ. બીજે દિવસે સવારે એણે પોતાનું અભિમાન છોડીને કેરાલા જવાનો નિર્ણય કર્યો. મારી નાનીના ઘેર પાછા જવાનો આ નિર્ણય કેટલો સાચો અને કેટલો ખોટો હતો એનો નિર્ણય હું આજ સુધી કરી શકી નથી.

(સાભાર: મધર મેરી કમ્સ ટુ મી: અરુંધતિ રૉય) (ક્રમશઃ)■

## લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# આ બધાં કારણ છે મનનાં...




ભગવાને દુનિયામાં જાતજાતના નમૂનાઓ બનાવ્યા છે. રંગ, સુગંધ, વિચારોની ભિન્નતા, જાતજાતની વિવિધ ટેવો, વિવિધ વ્યવહારો, બોલી, પસંદ-નાપસંદ, દેખાવથી લઈ વિવિધ ખાસિયતો. કદાચ આ વિવિધતાને કારણે જ દુનિયામાં રહેવું ગમે છે અને કેટલાક રસિકોને તો સો વરસ આ દુનિયામાં રહીને ખડખડાટ હસવું, રડવું, ગાવું, નાચવું અને તારી-મારી પણ થાય એટલી કરી લેવી છે.

જગત આખામાં પ્રેમીઓને પ્રેમના આવિર્ભાવ માટે ગુલાબનું ફૂલ એટલે કે સુગંધિત ફૂલ પોતાની પ્રિય વ્યક્તિને આપવું ગમે છે, પણ અમારા પડોશીએ પોતાના બગીચામાં એકલા ધતૂરાના છોડ રોપેલા છે અને એને જીવની જેમ સાચવે છે. બચુભાઈને ગુલાબ, મોગરા, ચમેલી રોપવા ખૂબ સમજાવેલા, પણ માને એ બીજા. એક દિવસ એમણે સમી સાંજે એક મહેફિલમાં બે પેગ લગાવ્યા પછી કહ્યું, 'યારો, દરેકની પસંદ જુદી હોઈ શકે અને હોવી જ જોઈએ. કોઈના ચીલે શા માટે ચાલવું? મેં તો હવે મારી પ્રિય વ્યક્તિઓને ધતૂરાનાં ફૂલ પ્રેમના આવિર્ભાવ માટે મોકલવાનાં શરૂ કર્યાં છે.'

અમે એક વાર અમારી સ્કૂલના મિત્રને ત્યાં ગામડે એમની દીકરીનાં લગ્નમાં જમવા ગયેલાં. અમે બધાં શહેરના મિત્રો સાથે જમીન ઉપર પંગતમાં માંડ માંડ પલાંઠી વાળીને એકબીજાના ટેકે બેઠાં. એક પછી એક વાનગી આવવાની શરૂ થઈ અને પતરાળા ઉપર પીરસાતી ગઈ. પહેલાં કારેલાનું શાક આવ્યું. બાજુમાં બેઠેલા મારા મિત્રે ના લીધું. બીજા દરેક મિત્રોએ લીધું, કારણ કે ભૂખ કકડીને લાગી હતી. પછી વેંગણનું શાક આવ્યું. અમે લીધું, પરંતુ બાજુવાળા સમીરે ના લીધું. એક પછી એક વાનગીમાં વાલની દાળ, ભાત, દાળ અથાણાં સુધી બધું લીધું. સમીરે ન લીધું. અમે કારણ પૂછ્યું તો કહે, 'મને મીઠાઈ ભાવે છે. હું એની રાહ જોઉં છું. આવે એટલે એ જ ઝાપટવાનો છું.'

જોકે મીઠાઈ ના આવી તે ના જ આવી. અમે તો જે હતું તે ભરપૂર ખાધું. અંતે જાણવા મળ્યું કે કન્યાનાં લગ્ન લેવાં પડે એમ જ હતાં એટલે સાદાઈથી મીઠાઈ ને ફરસાણ વગર કર્યાં. કન્યાની સાસુનું નિધન થયું છે, પણ ખાલી કારભારી જ આ વાત જાણે છે અને એણે લગ્ન સાદાઈથી ઉલેચી નાખ્યાં છે, કારણ કે આ લગ્ન લંબાવવામાં જોખમ છે. આ ગામના લોકો ફાડચા મારીને લગ્ન ફોક કરાવવા માટે ખૂબ ફેમસ છે.

'મારા મનની મરજી. હું ખાઉં તો પહેલાં મને ભાવતું હોય તે જ ખાઉં. સમજ્યા?' એવું કહેનારો સમીર છેલ્લે પાંચ-છ ગ્લાસ પાણી પીને વીલા મોઢે કારમાં બેઠો. કેટલાક માણસો એવા અડિયલ અને મનસ્વી હોય છે કે વાતે વાતે એમનું મન કહે તેમજ આચરણ કરે. વારે વારે એમનો 'સ્વ' ફૂંફાડા મારે.

ઘણાનું મન એટલું સરળ અને સમજુ હોય કે ન પૂછો વાત! રમીલાબહેનના પતિનું મન સાવ સરળ અને સમજુ. જેમ કે રમીલા પૂછે, 'આજે શાકમાં કંઈ નથી. બજારે જવાનો કંટાળો આવે છે. ખાલી ખીચડી મૂકી દઉં?'

અને મહાદેવભાઈ કહે, 'સારું.'

'આજે કઠોળ નથી. રોટલો ને કાંદો પાપડ ચાલશે?'

'ચાલશે.'

રમીલાનો ચહેરો એના પતિના મનના સરળ અને સમજુ વ્યવહારના કારણે હંમેશાં હસતો રહે છે. (કાશ! દરેક પરિણીતાનો પતિ આવો હોય તો કેવું સારું!) જોકે અહીં ખતરો એ ઊભો થયો કે એક દિવસ મહાદેવભાઈથી બધાની વચ્ચે બોલાઈ ગયું કે 'મારો સ્વભાવ અને મન ના કદી કોઈ હઠ કરે, ના કોઈ માગણી કરે ના કે કોઈની વિરુદ્ધ જાય.' એટલે હમણાં રોજ જ કાંદો પાપડ ને રોટલાનો આહાર ચાલે છે.

મન નચાવે અને રડાવે તેમજ હસાવે પણ. એમાંથી જ 'ભાત ભાત કે લોગ ઔર ભાત ભાત કી કહાની' એમ અમારા પાડોશી મહાદેવભાઈ (ભોલેનાથ)હંમેશાં કહે છે :

'તમને લીંબુ નાખ્યા વગરના બટાટાવડા કઈ રીતે ભાવે છે? મને તો ભરપૂર લીંબુ-ખાંડવાળા બટાટાવડા જ ભાવે છે.' દરેક ગળામાં જે સ્વાદનો ચટકો છે તે પણ મનનાં કારણ છે. પાંચ-દસ દિવસ વરણાગી કરનારાઓને જો ખાવાનું જ ન મળે તો લીંબુ વગરનું, ખાંડ વગરનું કે મીઠા વગરનું, અરે! જે મળે તે લપાલપ ખાતાં જોયા છે. ઘરે પત્નીને ખાવાની બાબતમાં રોજ લોહીલુહાણ કરતો અમારી કામવાળીનો પતિ ચોરીના આરોપસર એક મહિનો જેલમાં ગયો, ત્યારે અમારી કામવાળી ગંગી જેલરને કહી આવેલી કે 'સાહેબ, એને તમે મારતા નહીં. પણ એને એક મહિનો મીઠાં-મરચાંને તેલ વગરનું લૂખું-પાખું, કાચું-પાકું એવું ભંગારમાં ભંગાર ખાવાનું આપજો.'

મહિના પછી સાવ કૃશ થઈ ગયેલો પતિ પહેલું વાક્ય બોલ્યો, 'હવે પછી હું તને ખાવાની બાબતમાં તો નહીં જ મારું.' (એટલે કે બીજી વાતોમાં તો મારીશ!)

આમ યુદ્ધો થવાનાં કારણમાં જ તો મનનાં કારણો અને ભીતર રહેલા 'સ્વ'નું સંચાલન વિશ્વની અશાંતિમાં મોટો ભાગ ભજવે છે. બહાર વૈશ્વિક વિસ્ફોટો છે, તો ઘરમાં પણ નાના-મોટા વિસ્ફોટો થાય છે. એમાં ક્યાંક મન અને ક્યાંક કોઈકનો 'સ્વ' ધારેલું કરવામાં કુટુંબની એકતા અને તંગ વાતાવરણ માટે જવાબદાર બને છે. જે હોય તે. હું તો ઘરેલુ વિસ્ફોટ થાય ત્યારે તરત ઠંડું પાણી રેડી દઉં છું. હવે તમે તમારું જોઈ લેજો! ■

## ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# એક વાર્તા થકી મળે છે ઓળખ

શાળામાં આજે 'સ્ટોરી ટેલિંગ ઍક્ટિવિટી' ચાલી રહી હતી. કોઈ હેરી પોટર વિશે બોલતું હતું, કોઈ પ્રેરણાત્મક વાર્તા કહેતું તો કોઈ માત્ર પૉઇન્ટ્સ મેળવવા ગૂગલથી તૈયાર કરેલી સ્પીચ વાંચી રહ્યું હતું. જોકે ક્લાસની છેલ્લી બેન્ચ પર શાંતિથી બેસેલી આરોહી જ્યારે સ્ટેજ પર ગઈ ત્યારે એના હાથમાં એક પુસ્તક હતું

મટિલ્ડા : મૂઢમતિ માતા-પિતાની જ્ઞાનવતી દીકરી

'આ માત્ર વાર્તા નથી.' આરોહીએ શરૂઆત કરી. ક્લાસમાં થોડી શાંતિ છવાઈ ગઈ. મટિલ્ડા એક એવી છોકરી જે પોતાના જ ઘરમાં અજાણી હતી. અત્યંત ચબરાક, ચાલાક, હોશિયાર એવી એ છોકરી મૂર્ખાઓ વચ્ચે ફસાય ગયેલી. મમ્મી-પપ્પા અને મોટો ભાઈ ત્રણેય બુદ્ધિના લઠ્ઠ. મટિલ્ડાને પુસ્તકો ગમતાં. એ વાંચતી રહેતી ત્યારે ઘરમાં પેલા ત્રણેય મોટા અવાજે ટીવી જોતાં. એ વધુ વિચારતી, કારણ ઘરમાં અન્ય કોઈ પાસે વિચારવા યોગ્ય દિમાગ નહોતું. એ આસપાસના લોકો કરતાં અલગ હતી. અને કદાચ આ કારણસર જ સતત અવગણના ભોગવતી.....

આ બોલતાં-બોલતાં આરોહીની અંદરથી જાણે અવાજ સ્ફૂર્યો. એ માત્ર પુસ્તકની વાર્તા નહોતી કહી રહી. એ પોતે મટિલ્ડામાં ઓતપ્રોત થઈ ઉઠેલી.

'મટિલ્ડા' નામનો અર્થ વૉરિયર કે યોદ્ધા એવો થાય છે અને અહીં મટિલ્ડા માટે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા કરવી પડતી મહેનત કોઈ યુદ્ધથી સહેજ પણ ઊણી ઊતરે એવી હતી નહીં.

મટિલ્ડા એક ઉત્કૃષ્ટ બુદ્ધિ પ્રતિભા ધરાવતી છોકરી છે જે સાઈકો કાયનેટિક એબિલિટી ધરાવે છે એટલે કે પોતાના મનની આંતરિક ઇન્દ્રિય શક્તિઓની મદદ દ્વારા એ બાહ્ય પરિસ્થિતિઓ પર નિયંત્રણ રાખી શકે છે. આના કારણે એ અન્યો કરતાં અનોખી તરી આવે છે. મટિલ્ડા પિતા હેરી, માતા જીન્ની અને મોટા ભાઈ માઇકલ સાથે રહે છે. કોઈ અગમ્ય કારણોસર આ ત્રણેય દ્વારા મટિલ્ડાની સતત અવગણના અને ઉપેક્ષા કરવામાં આવતી હોય છે. જાણે મટિલ્ડા એ ઘરમાં રહેતી જ નથી, એમના પરિવારની સભ્ય જ નથી એ પ્રકારનું વર્તન એની સાથે દરરોજ કરવામાં આવે છે. મટિલ્ડા જોકે એ બધા કરતાં એકદમ સ્વસ્થ, સ્માર્ટ અને સ્વતંત્ર છે. એ



પોતાની એકલતાનો સથવારો પુસ્તકોને બનાવે છે. પુસ્તકોની કાલ્પનિક દુનિયા એને પોતાના વાસ્તવિક જગતની એકલતા, માતા પિતા-ભાઈના ધિક્કાર તેમજ મૂર્ખ ભાઈથી દૂર રાખે છે. પુસ્તક લેવાના પૈસા નથી એટલે પબ્લિક લાઇબ્રેરીનો ઉપયોગ કરતી મટિલ્ડા અતિ હોશિયાર છે એવું માનવાને બદલે 'એનામાં બુદ્ધિનો છાંટો નથી. એની પાછળ એક રૂપિયાનો પણ ખર્ચ કરવો અનાવશ્યક છે' એવું માનતા એના સાવ ઘનચક્કર જેવાં મા-બાપ એને સારું ભણતર આપવા રાજી નથી.

છેવટે સ્કૂલની એક ઋજુ, સંવેદનશીલ શિક્ષિકા એવી મિસ હનીના સ્વરૂપમાં મટિલ્ડાને એક મા, બહેન, મિત્ર, શિક્ષક અને પરિવાર કઈ રીતે મળી ગયાં એ આખી સફરની વાર્તા આ પુસ્તકમાં છે...

'દરેક સ્કૂલમાં આવી કેટલીક છોકરીઓ હોય છે,' આરોહીએ આગળ ચલાવ્યું : 'જે બહુ બોલતી નથી. જેને ઘરાર એકલા બેસવું પડે છે. જેને પુસ્તકો સંગાથે શાંતિ મળે છે. જે હંમેશાં અન્યો કરતાં અલગ તરી આવે છે. અને ઘણીવાર સમાજ આવી છોકરીઓને સમજવાનો પ્રયત્ન કરવાને બદલે એમને બદલવાનો પ્રયત્ન કરે છે. એવું કહીને કે 'થોડી નૉર્મલ રહેતાં શીખ, આખો દિવસ શું વિચાર્યા કરે છે? તારે હવે વધારે સ્માર્ટ બનવાની જરૂર નથી.' આવાં વાક્યો ઘણી ટીનએજ છોકરીઓ રોજ સાંભળતી હોય છે.

લેખક રોલ્ડ ડ્હેલે સર્જેલું 'મટિલ્ડા'નું પાત્ર આપણી વચ્ચે રહેલી આવી છોકરીઓનો અવાજ છે જે અંદરથી ખૂબ સમજદાર, લાગણીશીલ અને અલગ છે, પરંતુ સતત પોતાની આવડતને છુપાવતાં શીખી રહી છે. આરોહીએ પોતાની વાત પૂરી કરતાં ઉમેર્યું:

'મટિલ્ડાએ મને શીખવ્યું કે અલગ હોવું ખોટું નથી. આપણે જેવા છીએ એવા જ રહેવું એ ક્યારેક જીવનની સૌથી મોટી બહાદુરી હોય છે.'

થોડી ક્ષણ માટે આખો ક્લાસ શાંત રહ્યો. કદાચ પહેલીવાર કોઈએ માર્ક્સ, મેકઅપ કે મોટિવેશન સિવાય એમના જેવી કોઈ છોકરીની અંદર ઊભરાતી લાગણીઓની દુનિયા વિશે વાત કરી હતી.

ટીનએજ એક એવી ઉંમર છે જ્યાં દરેક વ્યક્તિ સ્વીકાર શોધી રહી હોય છે. ખાસ કરીને છોકરીઓ. ઘણીવાર લોકો એમને જેવી જોવા માગે છે એવું બનવામાં પોતાની સાચી ઓળખ ગુમાવી દેતી હોય છે. કોઈ પોતાની બુદ્ધિક્ષમતા છુપાવે તો કોઈ લાગણીઓ. કોઈ પોતાની શાંતિ તો કોઈ આવડત, પરંતુ 'મટિલ્ડા' જેવી વાર્તાઓ યાદ અપાવી જાય કે દુનિયાને ગમવા માટે જાતને બદલવી જરૂરી નથી. જો તમને પુસ્તકો ગમે છે તો ગમવા દો.

જો તમે વધુ સંવેદનાઓ અનુભવો છો તો અનુભવવા દો.

જો તમારું મન અન્યો કરતાં અલગ વિચારે છે તો વિચારવા દો....

કારણ કે દરેક વ્યક્તિ ભીડ માટે નથી બની હોતી.

ક્લાસ પૂરો થયા પછી આરોહી પોતાની બેન્ચ પર આવીને શાંતિથી બેસી ગઈ, પરંતુ આ વખતે એ એકલી નહોતી. એની બાજુમાં એક છોકરી ધીમેથી બોલી, 'મારે પણ એ પુસ્તક વાંચવું છે.'

કદાચ કેટલીક વાર્તાઓનો જાદુ એ જ હોય છે.

એ લોકોનું જીવન નથી બદલતી, પરંતુ લોકોને પોતાની જાત સુધી પાછા ફરવામાં મદદ કરે છે. ■

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

### અનેક દીકરીઓ માટે પ્રેરણા એવી...

# મહિલા ક્રિકેટની સ્ટાર બોલરઃ ઝુલન ગોસ્વામી

**ભારતમાં** ક્રિકેટ સૌથી લોકપ્રિય રમત છે. પુરુષ ક્રિકેટરોની ખ્યાતિ ગાંડપણની હદ સુધી છે તે આપણે જાણીએ છીએ. જોકે હવે મહિલા ક્રિકેટરોનો પણ મજબૂત ચાહકવર્ગ ઊભો થઈ ગયો છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ એવી મજબૂત ખેલાડીઓથી બનેલી છે જેમણે પોતાના પ્રભાવશાળી પ્રદર્શનથી દેશ-વિદેશમાં પોતાની આગવી ઓળખ બનાવી છે.

આવી જ એક ખેલાડી છે ઝુલન ગોસ્વામી. ઝુલન ગોસ્વામી રાષ્ટ્રીય મહિલા ક્રિકેટ ટીમની ખેલાડી રહી છે. નિવૃત્ત થતાં પહેલાં તે સૌથી વધુ વિકેટ લેવાનો રેકૉર્ડ ધરાવે છે. તે ઝુલન ગોસ્વામી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨,૦૦૦થી વધુ ઓવર ફેંકનારી વિશ્વની એકમાત્ર બોલર હોવાનું પણ ગૌરવ ધરાવે છે. આવો, ભારતની આ શક્તિશાળી મહિલા બોલર ઝુલન ગોસ્વામી વિશે વધુ જાણીએ...



પશ્ચિમ બંગાળની ઝુલનનો જન્મ ૨૫ નવેમ્બર, ૧૯૮૨ના રોજ નાદિયા જિલ્લામાં થયો હતો. પિતા ઇન્ડિયન ઍરલાઇન્સમાં કામ કરે છે. ઝુલને તેનું પ્રારંભિક શિક્ષણ જિલ્લાના ચકદા શહેરમાં મેળવ્યું હતું. બાળપણથી જ રમતગમતમાં રસ હતો, પરંતુ તેની માતાને તે શેરીઓમાં છોકરાઓ સાથે ક્રિકેટ રમે તે જરાય મંજૂર નહોતું, પણ પિતાએ તેને ખૂબ પ્રોત્સાહન આપ્યું. આમ તો માતા તેની વિરોધી નહોતી, પણ દીકરી તરીકે તેનો ઉછેર પરંપરાગત રીતે થાય તેવી માન્યતા ધરાવતાં હતાં, પણ દીકરીના રમતપ્રેમની આડે તેઓ ન આવ્યાં અને તેને પ્રગતિ કરવા દીધી.



ફિલ્મમાં અનુષ્કા શર્મા ઝુલન ગોસ્વામીના પાત્રમાં...

શરૂઆતમાં ઝુલન અન્ય બંગાળી બાળકોની જેમ ફૂટબૉલની ચાહક હતી, પણ ૧૫ વર્ષની ઉંમરે તેણે ક્રિકેટ રમવાનું શરૂ કર્યું. ઝુલને ૧૯૯૨નો ક્રિકેટ વર્લ્ડ કપ ટીવી પર જોયો ત્યારે તેમને ક્રિકેટમાં રસ પડવાનું શરૂ થયું. ૧૯૯૭ના મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં ઑસ્ટ્રેલિયન બૅટ્સમૅન બેલિન્ડા ક્લાર્કને જોયા પછી આ રમતમાં તેનો રસ વધુ ઊંડો બન્યો. તે દિવસોમાં, ઝુલન ટેનિસ બૉલથી બોલિંગ કરતી હતી. બાળકો તેને ચોગ્ગા અને છગ્ગા ફટકારતા અને તેની ધીમી બોલિંગની મજાક ઉડાવતાં. ત્યારથી ઝુલને મનોમન ફાસ્ટ બોલર બનવાનો સંકલ્પ કર્યો.

તે સમયે ચકદામાં કોઈ ક્રિકેટ સુવિધાઓ ન હોવાથી ઝુલને ક્રિકેટ રમવા માટે કોલકાતા જવું પડતું હતું. કોલકાતામાં તાલીમ પૂર્ણ કર્યા પછી તેને બંગાળ મહિલા ક્રિકેટ ટીમમાં સામેલ કરવામાં આવી. ૨૦૦૨માં, તેણે ૧૯ વર્ષની ઉંમરે ચેન્નઈમાં ઇંગ્લૅન્ડ સામેની એક-દિવસીય આંતરરાષ્ટ્રીય મૅચમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો. ૧૪ જાન્યુઆરી ૨૦૦૨ના રોજ, લખનઉમાં ઇંગ્લૅન્ડ સામે પહેલીવાર ટેસ્ટ મૅચમાં રમવાનો મોકો મળ્યો. ત્યાર બાદ ઝુલન ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો અવિભાજ્ય હિસ્સો બની ગઈ.

ઝૂલને એ વખતની સ્ટાર ખેલાડી મિતાલી રાજ સાથે મળીને ભારતીય મહિલા ક્રિકેટ ટીમને ૨૦૦૬-૦૭ સિઝનમાં ઇંગ્લૅન્ડમાં પહેલી વાર ટેસ્ટશ્રેણી જીત અપાવી હતી. તે જ સિઝન દરમિયાન ગોસ્વામીએ ભારતને ઇંગ્લૅન્ડ સામે પ્રથમ વિજય મેળવવામાં મદદ કરી. લેસ્ટરની પ્રથમ ટેસ્ટમાં નાઇટવૉચમૅન તરીકે પચાસ રન ફટકાર્યા અને ૭૮ રનમાં ૧૦ વિકેટ ઝડપીને જબરી વાહ.. વાહ મેળવી.

૨૦૦૭માં ઝુલન ભારતમાં આફ્રો-એશિયા ટુર્નામેન્ટમાં એશિયન ટીમની સભ્ય હતી. એ જ વર્ષે તેની પ્રભાવશાળી રમતને કારણે તે 'આઇસીસી મહિલા ક્રિકેટર ઑફ ધ યર'નો એવૉર્ડ પણ જીતી. એ વર્ષે વ્યક્તિગત કૅટેગરીમાં એકપણ ભારતીય પુરુષ ક્રિકેટરનું નામ એવૉર્ડ માટે પસંદ નહોતું થયું. ૨૦૦૮માં તે ટીમની કૅપ્ટન બની અને ૨૦૧૧ સુધી સુકાન સંભાળ્યું. માત્ર છ વર્ષની આંતરરાષ્ટ્રીય રમતમાં જ ૨૦૦૮માં તે મહિલા એશિયા કપમાં વનડે મૅચમાં ૧૦૦ વિકેટ લેનાર ચોથી મહિલા પણ બની.

૨૦૧૦માં તેને પ્રતિષ્ઠિત 'અર્જુન એવૉર્ડ'થી નવાજવામાં આવી હતી. ૨૦૧૨માં તે ડાયના એડલજી પછી 'પદ્મશ્રી' મેળવનાર માત્ર બીજી ભારતીય મહિલા ક્રિકેટર બની હતી. કુલ મળીને તેણે ૨૮૪ મૅચમાં ૩૫૫ આંતરરાષ્ટ્રીય વિકેટ લીધી છે અને ત્રણ અડધી સદી સાથે ૧૯૨૨ રન બનાવ્યા છે. ઝૂલન વનડેમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે અને ઑસ્ટ્રેલિયાની કૅથરીન ફિટ્ઝપૅટ્રિકના ૧૮૦ વિકેટના રેકૉર્ડને પાછળ છોડી દીધો છે. ફેબ્રુઆરી ૨૦૧૮માં, ઝુલન એક દિવસીય ક્રિકેટમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ મહિલા ક્રિકેટર બની. તેણે ૨૦૦ મૅચોમાં ૨૨.૦૪ની સરેરાશથી ૨૫૫ વિકેટ લીધી છે, જેમાં બે વખત ૫ વિકેટ અને ૪ વખત ચાર વિકેટ લીધી છે. ઝુલન ૨૦૧૭ મહિલા ક્રિકેટ વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચેલી ભારતીય ટીમનો ભાગ હતી જ્યાં આપણી ટીમ ઇંગ્લૅન્ડ સામે નવ રનથી હારી ગઈ હતી.

એપ્રિલ ૨૦૧૮માં તેના માનમાં એક ભારતીય ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. ૨૦૨૨ના મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં ગોસ્વામી વનડે મૅચમાં ૨૫૦ વિકેટ લેનાર પ્રથમ બોલર બની હતી. સપ્ટેમ્બર ૨૦૧૮માં શ્રીલંકા સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેની ૩૦૦મી વિકેટ લીધી. નવેમ્બર ૨૦૨૦માં ઝૂલન ગોસ્વામીને 'આઇસીસી મહિલા વનડે ક્રિકેટર ઑફ ધ ડિકેડ' એવૉર્ડનું બહુમાન મળ્યું. ૨૦૨૨માં જ તે મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની અને તેણે લીન ફુલસ્ટનના અગાઉના રેકૉર્ડને તોડી નાખ્યો.

ઝુલનની કારકિર્દીની શરૂઆતથી અંત સુધી ઇંગ્લૅન્ડ સાથે કોઈ અજબ લેણું રહ્યું છે. ઝુલને સપ્ટેમ્બર ૨૦૨૨માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી. તેની અંતિમ મૅચ લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ સામે હતી, જેમાં ભારત ૧૬ રનથી જીતી ગયું હતું. ઝુલન જેમ અન્ય ખેલાડીને જોઈ પ્રેરણા પામી તેમ ભારતની અનેક દીકરીઓ ઝુલનની યશસ્વી કારકિર્દીથી પ્રેરણા મેળવીને ઝુલન ગોસ્વામી જેવી બીજી ફાસ્ટ બોલર બનવાનું સપનું લઈને મેદાનમાં ઊતરી છે... જોઈએ, ભવિષ્યમાં કોઈ બીજી ઝુલન ગોસ્વામી બનશે તો તે ખુદ ઝુલન માટે એક મોટો એવૉર્ડ ગણાશે.

બાય ધ વે, ભારતીય મહિલા ટીમની ભૂતપૂર્વ કૅપ્ટન મિતાલી રાજના ક્રિકેટજીવન પર જેમ હિન્દી ફિલ્મ બની તેમ ઝુલન ગોસ્વામી પર પણ એક હિન્દી બાયોપિક બની રહી છે, જેમાં ઝુલનની ભૂમિકા જાણીતી અભિનેત્રી અનુષ્કા શર્મા ભજવી રહી છે! ■

## સાવધાન

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# ઉંબરો ઓળંગતાં પહેલાં વિચારી જુઓ કે...

**લગ્નજીવનમાં** વહેલે-મોડે પણ એક તબક્કો એવો આવે છે જ્યાં પ્રેમ કરતાં બીજી નેગેટિવ લાગણીઓનું જોર વધી જતું હોય છે.

* જાણે-અજાણે

* ઇચ્છા-અનિચ્છાએ પણ સામેના પાત્રની ફિલિંગ્સ હર્ટ કરાતી રહે છે અને નથી કહી શકાતું, નથી સહી શકાતું.

* ત્યારે ધીરે ધીરે ભીતર કશુંક તૂટતું જાય છે.

* સંવેદનાઓ મરતી જાય છે ત્યારે સહનશક્તિ છેલ્લો શ્વાસ લેવા માગે છે.

* કોઈ એક પળે એ વિચાર ઊગી નીકળે છે કે 'બસ...'

હવે વધુ નહીં સહેવાય અને સાથે તો નહીં જ રહેવાય...!

* આ નિર્ણય મનમાં ઘૂંટાતો જઈ, દૃઢ બને છે અને આખરે કોઈ પ્રસંગે વિસ્ફોટ થાય છે.

* પુરુષ હશે તો પત્નીને જાકારો આપશે ને કહેશે કે 'જા, જતી રહે તારા બાપને ત્યાં કે તને વધારે રાખવાવાળું મળે...!'

– અને

* સ્ત્રી હશે તો, 'તમારી સાથે એક પળ પણ રહી નહીં શકું' કહીને બૅગ ભરીને પિયરની વાટ પકડશે.

– આ લખનારના એક મત મુજબ શરૂના 'હનીમૂન પિરિયડ' પછીના ગાળામાં વાસ્તવિક સ્વભાવનો સામનો થતાં ઉપર કહ્યું તેમ શરૂ થઈ જાય છે.

* મોટા ભાગની યુવતીઓને એકવાર તો આવો 'જતી રહું'નો 'ઊભરો' આવતો જ હોય છે. કેમ કે આ એનો ઍડ્જસ્ટમેન્ટનો તબક્કો હોય છે જે બેઉ પક્ષે ગાયબ હોય છે.

* નાની નાની મૂંઝવણો,

* અપેક્ષાઓ અને

* અનુકૂળના પ્રશ્નો

– બધું ભેગું થઈ

* ટીપે ટીપે તેનામાં એક એવી લાગણી જમા કરે છે કે

* આના કરતાં પિયર જવું સારું.

* 'આ ઝંઝટમાંથી તો મુક્તિ મળે...!'

– એક તરફ પતિ માટેનો પ્રેમ અને ખેંચાણ એને એવું કરતાં રોકે છે અને બીજી તરફ પોતાની લાગણીઓ ન સમજી શકવા બદલ ગુસ્સો પણ હોય છે,

– પણ...!

* ગોળીઓ લઈ દબાયેલો રોગ જેમ ફરી માથું ઊંચકે તેમ પેલો ઘર છોડવાનો નિર્ણય અચાનક સપાટી પર આવી જાય છે, અને

* જ્યારે સહનશીલતા અને સમજશીલતા સાથ છોડી જાય છે અને દલીલો કરતાં કરતાં, રડતાં



રડતાં બૅગ હાથમાં લઈ ઘરનો ઉંબરો ઓળંગી જવાય છે...

* પણ... પણ... આમ ઘર છોડવાની ઉતાવળ કરતાં પહેલાં

* થોભો, વિચારો...

* આ નિર્ણય વધુ દુઃખી અને બરબાદ કરી શકે છે.

* આ પગલાની અસર અને પડઘો ઘર છોડનાર યુવતી કે સ્ત્રીની આખી જિંદગી પર પડવાનો હોય છે જે તે વખતે ઊભી થયેલી અણગમતી-અસહ્ય પરિસ્થિતિમાંથી છૂટવાનો જ માત્ર ઇરાદો હોય છે જે આગળ-પાછળની ચિંતા કરતાં રોકે છે.

* તમારા ભાવિનું શું?

* સંતાનો હોય તો તેમનું કોણ જોશે?

– વગેરે કેટલીય બાબતોનો વિચાર કરીને પગલું ભરવું પડે છે.

– અને પિયરમાં જઈને આમ કરીશું ને પહેલાંની જેમ રહીશું વગેરે જે કલ્પનાઓ ઘડી રાખી હોય છે તે મુજબનું તો પછી ભાગ્યે જ થતું હોય છે.

– લાડકી પૂર્તિની વ્હાલી વાચક બહેન-દીકરીઓ!

* ઉંબર બહારની દુનિયાને જીરવવી સહેલી ન હોઈને

* ઉંબરો ઓળંગતાં પહેલાં વિચારી જુઓ કે...!

– લેખનો બીજો અને છેલ્લો ભાગ આવતા અંકમાં વાંચી સાવધાન થઈ જઈ, સ્વયં તેમાં પોતાની જ ભલાઈ હોવાનું સમજી લેવાની સચ્ચાઈને જાણીશું. તથાસ્તુ (ઈશ્વર, અલ્લાહ, પ્રભુ સૌનું ભલું કરે).

* * *

### હસગુલ્લા

*ડૉક્ટરની પત્નીઃ 'તમારો દર્દી સાજો થઈ ગયો છે, તેમ છતાં તમે બેચેન કેમ રહો છો?'*

*ડૉક્ટરઃ 'મને એ ખબર પડતી નથી કે કઈ દવાથી સાજો થયો!'* ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| दार | અભરાઈ |
| खिडकी | ચાવી |
| फळी | તાળું |
| कुलूप | દરવાજો |
| किल्ली | બારી |

### જાણવા જેવું

કેલિફોર્નિયા યુનિવર્સિટીના એક વૈજ્ઞાનિકે વર્ષોના અખતરાઓ પછી જમીન વગરની ખેતી વિકસાવી જે હાઇડ્રોપોનિક કહેવાય છે. આ શોધ ઉપરથી જણાયું છે કે જમીન જેટલા જ વિસ્તારમાં ૧૫થી ૫૦ ગણા પ્રમાણમાં વધુ છોડવા ઉછેરી શકાય છે. હાઇડ્રોપોનિકમાં તો જમીનનો આધાર કાઢી નાખવામાં આવ્યો છે.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના સસરાના એકમાત્ર જમાઈના પિતાની એકમાત્ર પુત્રવધૂની નણંદ પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ફોઈ બ) બહેન
ક) સાળી ડ) ભત્રીજી

### નોંધી રાખો

*જીવનમાં માણસ અનેક બાબતોમાં અટવાતો હોય છે. કોઈ 'હમ'માં રહી જાય છે તો કેટલાક લોકો 'અહમ'માં ભેરવાઈ જાય છે.*

### શબ્દલાલિત્ય



**આડી ચાવી**

૧. વગર બોલાવ્યું બોલે તે ---ને તોલે (૪)
૪. પ્રભાવ કે છાપ પડે તેવું (૫)
૭. જોગવાઈ, અનુકૂળતા (૪)
૯. અનાથ બાળ (૩)
૧૧. પર્વત (૨)
૧૨. ગાયભેંસનું ટોળું (૨)
૧૩. આદત, મહાવરો (૨)
૧૪. નિખાલસ, સાલસ (૨)
૧૬. હંમેશાં (૩)
૧૭. ઉપવન (૨)
૧૮. શરમ, લજ્જા (૨)
૨૧. અક્ષરનો કે કમરનો વળાંક (૩)
૨૨. દળવાનું સાધન (૨)
૨૩. વચ્ચેનું (૨)
૨૪. ઝાડ, વાદળો વગેરેનું ઝૂંડ કે જમાવ (૨)
૨૫. ક્યારેક (૨)
૨૬. --- સોનાની મૂરત (૩)
૨૯. નુકસાનકર્તા (૪)
૩૧. સોની (૫)
૩૨. દાદા (૪)

**ઊભી ચાવી**

૧. દીકરો (૩)
૨. પતિ, ધણી (૩)
૩. અનુકૂળ સમય, તક (૨)
૪. દૃઢ, ડગે નહીં તેવું (૩)
૫. રાતે ન દેખી શકે તેવું (૪)
૬. રોષ, ગુસ્સો (૨)
૮. જંગલમાં વસનારું (૪)
૧૦. નિશાનબાજ (૪)
૧૪. મૂઢ, બેવકૂફ (૨)
૧૫. પગેરું, પત્તો (૩)
૧૬. જે વગર માંગે મળે તે (૩)
૧૭. પરબારું (૪)
૧૯. ચીમટી (૨)
૨૦. --- અઢીની ખર્ચી રૂપૈયા (૪)
૨૨. મહાદેવનો એક પ્રિય અનુચર (૪)
૨૫. ભોઈ, પાલખી ઊંચકનાર (૩)
૨૬. લગની, ધ્યાન (૩)
૨૭. પાયમાલ, બરબાદ (૩)
૨૮. તાંબુ, જસત અને કલઈથી બનતી એક મિશ્ર ધાતુ (૨)
૩૦. વાંદરો (૨)

**ગયા વખતનો ઉકેલ**



### ઓળખાણ પડી?

માત્ર બાવીસ વર્ષની ઉંમરે હરિયાણાની પૂજા સિંહએ કઈ રમતમાં હરણફાળ ભરી સિદ્ધિ મેળવવાની શરૂઆત કરી છે એની ઓળખાણ પડી?

અ) હાઈ જમ્પ
બ) હોકી
ક) બેડમિન્ટન
ડ) સ્વિમિંગ



### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં પ્રાણીનું નાનકડું ઘર દર્શાવતો શબ્દ સંતાયો છે એ શોધી કાઢો જોઉં.

કોને ખબર એની અંદર શું સંતાડ્યું હશે?

### માઈન્ડ ગેમ

બુકર નોમિનેશન મેળવનારા માતા - પુત્રીના સંબંધો વિશે લખાયેલા પુસ્તક 'બર્ન્ટ શુગર'ના લેખિકાનું નામ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) ચિત્રા બેનર્જી ૨) અરૂંધતી રોય ૩) ઈન્દુ સુદર્શન ૪) અવનિ દોશી

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | | | | | ૬ | | |
| ૬ | | | | | ૩ | | ૯ | |
| | | | ૨ | | | ૧ | | ૭ |
| ૮ | ૩ | ૨ | | ૪ | | | | |
| ૭ | ૯ | | | | | | ૪ | ૧ |
| | | | | ૨ | | ૮ | ૩ | ૫ |
| ૫ | | ૧ | | | ૯ | | | |
| | ૭ | | ૧ | | | | | ૬ |
| | | ૬ | | | | | ૧ | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૭ | ૧ | ૩ | ૫ | ૯ | ૬ | ૮ |
| ૩ | ૬ | ૯ | ૭ | ૪ | ૮ | ૨ | ૧ | ૫ |
| ૧ | ૮ | ૫ | ૬ | ૨ | ૯ | ૩ | ૭ | ૪ |
| ૨ | ૭ | ૮ | ૪ | ૫ | ૬ | ૧ | ૯ | ૩ |
| ૫ | ૪ | ૧ | ૯ | ૭ | ૩ | ૮ | ૨ | ૬ |
| ૯ | ૩ | ૬ | ૨ | ૮ | ૧ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૫ | ૪ | ૩ | ૯ | ૨ | ૬ | ૮ | ૧ |
| ૮ | ૧ | ૨ | ૫ | ૬ | ૪ | ૭ | ૩ | ૯ |
| ૬ | ૯ | ૩ | ૮ | ૧ | ૭ | ૫ | ૪ | ૨ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| लाटणे | વેલણ |
| किसणि | ખમણી |
| चूल | સગડી |
| शीतपेटी | ફ્રિજ |
| पोळपाट | પાટલો |

**ગુજરાત મોરી મોરી રેઃ** ભાભી

**ઓળખાણ પડી?** અદિતિ

**માઈન્ડ ગેમ :** ગીતા ફોગટ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ધન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભામિની સંપટ (૬) પ્રતિમા પમાણી (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) હરિહર ભટ્ટ - ડાલાસ (૯) વિપીન શાહ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) ભારતી બુચ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) જયવંત પદમશી ચિખલ (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) ભાવના કર્વે (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) ભરત કજરિયા (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) અલકા વાણી (૩૨) વિજય આસર (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૭) અરવિંદ કામદાર (૩૮) નીતા દેસાઈ (૩૯) સુભાષ મોમાયા (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) પ્રવીણ વોરા (૪૪) મહેન્દ્ર લોઢાવિયા (૪૫) મહેશ દોશી (૪૬) મહેશ સંઘવી (૪૭) હિનાબેન દલાલ (૪૮) રમેશભાઈ દલાલ (૪૯) ઈનાક્ષીબેન દલાલ (૫૦) વિરલભાઈ ઉદયભાઈ શેઠ (૫૧) અબ્દુલ્લા એફ. મુનીમ

# વિધાન પરિષદની ચૂંટણીમાં ભાજપ મહાયુતિનો પહેલાથી ચાર બેઠક પર વિજય?

## ચાર મતવિસ્તારમાં મજબૂત હરીફ ઉમેદવારો જ ચકાસણીમાં 'આઉટ'

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં વિધાન પરિષદની ૧૭ બેઠકો માટે ચૂંટણીઓ યોજાઈ રહી છે અને મહાયુતિ વિરુદ્ધ મહાવિકાસ આઘાડીનો મુકાબલો ચાલી રહ્યો છે. દરમિયાન, કેટલીક જગ્યાએ, અરજી ચકાસણી પ્રક્રિયામાં ઉમેદવારોની અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. તેમાંથી, અમરાવતીમાં, ભાજપના બળવાખોર બિપ્લવ બાજોરિયાની અરજી નામંજૂર કરવામાં આવી છે. સોલાપુરમાં, મહાવિકાસ આઘાડીના ઉમેદવાર આદિત્ય ફત્તેપુરકરની અરજી નામંજૂર કરવામાં આવી હોવાથી મહાયુતિનો વિજય સરળ બન્યો છે. ઉપરાંત, નાશિકમાં, મહાવિકાસ આઘાડીએ ઉમેદવાર ઊભો રાખ્યો ન હતો. હવે, યવતમાળમાં, કોંગ્રેસના મહાવિકાસ આઘાડીના ઉમેદવારે તેમની અરજી પાછી ખેંચી લીધી છે.

મહાયુતિ અને મહાવિકાસ આઘાડી વચ્ચે વિધાન પરિષદની ચૂંટણીમાં ભાજપ મહાયુતિ મજબૂત લીડ ધરાવે છે અને મહાયુતિ પાસે તમામ મતવિસ્તારોમાં વધુ તાકાત છે. જોકે, મહાવિકાસ આઘાડીએ પણ જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને ઉમેદવારો ઉભા રાખ્યા છે. ગુરુવારે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો છેલ્લો દિવસ હોવાથી ચિત્ર કાલે સ્પષ્ટ થશે. જોકે, ચૂંટણી પહેલા જ ચાર મતવિસ્તારોમાં ભાજપ મહાયુતિના ઉમેદવારોનો વિજય સરળ બન્યો હોવાનું જોવા મળી રહ્યું છે.

### સોલાપુર

સોલાપુરમાં ભાજપ મહાયુતિએ રાજેન્દ્ર રાઉતને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે મહાવિકાસ આઘાડીએ કોંગ્રેસના આદિત્ય ફત્તેપુરકરને મેદાનમાં ઉતાર્યા હતા. જોકે, અરજી ચકાસણી પ્રક્રિયા દરમિયાન તેમની અરજી નામંજૂર થઈ જતાં, અહીં મહાવિકાસ આઘાડીના મુખ્ય ઉમેદવારો ચૂંટણીમાંથી બહાર થઈ ગયા છે. હવે, જોવાનું એ રહે છે

(જુઓ પાનું ૪) ▶▶

## વિધાન પરિષદની ચૂંટણીમાં મહાયુતિના સત્તાવાર ૧૭ ઉમેદવારોની યાદી જાહેર

મુંબઈ: ભાજપના પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણે બુધવારે દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વિધાન પરિષદની ચૂંટણીમાં મહાયુતિના તમામ ૧૭ સત્તાવાર ઉમેદવારો જીતશે. ચવ્હાણ મહાયુતિની સંયુક્ત પત્રકાર પરિષદમાં બોલી રહ્યા હતા. આ પ્રસંગે ચવ્હાણે મહાયુતિના સત્તાવાર ઉમેદવારોની યાદી જાહેર કરી. મહાયુતિના ઘટક પક્ષો ભાજપ દ્વારા આયોજિત આ સંયુક્ત પત્રકાર પરિષદમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ સાંસદ સુનિલ તટકરે, શિવસેનાના નેતા રાહુલ શેવાળે, ભાજપના રાજ્ય મુખ્ય પ્રવક્તા નવનાથ બન હાજર રહ્યા હતા.

જ્યારે કેન્દ્રમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન સરકાર સારી રીતે કામ કરી રહી છે, ત્યારે રાજ્યમાં મહાયુતિ સરકાર દેવેન્દ્ર ફડણવીસના માર્ગદર્શન હેઠળ હરણફાળ ભરી રહી છે. ખેડૂતો અને મજૂર વર્ગના હિતમાં નિર્ણયો ખૂબ જ ઉત્સાહથી લેવામાં આવી રહ્યા છે. તેથી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને સુનેત્રા પવારે મહાયુતિ વતી ૧૮ જૂને વિધાનપરિષદની ચૂંટણી લડવાનો નિર્ણય લીધો અને આ બેઠકો પર સાથે ચર્ચા કરી અને બેઠકોનું વિતરણ પણ કર્યું. ચવ્હાણે કહ્યું કે મહાયુતિના સંબંધિત મતદારોને આ નેતાઓ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર ઉમેદવારોને પસંદ કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

ઘણા વર્ષોથી કાર્યરત કેટલાક કાર્યકરોએ પણ આ ચૂંટણીમાં ઉમેદવારી પત્રો ભર્યા છે. જો તેમાંથી કોઈએ બળવો કરીને અરજીઓ દાખલ કરી હોય, તો તેમણે તેમના વરિષ્ઠો સાથે વાત કરીને તેમની અરજીઓ પાછી ખેંચી લેવી જોઈએ. ચવ્હાણે કહ્યું કે મંગળવારની બેઠકમાં તેમના

(જુઓ પાનું ૪) ▶▶

**પિક્ચર અભી બાકી હૈં!**

## પ્રીમોન્સૂન શાવરમાં જ અંધેરી સબ-વે પાણી-પાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: મુંબઈમાં બુધવારે વહેલી સવારના ભારે વરસાદ પડ્યા બાદ પશ્ચિમ ઉપનગરનો મહત્ત્વનો કનેક્ટર ગણાતા અંધેરી સબ-વેમાં પાણી ભરાઈ ગયા હતા અને તે વાહનવ્યહાર માટે ઠપ્પ થઈ ગયો હતો. ચોમાસાનું હજી આગમન થયું નથી અને પ્રીમોન્સૂન શાવરમાં સબવે બંધ થઈ જતા પાલિકાની ચોમાસાની તૈયારી પર સવાલ થઈ રહ્યા છે.

મુંબઈમાં ચોમાસાનું હજી સુધી આગમન થયું નથી પણ મુંબઈમાં બે-ત્રણ દિવસથી હળવો પ્રી-મોન્સૂન શાવર થઈ રહ્યો છે, જેમાં બુધવારે વહેલી સવારના પશ્ચિમ ઉપનગરમાં ભારે વરસાદ પડતા અંધેરી સબવે સવારના ૭.૪૦ વાગે વાહનવ્યવહાર માટે બંધ કરવાની નોબત આવી હતી. પાલિકાના જણાવ્યા અનુસાર એક કલાકની અંદર પશ્ચિમી ઉપનગરમાં ભારે વરસાદને કારણે સબવેમાં પાણી ભરાઈ ગયા હતા.

પાલિકાના આંકડા મુજબ બુધવારે સવારના ૭ થી ૮ વાગ્યાની વચ્ચે અંધેરીમાં ૪૮

(જુઓ પાનું ૪) ▶▶

### કેમ અંધેરી સબવેમાં પાણી ભરાય છે?

અંધેરી રેલવે સ્ટેશનથી એક કિલોમીટર દૂર આવેલું અંધેરી સબવે એક નીચાણવાળો વિસ્તાર છે. નજીકનો હાઈવે, રસ્તા તથા સબવેનો પ્રવેશદ્વાર અને બહાર નીકળવાના માર્ગ ઊંચા છે. સબવે પોતે નીચા ઢાળ પર આવેલો છે, જે તેને રકાબી આકારનું બનાવે છે. સબવે નજીકના વિસ્તાર કરતા આશરે ૧૦ મીટર નીચો છે, તેથી જ્યારે વરસાદ પડે છે ત્યારે આજુબાજુનું પાણી ઊંચાઈથી નીચે તરફ વહે છે અને સબવેમાં પાણી ભરાઈ જાય છે. ■

### મુંબઈના તાપમાનમાં ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં પ્રી-મોન્સુન શાવરની હવામાન વિભાગની આગાહીને સાચી પાડતા બુધવારે સવારના મુંબઈના અનેક વિસ્તારોમાં વરસાદના ભારે ઝાપટાં પડી ગયા હતા, તેને કારણે તાપમાનમાં મોટો ઘટાડો થયો હતો.

બુધવારે વહેલી સવારે મુંબઈના અનેક વિસ્તારમાં આકાશ કાળુ ડિંબાગ બની ગયું હતું અને વરસાદના ઝાપટાં પડયા હતા. જોકે વરસાદનું જોર પશ્ચિમી ઉપનગરમાં વધુ રહ્યું હતું. ચોમાસા પહેલાના વરસાદથી એક જ દિવસમાં રાતના તાપમાનમાં લગભગ છ ડિગ્રીનો

(જુઓ પાનું ૪) ▶▶

## રાયગડમાં એકનાથ શિંદેનું હેલિકોપ્ટર ઉતર્યા પહેલાં બળવો શાંત

### અનિકેત તટકરેનો વિજયનો માર્ગ સ્પષ્ટ

મુંબઈ: રાજ્યનું ધ્યાન રાજ્યની વિધાન પરિષદની ચૂંટણીમાં રાયગડ-રત્નાગિરી જિલ્લામાં યોજાનારી ચૂંટણી પર કેન્દ્રિત હતું. કારણ કે, આ મતવિસ્તારમાં મહાયુતિમાં આંતરિક વિવાદ સામે આવ્યો હતો. મહાયુતિમાં આ બેઠક એનસીપી માટે છોડી દેવામાં આવી છે અને એનસીપી દ્વારા સુનીલ તટકરેના પુત્ર અનિકેત તટકરેને ઉમેદવારી નોંધાવી છે. જોકે, શિંદેની શિવસેનાના વિધાનસભ્ય મહેન્દ્ર દળવીની પુત્રીએ અહીંથી ઉમેદવારી નોંધાવી હતી. આ ઉપરાંત, પ્રધાન ભરત ગોગાવલે પણ આ ઉમેદવારીનો વિરોધ કરતા હતા. જોકે, સુનીલ તટકરે એકનાથ શિંદેને મળ્યા અને આ વિરોધનો અંત લાવવામાં આવ્યો હતો. બુધવારે જુલી દળવીએ પોતાનું ઉમેદવારીપત્ર પાછું ખેંચી લીધું, જેનાથી અનિકેત તટકરેની જીતનો માર્ગ હવે ખુલ્લો થઈ ગયો હોવાનું જણાઈ રહ્યું છે.

કોંકણ વિધાન પરિષદની ચૂંટણીના અપક્ષ ઉમેદવાર અને મહેન્દ્ર દળવીની પુત્રી જુલી દળવીએ આખરે પોતાની ઉમેદવારી પાછી ખેંચી

(જુઓ પાનું ૪) ▶▶

**નાશિકમાં હાઈવોલ્ટેજ ડ્રામા!**

## ઉદય સામંતના પ્રવેશ સાથે જ, ભાજપના બળવાખોર ઉમેદવાર ગુમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા મતવિસ્તારની વિધાન પરિષદની ચૂંટણીમાં મહાયુતિમાં બળવો થયો હોય તેવું લાગે છે. છ મહત્વપૂર્ણ મતવિસ્તારમાં બળવો ફાટી નીકળ્યો. ત્યારબાદ, બળવાખોરોની નારાજગી દૂર કરવા માટે મહાયુતિ દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા છે. આ બધા વચ્ચે નાશિકમાં એક હાઈ વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો છે. નાશિકના ભાજપના ઉમેદવાર ગુમ થઈ ગયા હોવાથી હંગામો મચી ગયો છે. એવા અહેવાલ છે કે ભાજપના બળવાખોર ઉમેદવારને શોધવામાં આવી રહ્યા છે.

મહાયુતિ ભાજપના બળવાખોર ઉમેદવારો ગણેશ ગીતે અને ગોકુલ ગીતેને ચૂંટણી મેદાનમાંથી ખસી જવા માટે સમજાવવાનો પ્રયાસ કરી રહી છે. જોકે, આ ગીતે ભાઈઓ અચાનક નાશિકમાંથી 'ગાયબ' થઈ ગયા હોવાથી, મહાયુતિના નેતાઓ તેમને શોધી રહ્યા છે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના શિવસેના શિંદે જૂથના સંકટમોચક અને રાજ્યના પ્રધાન ઉદય સામંત પોતે બળવાખોરોને મનાવવા અને તેમની ઉમેદવારી પાછી ખેંચવા માટે નાશિકમાં છાવણી નાખીને બેઠા છે. જોકે, સામંત નાશિકમાં પ્રવેશતાની સાથે જ બંને બળવાખોર ઉમેદવારો 'આઉટ ઓફ રીચ' થઈ ગયા હતા. ■

## મલબાર હિલમાં ગુજરાતીમાં નામ લખેલી તક્તી હટાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)




મુંબઈ: ગુજરાતીઓ પ્રત્યે ફરી એક વખત મનસેએ ઝેર ઓક્યું છે. દક્ષિણ મુંબઈના પોશ વિસ્તાર ગણાતા અને ગુજરાતી અને જૈનોની બહુમતી ધરાવતા મલબાર હિલમાં ગુજરાતી ભાષામાં લખવામાં આવેલી તખતીઓ સામે મનસેએ વાંધો ઉઠાવીને તીવ્ર આંદોલનની ચીમકી આપી હતી. એ બાદ પાલિકાએ ગુજરાતીમાં લખેલી તક્તીને હટાવી લેવાઈ હતી.

મલબાર હિલમાં એક ચોકને જૈન મહારાજ સાહેબનું નામ આપવામાં આવ્યું હતું. માર્બલ પર ગુજરાતી ભાષામાં નામ લખવામાં આવ્યું હતું. ગુજરાતીઓ પ્રત્યે અને ગુજરાતી ભાષા સામે દ્વેષ રાખનારા મનસેએ ગુજરાતીમાં લખેલી તક્તી દૂર કરવામાં નહીં આવે તો આંદોલન શરૂ કરવાની ધમકી આપી હતી, તેને પગલે પાલિકા દ્વારા તેને ચોકમાંથી ઉખેડી નાખવામાં આવી હતી.

મનસે દ્વારા ગુજરાતીમાં લખેલી તક્તીને હટાવવામાં નહીં આવે તો ધરણા અને વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી આપવામાં આવી હતી. આ પૃષ્ઠભૂમિમાં પોલીસે મનસેના પદાધિકારીઓને પ્રતિબંધાત્મક નોટિસ પણ પાઠવી હતી. મનસેના વલણ બાદ નગરપાલિકાએ હોર્ડિંગ્સ દૂર કર્યા હતા. મનસે પોતાની દરેક શાખાના વડાને તેમના વિસ્તારમાં મરાઠી સિવાયની ભાષાઓમાં હોર્ડિંગ્સ વિશે માહિતી એકત્રિત કરવા સૂચના આપવામાં આવી હોવાનું કહેવાય છે. ■

**શાસક પક્ષના બે નેતાઓની વિચિત્ર માગ**

## ગઢચિરોલીમાં દારૂબંધી હટાવો, ભઠ્ઠીમાં બનેલા દારૂને કાયદેસર બનાવો

મુંબઈ: તાજેતરમાં જ પુણેમાં ઝેરી દારૂ પીવાથી ઘણા લોકોના મોત થયા હતા. ભૂતકાળમાં પણ ઝેરી દારૂના કારણે ઘણા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. ત્યારે શાસક પક્ષના બે નેતાઓની વિચિત્ર માંગથી વિપક્ષ ગુસ્સે છે, જ્યારે ઝેરી દારૂને કારણે લોકો જીવ ગુમાવી રહ્યા છે, ત્યારે પ્રતિબંધ હટાવવાની માગ કરવામાં આવી રહી છે.

અજિતદાદાની એનસીપીના નેતા ધર્મરાવ બાબા આત્રામે ગઢચિરોલી જિલ્લામાં દારૂબંધી હટાવવાની માગ કરી હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે તેઓ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળીને દારૂબંધી હટાવવાની માગ કરશે. ગઢચિરોલી જિલ્લામાં ૪૦ વર્ષથી દારૂબંધી હોવા છતાં કંઈ પ્રાપ્ત થયું નથી. ગરીબ આદિવાસીઓને મોંઘી દારૂ ખરીદીને પીવી પડે છે. ગઢચિરોલીમાં ઘણા ઉદ્યોગો આવી રહ્યા છે. આદિવાસી સંસ્કૃતિમાં, લોકો જન્મ, લગ્ન અને મૃત્યુ જેવા પ્રસંગોએ દારૂ પીવે છે, તેથી તેને કાયદેસર બનાવો એમ આત્રમે માહિતી આપી.


દરમિયાન આરપીઆઈ નેતા અને કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ માગ કરી છે કે હાથથી બનાવેલા દારૂને કાયદેસર બનાવવામાં આવે. ગમે

(જુઓ પાનું ૪) ▶▶

## ૩૦ મિનિટને બદલે હવે ફક્ત પાંચ મિનિટ

### ગોરેગામનો મૃણાલતાઈ ગોરે ફ્લાયઓવર શનિવારે ખુલ્લો મૂકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: લાંબા સમયથી ગોરેગામમાં મૃણાલતાઈ ગોર ફલાયઓવરના વિસ્તારીત હિસ્સાનું કામ પૂર્ણ થઈને તેને ખુલ્લો મૂકવામાં આવે તેની રાહ જોવામાં આવી હતી. આખરે પાલિકાએ ૭૫૦ મીટરના ચાર લેનનો ફ્લાયઓવરને છ જૂન, શનિવારના વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો હોવાની જાહેરાત કરી છે.

ગોરેગામથી રામ મંદિર માર્ગ પર મૃણાલતાઈ ગોરે ફલાયઓવરના વિસ્તારીત હિસ્સાનું કામ તેના અંતિમ

(જુઓ પાનું ૪) ▶▶

**મરીન ડ્રાઈવ જેવો થશે અનુભવ**

## પ્રિયદર્શની ઉદ્યાનથી વરલી સુધી દરિયાકિનારે બનાવાશે વૉકવે

મુંબઈ: મુંબઈના નાગરિકો માટે દરિયા કિનારે ચાલવાનો અનુભવ હવે વધુ આકર્ષક અને અલગ બનવાનો છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને હવે કોસ્ટલ રોડ પ્રોજેક્ટ હેઠળ લોટસ જેટી અને બરોડા પેલેસ વચ્ચે એક નવો દરિયાઈ વોકવે બનાવવાનું નક્કી કર્યું છે. આ માટે નવ કરોડ ૬૪ લાખ રૂપિયાનો ખર્ચ થશે તેવું જાણવા મળી રહ્યું છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દક્ષિણ મુંબઈના પ્રિયદર્શિની ઉદ્યાનથી વરલી સુધી દરિયા કિનારે વોકવે બનાવવાનું કામ તબક્કાવાર કરવામાં આવ્યું છે, પરંતુ લોટસ જેટી વિસ્તારમાં

(જુઓ પાનું ૪) ▶▶

## કોલ્હાપુરમાં ચાર મિત્રોએ સગીરાનું ૧૦ મહિના સુધી કર્યું જાતીય શોષણ

કોલ્હાપુર: રાજ્યમાં મહિલાઓ પર અત્યાચારના કિસ્સા દિવસે દિવસે વધી રહ્યા હોઇ કોલ્હાપુરમાં અશ્લીલ વીડિયો તેમ જ ફોટાને આધારે બ્લેકમેઇલ કરીને ચાર મિત્રોએ સગીરાનું ૧૦ મહિના સુધી જાતીય શોષણ કર્યું હોવાની ઘટના સામે આવી હતી. પોલીસે સગીરાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને ચારેય નરાધમની ધરપકડ કરી હતી.

રાધાનગરી તાલુકામાં રહેતા ચારેય આરોપીની મુરગૂડ પોલીસે ધરપકડ કર્યા બાદ તેમને સ્થાનિક કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ચાર દિવસની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. આરોપીઓમાં આદિત્ય બાજીરાવ શેટકે, રણજિત સંભાજી મુધોળકર, પ્રણવગિરિ ચંદ્રશેખર પાલક અને વિક્રમ રામચંદ્ર પાટીલનો સમાવેશ છે.

મુખ્ય આરોપી આદિત્ય શેટકેએ આઇડેન્ટિટી કાર્ડ બનાવી આપવાને બહાને સગીરા સાથે મિત્રતા કરી હતી. બાદમાં શેટકેએ સગીરાને મુદાળતિટ્ટા ખાતે બોલાવી હતી અને ત્યાંથી શેટકે સગીરાને મુરગૂડ ખાતે તળાવ પરિસરમાં ઝાડીઝાંખરામાં લઇ ગયો હતો, જ્યાં તેણે સગીરાના ફોટા પાડ્યા હતા, જે મોર્ફ કરીને સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી સગીરાને આપી હતી. સગીરાને તે બાદમાં વિવિધ લોજમાં લઇ ગયો હતો, જ્યાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ■

## નાનકડા ઘરમાં દવાખાનું શરૂ કરી ગર્ભપાતનું રૅકેટ ચલાવનારા પકડાયા

પુણે: પુણેના દૌંડ તાલુકામાં નાનકડા અવાવરુ ઘરમાં ચોરીછૂપીથી દવાખાનું શરૂ કરીને ભ્રૂણપરીક્ષણ તથા ગર્ભપાતનું રૅકેટ ચલાવવામાં આવતું હોવાનું સામે આવતાં પોલીસે બોગસ ડૉક્ટર સહિત બેની ધરપકડ કરી હતી. આ રૅકેટમાં છેલ્લાં બે વર્ષ દરમિયાન ૫૦૦થી વધુ ગેરકાયદે ગર્ભપાત કરાયા હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી.

યવત પોલીસે પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ ડૉ. અણ્ણાસાહેબ

(જુઓ પાનું ૪) ▶▶

## મેટ્રો-૪ અને ૪એ ડેડલાઈન નવેમ્બર સુધી લંબાવાઈ

મુંબઈ: છેલ્લા કેટલાક સમયથી ગૌમુખ-કેડબરી જંકશનની મેટ્રો લાઈન-૪ અને ૪એ ટેક્નિકલ ખામી અને સુરક્ષા સંમતિના લીધે લંબાવવામાં આવી છે. પ્રવાસીઓને હજુ થોડા સમય સુધી રાહ જોવી પડશે. બાકી રહેલા કામો અને સુરક્ષા સબંધી સઘન તપાસ ચાલી રહી હોવાથી લગભગ નવેમ્બર સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટને ફેબ્રુઆરી મહિનામાં મુલુંડમાં સ્લેબ તૂટવાની દુર્ઘટનાને પગલે વધુ અસર જોવા મળી છે. વરસાદ સબંધી મુશ્કેલીઓના કારણે પણ કોન્સ્ટ્રકશનનું કાર્ય ધીમું જોવા મળી રહ્યું છે. એક રીપોર્ટ અનુસાર આ પ્રોજેક્ટનું ૯૦ ટકા જેટલું કામ તો પૂર્ણ થઇ ચૂક્યું છે. થોડા મહિનાઓથી ચાલી રહેલા વિલંબના કારણે પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો છે.એક રિપોર્ટ મુજબ આ મેટ્રો કોરિડોરને મુલુંડની સ્લેબ તૂટવાની ઘટનાને કારણે અસર થઇ હતી. ■

## મુંબઈ-પુણે એક્સપ્રેસવેની પાસે ૧૧૦૦ એકર જમીન પર બનશે નવી એમઆઈડીસી

પુણે: પુણે - મુંબઈ એક્સપ્રેસ વે પર એક ઔદ્યોગિક પટ્ટો વિકસાવવામાં આવી રહ્યો છે. એ દિશામાં પહેલું પગલું ભરવામાં આવ્યું છે. એક્સપ્રેસ વેની આસપાસ માવળ તાલુકામાં એક નવું મહારાષ્ટ્ર ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમઆઈડીસી) તૈયાર થવાનું છે. બઉર સહિત ત્રણ ગામમાં ૧૧૦૦ એકર વિસ્તારમાં એમઆઈડીસી વિકસાવવામાં આવી રહ્યું છે. એ અંગે સર્વેક્ષણ અને માપન પણ પૂર્ણ થઈ ગયું છે અને જમીન સંપાદન પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે.

નવી એમઆઈડીસી માટે બઉર, કરંજ અને બ્રાહ્મણવાડી વિસ્તારમાં ૧૧૦૦ એકર જમીન સંપાદિત કરવામાં આવશે. આ માટે એક્સપ્રેસ-વેની આસપાસની સૂકી જમીન પસંદ કરવામાં આવી છે. નોંધનીય છે કે એક્સપ્રેસ-વેની બંને બાજુ એમઆઈડીસીનો વિસ્તાર હશે.

એમઆઈડીસીના ૧૧૦૦ કિમીના વિસ્તારમાં બૌર, કરંજમાં ૫૦૦ એકર અને બ્રાહ્મણવાડીમાં ૬૦૦ એકરનો સમાવેશ થાય છે. ■

## મુંબઈમાં એર ઈન્ડિયાની ઐતિહાસિક ઈમારત આજથી સરકારના કબજામાં

### પ્રધાન શિવેન્દ્ર રાજે દ્વારા બુધવારે કરાયું નિરીક્ષણ: ઈમારતના તમામ સમારકામ અને નવીનીકરણના કામો વખતે ઈલેક્ટ્રિકલ સિસ્ટમ્સ, ફિટિંગ અને અન્ય તકનીકી સુવિધાઓ માટે ઉચ્ચ ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરવાનો નિર્દેશ

મુંબઈ: મહારાષ્ટ્રની રાજધાની મુંબઈના નરીમાન પોઈન્ટ ખાતે આવેલી ઐતિહાસિક 'એર ઈન્ડિયા' ઇમારત મહારાષ્ટ્ર સરકારને ટ્રાન્સફર કર્યા પછી, જાહેર બાંધકામ ખાતાના પ્રધાન શિવેન્દ્ર સિંહ રાજે ભોંસલેએ બુધવારે ઇમારતનું નિરીક્ષણ કર્યું હતું અને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી. આ પ્રસંગે, તેમણે એવા નિર્દેશ આપ્યા હતા કે સરકારી કચેરીઓ ખસેડતા પહેલા ઇમારતનું સંપૂર્ણ માળખાકીય નિરીક્ષણ કરવામાં આવે અને જરૂરી સમારકામ પૂર્ણ થયા પછી જ આંતરિક સુશોભન અને અન્ય વિકાસ કાર્યો હાથ ધરવામાં આવે. કામની ગુણવત્તા સાથે કોઈ સમાધાન કર્યા વિના લાંબા ગાળાનું ટકાઉપણું ધ્યાનમાં રાખીને તમામ સમારકામ અને નવીનીકરણના કામો હાથ ધરવા, એમ જણાવતા તેમણે ઇલેક્ટ્રિકલ સિસ્ટમ્સ, ફિટિંગ અને અન્ય તકનીકી સુવિધાઓ માટે ઉચ્ચ ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરવા પર ભાર મૂક્યો. ઇમારતનું મુખ્ય પ્રવેશદ્વાર મહારાષ્ટ્રના ગૌરવને અનુરૂપ આકર્ષક અને સુશોભિત સ્વરૂપમાં વિકસાવવામાં આવે. તેમણે આ માટે દેશના પ્રખ્યાત આર્કિટેક્ટ્સ અને નિષ્ણાત સંસ્થાઓ પાસેથી માર્ગદર્શન લેવા પણ સૂચના આપી હતી. રાજ્યના ખૂણે ખૂણેથી કામ માટે મુંબઈ આવતા નાગરિકોની સલામતી, સુવિધા અને વ્યવસ્થા એ વહીવટીતંત્રની ટોચની પ્રાથમિકતા હોવાનું જણાવીને શિવેન્દ્રરાજેએ નિર્દેશ આપ્યો હતો કે તમામ કામો નિર્ધારિત સમયમર્યાદામાં અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ થાય. ■

## લઠ્ઠાકાંડના આરોપીના ઘર પર ફરશે બુલડોઝર

પુણે: પુણે અને પિંપરી ચિંચવડમાં ઝેરી દારૂ પીવાથી માત્ર એક અઠવાડિયામાં બાવીસ લોકોનાં મોત થતા ખળભળાટ મચી ગયો છે. આ કેસમાં થયેલા મૃત્યુએ પોલીસની બેદરકારી પર સવાલો ઉભા કર્યા છે, ત્યારે હવે આ કેસના આરોપી ગુરુમંગલ સિંહ કર્નલ સિંહ વિરકાના ઘર પર બુલડોઝર ચલાવવામાં આવશે.

વહીવટીતંત્રે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી દીધી છે. આરોપીના ઘર પર કાર્યવાહીની નોટિસ લગાવવામાં આવી છે. આરોપી વિરકાનું ઘર અનધિકૃત હોવાનું જણાવતી નોટિસ જારી કરવામાં આવી છે. ઘટના બાદ આ વિસ્તારના નાગરિકોમાં રોષનું વાતાવરણ છે. ખાસ કરીને મહિલાઓએ ભારે નારાજગી વ્યક્ત કરી છે અને આરોપ લગાવ્યો છે કે આ વિસ્તારમાં ઘણા દિવસોથી ગેરકાયદેસર દારૂનું વેચાણ

(જુઓ પાનું ૪) ▶▶

# ઈરાની એટેકથી ડહોળાયેલું માર્કેટ ૧૦૦૦ પોઇન્ટ નીચે પટકાઇ અંતે ૩૦૦ પોઇન્ટના ઘટાડે સ્થિર થયું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા અને ઇરાન વચ્ચે મિસાઇલ એક્સચેન્જ ચાલુ રહેતા વધેલા ટેન્શન વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં થયેલા વધારા, રૂપિયાની નબળાઇ સાથે એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે એક તબક્કે બેન્ચમાર્ક ૧૦૦૦ પોઇન્ટ નીચે પટકાઇને અંતે ૩૫૦ પોઇન્ટના ઘટાડે સ્થિર થયો હતો.

સેન્સેક્સ અંતે ૦.૪૦ ટકા અથવા તો ૩૦૩.૬૭ પોઇન્ટના ઘટાડા સાથે ૭૪,૩૪૬.૧૭ પોઇન્ટની સપાટી પર અને નિફ્ટી ૦.૩૩ ટકા અથવા તો ૭૭.૯૬ પોઇન્ટના ઘટાડા સાથે ૨૩,૪૦૫.૬૦ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. શરૂઆતના કારોબારમાં સેન્સેક્સ ૧,૧૫૭.૨૪ પોઈન્ટ અથવા ૧.૪૯ ટકા ઘટીને ૭૩,૪૯૨.૬૦ પર અને નિફ્ટી ૩૩૨.૦૫ પોઈન્ટ અથવા ૧.૪૧ ટકા ઘટીને ૨૩,૧૫૧.૫૦ પર બંધ રહ્યો હતો.

બજારમાં ઘટાડો યુએસ-ઈરાન વાટાઘાટોમાં અનિશ્ચિતતા, બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવમાં ૯૭ ડોલર પ્રતિ બેરલની નજીકનો નવો ઉછાળો અને વિદેશી ભંડોળનો સતત આઉટફ્લોને કારણે છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો એ મંગળવારે ૮,૩૬૨.૯૨ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર વેચ્યા, જે રોકાણકારોની સાવચેતીભરી ભાવના દર્શાવે છે. ઉપરાંત યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવે ૫૪ દેશો પર વધારાની ડ્યુટીનો પ્રસ્તાવ મૂક્યો છે.

પ્રોફિટ બુકિંગને સૌથી વધુ ધોવાઇ ગયેલા શેરોમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને ઇન્ફોસિસ સહિતના આઇટી શેરોનો સમાવેશ થાય છે. સેન્સેક્સ કંપનીઓમાંથી, ટીસીએસ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, એચસીએલ ટેક, આઇટીસી અને ઇટર્નલ ટોપ લુઝર રહ્યા હતા, જ્યારે, બ્લુ-ચિપ પેકમાંથી મારુતિ, અદાણી પોર્ટ્સ, એશિયન પેઇન્ટ્સ અને ભારતી એરટેલ ટોપ ગેઇનર રહ્યા હતા.

સીએમઆર ગ્રીન ટેક્નોલોજીસનો આઇપીઓ ૨.૪૫ ગણો સબસ્ક્રાઇબ થયો છે. આ ઓફરમાં ૨.૩૦ કરોડ શેરની સામે ૫.૬૫ કરોડ શેર માટે બિડ મળી હતી. આ ઇશ્યૂ પાંચમી જૂન ૨૦૨૬ના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૮૨ થી ૧૯૨ અને મિનિમમ લોટ ૭૮ ઇક્વિટી શેર છે. સરકારના છ ટકા હિસ્સાના વેચાણ માટેની એનએચપીસીનીઓફર ફોર સેલ મંગળવારે ઓપન થઇ ગઇ છે. તેનો નોન-રીટેલ પોર્શન ૧.૭૪ ગણો ભરાઇ ગયો છે, જ્યારે રીટેલ બુક સબ્સ્ક્રીપ્શન ૧.૯૦ ગણું છલકાયું છે.

સુઝલોન એનર્જીએ ૨.૦ પ્રોજેક્ટ હેઠળ વિશ્વની સૌથી સંકલિત રિન્યુએબલ એનર્જી કંપનીઓમાં સ્થાન મેળવવાનીયોજના જાહેર કર્યા બાદ તેના શેરના ભાવ દિવસના નીચલા સ્તરથી ફરી ઊછળ્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૩૧ સુધીમાં કંપની વાર્ષિક રિન્યુએબલ એનર્જી વેચાણને ચાર ગણું વધારીને ૧૦ ગીગાવોટ, ઓર્ડરબુક ૧૫ ગીગાવોટ અને એયુએમ ચાર ગણું વધારીને ૭૦ ગીગાવોટ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની ઇપીસી કંપની શ્રીનિબાસ પ્રધાન કન્સ્ટ્રક્શન્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ઓડિટેડ નાણાકીય પરિણામમાં એકીકૃત ધોરણે ૦.૬૪ ટકાના વધારા સાથે રૂ. ૯૦૩૦.૨૪ લાખની આવક, ૧૫.૪૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૫૦૬.૫૩ લાખનો એબિટા અને ૨૪.૬૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૮૨૧.૦૨ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

સેન્ટિમેન્ટ નકારાત્મક રહ્યું હતું, મોટાભાગના નિફ્ટી ઇન્ડેક્સ નેગેટીવ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. આઇટી ઇન્ડેક્સમાં ચાર ટકાનો સૌથી મોટો ઘબડકો જોવા મળ્યો છે. રિયલ્ટી અને મીડિયામાં પણ નોંધપાત્ર નબળાઈ જોવા મળી હતી. તેનાથી વિપરીત, ફાર્મા, હેલ્થકેર અને મિડ-સ્મોલ હેલ્થકેર સૂચકાંકોમાં સામાન્ય વધારો થયો હતો, જે વ્યાપક બજાર નબળાઈ વચ્ચે પસંદગીયુક્ત રક્ષણાત્મક ખરીદી સૂચવે છે. બજાર ગબડવાના એકંદર કારણોમાં ઈરાન-યુએસ વચ્ચે ફરી વધી રહેલા તણાવ, ક્રૂડ ઓઇલના ભાવમાં થયેલા વધારા,



રૂપિયાની નબળાઇ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલીસ અમેરિકન બોન્ડ યિલ્ડમાં થયેલો વધારો અને આઇટી શેરોમાં વેચવાલીનો સમાવેશ થાય છે.

કોકાકોલા કંપની ૨૦૨૭માં તેના ભારત સ્થિત બોટલિંગ યુનીટ એચસીસીએચનો આઇપીઓ લાવવાની અને આ એકમમાંથી પોતાનો અમુક હિસ્સો છૂટો કરવાની યોજના ધરાવે છે. હિંદુજા ગ્લોબલ સોલ્યુશને રૂ. ૮.૨ કરોડની ખોટ નોંધાવી છે. રેવન્યુ ૬.૫૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૮૫ કરોડ રહી છે. હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાની તમિળનાડુ સ્થિત સપ્લાયર ફેસિલિટી ખાતે આગની ઘટના બનતા તેના ઉત્પાદનમાં કામચલાઉ વિક્ષેપ પડ્યો છે. ટાટા મોટર વ્હીકલ પેસેન્જરનું વેચાણ મે મહિનામાં ૪૨ ટકા વધીને ૫૯,૭૯૦ યુનીટ નોંધાયું છે. સીમેન્સે લો વોલ્ટેજ મોટર્સ બિઝનેસ, ઇનોમેટિક્સ ઇન્ડિયાને રૂ.૨,૨૦૦ કરોડમાં વેચી દીધો છે. ઇરેડાનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો બે ટકા ઘટાડા સાથે રૂ.૪૯૩ કરોડ રહ્યો છે. શાલીમાર પેઇન્ટ્સની આવક ૧૪ ટકા ઘટીને રૂ. ૧૫૩ કરોડ રહી છે, જ્યારે ચોખ્ખી ખોટ સહેજ ઘટીને રૂ. ૬.૧૮ કરોડ રહી છે.

કોર્પોરેટ કમાણીની મોસમ મોટાભાગે પૂર્ણ થયા પછી રોકાણકારોનું ધ્યાન ચોમાસાની પ્રગતિ, ફુગાવાના વલણો, આરબીઆઈ નીતિ અને પ્રવાહિતાની સ્થિતિ સહિતના મુખ્ય મેક્રો પરિબળો પર છે. ચોમાસું દક્ષિણ પ્રદેશોમાં આગળ વધવાની અપેક્ષા છે, જે નજીકના ગાળાના સેન્ટિમેન્ટને ટેકો પૂરો પાડે છે. અલ નીનોનું જોખમ તોળાઇ રહ્યું હોવાથી વરસાદ લાંબા ગાળાના સરેરાશથી નીચે રહેવાનો અંદાજ છે. જોકે એ સાથે જળાશય સ્તર અને અનાજના બફર સ્ટોક હાલ તો સંતોષજનક છે.

દરમિયાન ભારતના ઉત્પાદન ક્ષેત્રે મે મહિનામાં મજબૂત વૃદ્ધિ નોંધાવી, એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ એપ્રિલમાં ૫૪.૭થી વધીને ૫૫.૦ થયો અને ફ્લેશ રીડિંગ ૫૪.૩ થયું, જે ત્રણ મહિનામાં શ્રેષ્ઠ સુધારો દર્શાવે છે. જીએસટી કલેક્શન મે ૨૦૨૬માં ૩.૨ ટકા વધીને રૂ. ૧.૯૪ લાખ કરોડ થયું, જે મે ૨૦૨૫માં રૂ. ૧.૮૮ લાખ કરોડ હતું.

શેરબજારમાં ભારે ઉથલપાથલ વચ્ચે ખાસ કરીને ટેલિકોમ્યુનિકેશન અને પીએસયુ બેન્ક્સ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે આઈટી અને રિયલ્ટી શેરો સર્વાધિક ઘટ્યા હતા અને એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૧.૬૧ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો.

બુધવારે સેન્સેક્સ મંગળવારના ૭૪,૬૪૯.૮૪ પોઈન્ટના બંધની સરખામણીએ ૩૦૩.૬૭ પોઈન્ટ કે ૦.૪૧ ટકા ઘટ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૪,૫૦૭.૭૩ પોઈન્ટે ખૂલ્યો હતો, જે નીચામાં ૭૩,૪૯૨.૬૦ પોઈન્ટ સુધી ગયો હતો તથા ઊંચામાં ૭૪,૫૧૫.૬૫ પોઈન્ટ સુધી પહોંચ્યા બાદ અંતે ૭૪,૩૪૬.૧૭ બંધ રહ્યો હતો.

આજે માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૧.૦૬ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૬૨.૬૭ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧.૬૧ લાખ કરોડનો ઘટાડો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૧૩ સ્ક્રિપના ભાવ વધ્યા હતા, જ્યારે ૧૭ સ્ક્રિપના ભાવ ઘટ્યા હતા.. બીએસઈ પર કુલ ૪,૩૮૬ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૧,૮૧૨ શેરોના ભાવ વધ્યા હતા, ૨,૪૦૦ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૭૪ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૧૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૭૭ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

આજે કુલ ૨૩ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૯ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૧૪ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. આજે બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૫૦ ટકા ઘટ્યો અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૧ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૧૪ ટકા તથા એસએમઈ આઈપીઓ ૦.૫૦ ટકા વધ્યા હતા.

સેક્ટરલ સૂચકાંકોમાં મુખ્યત્વે ટેલિકોમ્યુનિકેશન ૨.૦૪ ટકા, પીએસયુ બેન્ક ૧.૭૫ ટકા, બેન્કેક્સ ૦.૯૧ ટકા હોસ્પિટલ્સ ૦.૯૦ ટકા અને ટોપ ૧૦ બેન્ક્સ ૦.૮૦ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૫.૨૪ ટકા, આઈટી ૫.૦૧ ટકા, રિયલ્ટી ૧.૫૨ ટકા, એફએમસીજી ૦.૯૨ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ઈન્ડિગો ૧.૫૭ ટકા, સ્ટેટ બેન્ક ૧.૪૩ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૩૦ ટકા, ટ્રેન્ટ ૧.૧૩ ટકા, પાવર ગ્રીડ ૧.૦૧ ટકા, કોટક બેન્ક ૦.૮૭ ટકા, એચડીએફસી બેન્ક ૦.૬૬ ટકા અને ભારતી એરટેલ ૦.૫૮ ટકા વધ્યા હતા, જ્યારે ટીસીએસ ૮.૪૩ ટકા, ટેક મહિન્દ્ર ૬.૨૩ ટકા, એચસીએલ ટેકનોલોજી ૫.૨૫ ટકા, ઈન્ફોસિસ ૩.૮૨ ટકા, આઈટીસી ૨.૨૧ ટકા, ઈટર્નલ ૧.૪૮ ટકા અને અદાણી પોર્ટ્સ ૦.૬૨ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૫૮૪.૭૨ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૩,૩૦૮ ટ્રેડ્સમાં ૩,૯૦૭ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૩૫,૫૮,૭૪૧ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૨,૫૪,૭૬,૪૩૭.૮૮ કરોડ રહ્યું હતું.

### અમેરિકાએ ભારતથી થતી આયાત સામે વધારાની ૧૨.૫ ટકા ડ્યૂટી લાદતા

## ડૉલર સામે રૂપિયામાં ૪૦ પૈસાનો કડાકો

મુંબઈઃ અમેરિકી ટ્રેડ રિપ્રેઝન્ટેટિવે શ્રમીક કાયદાના ભંગનો આક્ષેપ કરીને ભારતથી થતી આયાત સામે વધારાની ૧૨.૫૦ ટકા આયાત જકાત લાદી હોવાના અહેવાલ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, ક્રૂડતેલના ભાવમાં વધારો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૪૦ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો અને ૯૫.૭૬ની સપાટીએ બંધ રહ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૩૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૪૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૮૦ અને ઉપરમાં ૯૫.૪૩ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૪૦ પૈસાના ઘટાડા સાથે ૯૫.૭૬ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૧૭ પૈસાનો ઘટાડો આવ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવે કલમ ૩૧ હેઠળ કરવામાં આવેલી તપાસમાં અમેરિકામાં થતી આયાત ચીજોમાં શ્રમિક કાયદાનો ભંગ થયો હોવાના આક્ષેપ સાથે ભારત સહિત ૫૪ દેશોથી થતી આયાત સામે ૧૨.૫૦ ટકા અતિરિક્ત ડ્યૂટી લાદી હોવાથી તેમ જ અમેરિકા-ઈરાન વચ્ચેની વાટાઘાટો અટકવાની ભીતિ હેઠળ ક્રૂડતેલના ભાવ વધી આવતા ડૉલર સામે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા વધીને ૯૯.૩૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૨.૭૬ ટકા વધીને બેરલદીઠ ૯૮.૬૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૦૩.૬૭ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૭૭.૯૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૩૬૨.૯૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવતાં ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## ડૉલર મજબૂત થતાં વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹ ૩૭૨૫ની અને સોનામાં ₹ ૧૨૫૮ની પીછેહઠ

### સોનાનું વેચાણ કર્યું હોવાના અહેવાલને રિઝર્વ બૅન્કનો રદિયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધવાની સાથે શાંતિ કરાર અંગેનો આશાવાદ મંદ પડતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના સંકેતો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૭૨૫નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૫૩થી ૧૨૫૮ની પીછેહઠ જોવા મળી હતી.




વધુમાં તાજેતરમાં પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થતાં ધોવાણને ખાળવા બજારમાં હસ્તક્ષેપ માટે રિઝર્વ બૅન્કે તેની સોનાની અનામતમાંથી અંદાજે ૧૨ અબજ ડૉલરના મૂલ્યના સોનાનું વેચાણ કર્યું હોવાની શક્યતા બજારમાં વ્યક્ત થઈ રહી હતી. જોકે, આજે રિઝર્વ બૅન્કે સ્પષ્ટતા કરતાં એક યાદીમાં જણાવ્યું હતું કે સોનાની અનામતમાં કોઈ ફેરફાર નથી થયો અને તે ૮૮૦.૫૨ ટનની સપાટીએ યથાવત્ રહી છે. આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ખપપૂરતી માગ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૭૨૫ના ઘટાડા સાથે રૂ. ૨,૬૧,૫૭૫ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં રોકાણલક્ષી તેમ જ સ્ટોકિસ્ટોની નિરસ માગ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૨૫૩ના ઘટાડા સાથે રૂ. ૧,૫૪,૪૧૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૫૮ના ઘટાડા સાથે રૂ. ૧,૫૫,૦૩૬ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૪૪૬૩.૭૪ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા ઘટીને ૪૪૯૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૭૪.૩૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે અમેરિકા અને ઈરાન વચ્ચેની રાજદ્વારી વાટાઘાટોમાં ધીમી પ્રગતિની સાથે ઈરાને કુવૈતના એરપોર્ટ પર અને અમેરિકાએ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ સામુદ્રધુની પર હુમલાઓ કર્યા હોવાના અહેવાલ સાથે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હતા અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું એફએક્સટીએમના રિસર્ચ એનાલિસ્ટ લુકમાન ઓટુંગાએ જણાવતા ઉમેર્યું હતું કે હાલમાં વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૪૪૫૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેમ જણાય છે.

નોંધનીય બાબત એ છે કે ઈરાન સાથેના યુદ્ધ પૂર્વે અમેરિકી ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૬માં બે વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા જોવાઈ રહી હતી, પરંતુ તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં આવેલા વધારાને ધ્યાનમાં લેતાં અમેરિકી ફેડરલ રિઝર્વ ડિસેમ્બર મહિનામાં વ્યાજદમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરવામાં આવે તેવી શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

## ટીન અને નિકલમાં નફારૂપી વેચવાલીએ નરમાઈ, અન્ય ધાતુમાં મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં વધારા ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાયની અનકોપરની અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકારોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી નવ સુધીનો સુધારો આવ્યો હતો. જોકે, આજે ટીન, નિકલ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૧, રૂ. ૧૦ અને રૂ. બે વધી આવ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૧૩૧૭, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૩૨૫, કોપર કેબલ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૧૩૩૯ અને રૂ. ૩૭૮, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૩૨૮, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૪૦૮ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૧૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીનમાં સતત ત્રણ સત્રની અને નિકલમાં બે સત્રની તેજી પશ્ચાત્ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ વધુ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૧ના ઘટાડા સાથે રૂ. ૫૫૫૦ના મથાળે અને કિલોદીઠ રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૧૮૪૨ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૧૨૨૮ના મથાળે રહ્યા હતા. જોકે, ખપપૂરતી માગે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૦૦, રૂ. ૮૪૦ અને રૂ. ૪૦૩ના મથાળે ટકેલા રહ્યાં હતાં.

## મિડિયમ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી સાધારણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક અને દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. તેમ જ આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ સુધારો જોવા મળ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ માગને ટેકે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો અને મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૬થી ૪૦૫૨માં ટકેલા ધોરણે થયા હતા. જોકે, આજે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવતા તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ સુધારા સાથે રૂ. ૪૦૮૨થી ૪૧૮૦માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



## પાંખાં કામકાજે ખાદ્યતેલમાં નરમાઈનું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૬૮ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૪૦ રિંગિટ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને સિંગતેલમાં રૂ. ૧૦નો અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો અને અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૭, એડલવ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૯૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૩૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૫૧૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ તથા જી-વનના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૩,૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૫૫૦૦ ગૂણી આવક સામે બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૦૦થી ૧૫૧૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૪૦થી ૧૫૪૫માં થયા હતા.

તેમ જ આજે રાજકોટ ખાતે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૬૦માં થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ૧.૬ લાખ ગૂણી સોયા સીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૭૦૦થી ૭૦૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૯૦૦થી ૭૦૦૦માં થયા હતા.

સ્થાનિકમાં હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, સિંગતેલના રૂ. ૧૬૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૬૦ અને સરસવના રૂ. ૧૬૦૫ના મથાળે રહ્યા હતા.

# રાજકોટના નવનિર્મિત સાંઢિયા પુલમાં પાણી નિકાલની વ્યવસ્થામાં મોટી ચૂક, બ્રિજનું લોકાર્પણ અટવાયું


(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં નવનિર્મિત સાંઢિયા પુલ ફરી ચર્ચાનો વિષય બન્યો છે. સાંઢિયા પુલની ડિઝાઇન અને કામગીરી અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. પુલના નિર્માણ દરમિયાન વરસાદી પાણીના નિકાલ માટે જરૂરી પાઇપલાઇન જ ન નાખવામાં આવી હોવાનો ખુલાસો થતાં અધિકારીઓની બેદરકારી ઉજાગર થઈ છે. રાજકોટના નવનિયુક્ત મેયર ડૉ. નેહલ શુક્લાએ અધિકારીઓ સાથે આ પુલની મુલાકાત લીધી હતી ત્યારે પણ આ મહત્ત્વપૂર્ણ ક્ષતિ બહાર આવી હતી. રાજકોટ મનપાએ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ કંપનીને નોટિસ ફટકારી જવાબ માગ્યો છે. જેના કારણે પુલના લોકાર્પણમાં વિલંબ થઈ શકે છે. આ ઉપરાંત તંત્રએ તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા અને કોન્ટ્રાક્ટરનું બિલ અટકાવવાનો આદેશ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ આ પુલનું લોકાર્પણ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે થવાનું હતું. જો કે હવે પુલનું તેનું લોકાર્પણ વિલંબમાં મૂકાશે તેવી ચર્ચા ભાજપના રાજકીય વર્તુળમાં ચાલી રહી છે. જોકે આ મામલે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ■

# સોશ્યલ મીડિયાથી વેપારીઓને હની ટ્રેપમાં ફસાવતી પ્રિયંકા ઉર્ફે પીયુ જેતપુરથી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં સોશ્યલ મીડિયાના માધ્યમથી ઉદ્યોગપતિઓ અને વેપારીઓને પ્રેમજાળમાં ફસાવી લાખો રૂપિયા પડાવતી હની ટ્રેપ ટોળકીનો જેતપુર સિટી પોલીસે પર્દાફાશ કર્યો હતો. પોલીસે આ ગેંગની મુખ્ય મહિલા આરોપી પ્રિયંકા ઉર્ફે પીયુ હંસરાજભાઇ ગીણોયા (રહે. એ.જી. ચોક, પુષ્કરધામ, રાજકોટ, મૂળ ખરેડી, જામનગર) ને દબોચી લીધી હતી. નામદાર કોર્ટે આરોપી મહિલાના તા. ૦૩/૦૬/૨૦૨૬ સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

પોલીસે હ્યુમન અને ટેકનિકલ સોર્સના આધારે આ સફળ કામગીરી કરી હતી. આ ટોળકીની મહિલાઓ ફેસબુક-ઇન્સ્ટાગ્રામ જેવા માધ્યમોથી ધનાઢ્ય કારખાનેદારો અને વેપારીઓ સાથે સંપર્ક વધારી તેમને મળવા બોલાવતી હતી. ભોગ બનનાર વ્યક્તિ જેવી મળવા પહોંચે, કે તરત જ મહિલાના સાથીદારો ત્યાં પતિ અથવા ભાઈ બનીને ખોટી ઓળખ આપી ધસી આવતા હતા. ત્યારબાદ 'તમે પોલીસ કેસમાં ફસાઈ જશો' તેવી ધમકી આપીને કેસ રફેદફે કરવાના નામે મોટી રકમ પડાવતા હતા.

ઝડપાયેલી આરોપી પ્રિયંકા સામે જેતપુર સીટી, જામકંડોરણા અને જૂનાગઢના ભેસાણ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા આઈપીસીની વિવિધ કલમો હેઠળ ગુના નોંધાયેલા છે. પોલીસ પૂછપરછમાં તેણે ચોંકાવનારી કબૂલાત કરી હતી કે, તેની ટોળકીએ મોરબીના સિરામિક ઉદ્યોગપતિને ગોંડલ બોલાવી નાણાં માંગ્યા હતા. મોરબી અને રાજકોટના કારખાનેદારોને ખોડલધામ (કાગવડ) તથા જેતપુર બોલાવી શિકાર બનાવ્યા હતા. વાકાનેરના એક વેપારીને પણ કાગવડ બોલાવી બ્લેકમેઇલ કર્યો હતો.

પોલીસ તપાસમાં આ હની ટ્રેપ નેટવર્કમાં સામેલ અન્ય ૧૦ સાગરીતોના નામ પણ ખુલ્યા છે, જેમાં વિપુલ ભરવાડ, સવજી ઉર્ફે સાગર, જાનવી ઉર્ફે જાનુ, પૂજા, ગોપાલ સિદ્ધપુરા, વિજય ઉર્ફે જાડિયો, વિશાલ ઉર્ફે રાઘે, આશિષ વેકરીયા, રોહિત રાઠોડ અને નીલેશ ચૌહાણનો સમાવેશ થાય છે. ■

# ભાવનગરમાં કાળઝાળ ગરમી અને હવામાં ભારે ભેજના લીધે જનજીવન અકળાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગોહિલવાડ પંથકમાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોમવારે રાત્રિના સમયે અચાનક વાતાવરણ પલટાયું હતું અને ભારે તોફાની પવન ફૂંકાવવાની સાથે પ્રી-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે હળવો વરસાદ પડ્યો હતો. આ વરસાદી ઝાપટાંને કારણે મંગળવારે પંથકના મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો, જેનાથી સ્થાનિક રહીશોએ દિવસભર કાળઝાળ ગરમીમાંથી બહુ મોટી રાહત અનુભવી હતી.

જો કે, વાતાવરણમાં સર્જાયેલી આ ઠંડક માત્ર ૨૪ કલાક પૂરતી જ સીમિત રહી હતી. બુધવારે સવારથી જ હવામાનનો મિજાજ ફરી આકરો બન્યો છે. ગઈકાલનો વરસાદી માહોલ સંપૂર્ણપણે વિખેરાઈ જતાં અને આકાશ સાફ થઈ જતાં સૂર્યનારાયણના આકરા કિરણો સીધા જમીન પર પડી રહ્યા છે. પરિણામે સવારના પ્રારંભિક કલાકોથી જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ખૂબ વધી ગયું હતું અને અસહ્ય બફારાએ જોર પકડ્યું હતું.

બુધવારે ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૮.૯ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯.૦ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૦ ટકા રહ્યું હતું જ્યારે પવનની ઝડપ ૨૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. ■

# ભાવનગરમાં પોલીસે ૨.૨૮ કરોડથી વધુની કિંમતના વિદેશી દારૂ અને બીયરના જથ્થા પર બુલડોઝર ફેરવ્યું

ભાવનગરઃ શહેરના ખેડૂતવાસ વિસ્તારમાં જૂની અદાવતને પગલે મહિલા, વૃદ્ધા અને બાળકો પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એક માસૂમ બાળકીને માથામાં ઈંટ વાગતા ગંભીર ઈજા થઈ છે અને બે આરોપીઓએ મહિલાઓને તલવાર બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ બનાવની પ્રાપ્ત થતી માહિતી મુજબ ખેડુતવાસમાં બટુકભાઈ લાકડાવાળા દાદીની દુકાન સામે રહેતા રીનાબેન વાઘેલા જ્યારે તેમના માતા વસંતબેન વાજાના ઘરે પોતાની દીકરીઓને લેવાં ગયાં હતાં, ત્યારે ત્યાં હાજર તેમના જેઠના દીકરા કાનો દીનાભાઈ વાજા અને ચેતન દીનાભાઈ વાજાએ અગાઉ થઈ ગયેલા જૂના પ્રેમ લગ્ન અને પત્ની ભાગી જવા બાબતની અદાવત રાખી ઝઘડો શરૂ કર્યો હતો. બંને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને મહિલાઓને ગાળો આપી વૃદ્ધાને મૂઢ માર માર્યો હતો. ઝઘડા દરમિયાન, કાનાએ ઈંટનો છૂટો ઘા માર્યો હતો, જે ત્યાં ઊભેલી રીનાબેનની બીજી નંબરની દીકરી હસ્તીના કપાળે વાગતા તે લોહી-લુહાણ થઈ ગઈ હતી.

આ સમયે ચેતન ઘરમાંથી તલવાર લઈને આવીને મારી નાખવા માટે દોડ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપીને બંને આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત બાળકી હસ્તીને સારવાર માટે તાત્કાલિક સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેને કપાળમાં ડાબી બાજુ ચાર ટાંકા લેવા પડ્યા હતા. પોલીસે આ મામલે બંને આરોપીઓ, કાનો અને ચેતન દીનાભાઈ વાજા, સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ■


(તસવીર- ફારૂખ કાઝી, ઉના)

ગીરના જંગલે શું ગુનો કર્યો હશે? સિંહબાળની નિર્દોષ આંખોમાં મોતની છાયા ઊતરી છે. ત્રણ સાવજના બચ્ચાં પાછળ મૃત્યુ ઊભું છે, કહે છે મૂંગી ચીસો 'હવે પડછાયો પણ અમારો નથી રહ્યો...

# કચ્છના માંડવી સેક્ટરમાં મરીન કમાન્ડો દ્વારા પેટ્રોલિંગ અને માછીમારો સાથે બેઠક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અત્યંત સંવેદનશીલ દરિયાકાંઠાની સુરક્ષા અને સતર્કતાના ભાગરૂપે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા દરિયાઈ વિસ્તારોમાં એક વિશેષ ચેકિંગ ડ્રાઇવ યોજવામાં આવી હતી. મરીન ટાસ્ક ફોર્સના ઉચ્ચ અધિકારીઓ એડીજીપી અમિત વિશ્વકર્મા, ડીઆઇજીપી એ. એમ. મુનિયા અને એસ.પી. એસ. જે. પરમારના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યના તટીય વિસ્તારોને એલર્ટ કરી સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

આ સૂચના અન્વયે મરીન ટાસ્ક ફોર્સ માંડવી સેક્ટરના ડીવાયએસપી આર. એમ. ચૌધરીની આગેવાની હેઠળ ભાડાનાળથી લઈને નાનાલાયજા નાળ સુધીના વિશાળ કોસ્ટલ વિસ્તારમાં વિશેષ કોમ્બિંગ હાથ ધરાયું હતું.

આ ડ્રાઇવ દરમિયાન મરીન ટાસ્ક ફોર્સના અધિકારીઓ અને મરીન કમાન્ડોની ટુકડીઓએ વિવિધ સંવેદનશીલ અને વ્યૂહાત્મક પોઇન્ટ્સ પર સઘન ચેકિંગ કર્યું હતું.

સુરક્ષા વ્યવસ્થાને વધુ લોકાભિમુખ બનાવવા માટે અધિકારીઓએ દરિયાકાંઠાના સ્થાનિક રહેવાસીઓ અને માછીમારો સાથે ખાસ બેઠક યોજી હતી. આ બેઠકમાં દરિયાઈ માર્ગે થતી ડ્રગ્સ સહિતના કેફી પદાર્થોની હેરાફેરી, શંકાસ્પદ બોટોની અવરજવર અને અજાણ્યા સ્મગલરોની હિલચાલ જેવા ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કમાન્ડોઝ દ્વારા માછીમારોને અપીલ કરાઈ હતી કે રણ કે દરિયામાં કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ નજરે પડે તો તેની ત્વરિત જાણ પોલીસ અથવા સુરક્ષા એજન્સીઓને કરવી. આ ડ્રાઇવનો મુખ્ય હેતુ દેશ વિરોધી તત્ત્વોના મનસૂબા નાકામ કરવાનો અને દરિયાઈ સુરક્ષા કવચને વધુ અભેદ્ય બનાવવાનો છે. ■

# ભાવનગરમાં ચોમાસા પૂર્વે તંત્ર એલર્ટઃ ૩૫૦ જર્જરિત મિલકતોને નોટિસ, કનેક્શન કાપવાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ચોમાસાના આગમનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે ભાવનગર મહાનગરપાલિકાનું એસ્ટેટ વિભાગ જર્જરિત મિલકતોને લઈને ભારે ગંભીર બન્યું છે. ચોમાસા દરમિયાન સંભવિત હોનારત કે જાનમાલનું નુકસાન ટાળવા માટે મનપા દ્વારા શહેરમાં ભયજનક અને જર્જરિત મકાનોના માલિકોને નોટિસ આપવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે.

આ અંગે વિગતો આપતા ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ અધિકારી કુણાલસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત અત્યાર સુધીમાં શહેરની અંદાજે ૩૦૦ થી ૩૫૦ જેટલી ભયજનક મિલકતોને નોટિસ પાઠવી દેવામાં આવી છે. જ્યારે અન્ય ૪૦૦ જેટલી મિલકતોને નોટિસ આપવાની પ્રક્રિયા આગામી દિવસોમાં પૂર્ણ કરવામાં આવશે. ખાસ કરીને જૂના શહેરના વિસ્તારો, ગામતળ તેમજ હાઉસિંગ બોર્ડની સોસાયટીઓમાં જર્જરિત મિલકતોનું પ્રમાણ વધુ હોવાથી તંત્ર દ્વારા ત્યાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

મનપાના અધિકારીએ કડક શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે, જે પણ મકાનમાલિકોને નોટિસ મળી છે, તેમણે વહેલી તકે પોતાના જર્જરિત મકાનનું યોગ્ય સમારકામ કરાવી લેવું અથવા તેને ભયમુક્ત (સુરક્ષિત) કરી લેવું પડશે. જો નિર્ધારિત સમયમર્યાદામાં મકાનનું સમારકામ કે યોગ્ય વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો પાલિકા દ્વારા કાયદેસરના કડક પગલાં લેવાશે. જેમાં મિલકતનું વીજ જોડાણ (લાઈટ કનેક્શન), પાણીનું કનેક્શન તેમ જ ડ્રેનેજ કનેક્શન કાપી નાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, ચોમાસા દરમિયાન કોઈ અનિચ્છનીય કે કરુણ દુર્ઘટના ન સર્જાય તે માટે જેમના પણ મકાનો જર્જરિત હાલતમાં હોય, તેમણે સત્વરે તેને સુરક્ષિત કરી લેવા. સાવચેતીના ભાગરૂપે લેવાયેલું આ પગલું કોઈ મોટી હોનારત અને જાન-માલના નુકસાનને અટકાવવામાં આશીર્વાદરૂપ સાબિત થશે. ■

# રાપરના ટગા ગામે દારૂના દરોડા દરમિયાન ઘરમાંથી દેશી બંદૂક મળી આવીઃ એક શખ્સની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના રાપર તાલુકાના ટગા ગામે દેશી દારૂના હેતુથી દરોડો પાડવા ગયેલી પોલીસને આરોપીના ઘરમાંથી ગેરકાયદેસર હથિયાર મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. પોલીસે રૂા. ૫,૦૦૦ની કિંમતનું અગ્નિશસ્ત્ર જપ્ત કરી એક શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી વિગત મુજબ, ટગા ગામમાં રહેતો અકબર જાનમામદ હિંગોરજા નામનો શખ્સ પોતાના ઘરે ગેરકાયદેસર દેશી દારૂ બનાવીને તેનું વેચાણ કરતો હોવાની ચોક્કસ બાતમી રાપર પોલીસને મળી હતી જેના આધારે પોલીસે અકબરના મકાનમાં દરોડો પાડીને સઘન તલાશી લીધી હતી. જો કે, ઘરમાંથી દારૂ કે તેને લગતો કોઈ જથ્થો મળી આવ્યો નહોતો.

પોલીસે ઘરની આસપાસ તપાસ લંબાવતાં મકાન પરિસરમાં આવેલા લાકડાના ઢગલામાંથી એક શંકાસ્પદ વસ્તુ મળી આવી હતી. લાકડાં હટાવીને જોતાં તેમાંથી પરવાના વગરની દેશી હાથ બનાવટની એક બંદૂક મળી આવી હતી. પોલીસે આ હથિયાર જપ્ત કરી આરોપી અકબર હિંગોરજા વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી છે. આ ગેરકાયદેસર બંદૂક આરોપી ક્યાંથી લાવ્યો હતો અને તેનો ઉપયોગ કઈ પ્રવૃત્તિ માટે કરવાનો હતો તે દિશામાં પોલીસે વધુ તપાસ આરંભી છે. ■

# ભુજ-ભચાઉ ધોરીમાર્ગ પર બે ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતઃ ચાલક યુવાનનું મોત, કોટડા (ચકાર)માં ૨૦ વર્ષીય યુવકનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં માર્ગ અકસ્માત અને આપઘાતની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. ભુજ-ભચાઉ ધોરીમાર્ગ પર જવાહરનગર નજીક બે ટ્રક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક ચાલક યુવાનનું મોત નીપજ્યું હતું, જ્યારે ભુજ તાલુકાના કોટડા (ચકાર) ગામે એક ૨૦ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, પ્રથમ બનાવ જવાહરનગર નજીક ઓવરબ્રિજ પાસે વહેલી સવારે બન્યો હતો. ગાંધીધામની 'સિક્સ સિગ્મા લોજિસ્ટિક' નામની ટ્રાન્સપોર્ટ કંપનીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો શત્રુઘ્ન ત્રિવેણી યાદવ પોતાની ટ્રક લઈને ભચાઉ તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન આગળ દોડી રહેલી ટ્રકના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળ આવી રહેલી શત્રુઘ્નની ટ્રક તેની સાથે ભટકાઈ હતી. આ ભીષણ ટક્કરમાં શત્રુઘ્નને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક સારવાર અર્થે આદિપુરની રામબાગ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે અમ્રીતપાલસિંઘ સરબજિતસિંઘ ચહલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બીજી ઘટનામાં, ભુજ તાલુકાના કોટડા (ચકાર) ગામે રહેતા ૨૦ વર્ષીય યુવક વિનય હરશી મહેશ્વરીએ ગત ૨ જૂનની મધ્યરાત્રિએ આશરે ૨:૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે કોઈ અકળ કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો.

ઘટનાની જાણ થતાં જ વિનયનો ભાઈ નિખિલ તેને તાત્કાલિક સારવાર માટે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યો હતો, જ્યાં હાજર તબીબે તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. હોસ્પિટલ પોલીસ ચોકીના આધારે સ્થાનિક પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી યુવકના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે. ■

# સોલાર પ્રોજેક્ટ માટે લીઝ પર અપાતી ખેતીની જમીન અંગે પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતાની મહેસૂલ સચિવને રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી અને ખાસ કરીને સોલાર ઊર્જા ક્ષેત્રે થઈ રહેલા વ્યાપક રોકાણો વચ્ચે ખેડૂતો અને જમીન માલિકોના કાનૂની હિતોના રક્ષણ માટે રાપરના પૂર્વ ધારાસભ્ય પંકજભાઈ મહેતા દ્વારા રાજ્યના અગ્ર મહેસૂલ સચિવને એક મહત્ત્વની લેખિત રજૂઆત કરવામાં આવી હતી. સોલાર પ્રોજેક્ટ માટે લાંબા ગાળાની લીઝ પર અપાતી ખેતીની જમીનો અંગે ઉભા થતા મહેસૂલી પ્રશ્નો અને કાનૂની અનિશ્ચિતતાઓને દૂર કરવા સરકારે વહેલી તકે સર્વગ્રાહી પરિપત્ર બહાર પાડવો જોઈએ તેવી માંગ તેમણે કરી હતી.

પંકજભાઈ મહેતાએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, કચ્છ, બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, જામનગર અને દેવભૂમિ દ્વારકા સહિતના જિલ્લાઓમાં હજારો એકર ખેતીની જમીનો ખેડૂતો દ્વારા સોલાર ડેવલપર્સને ૨૯ થી ૩૦ વર્ષના લાંબા ગાળા માટે ભાડા પટે આપવામાં આવી રહી છે. આ જમીનો પર કંપનીઓ 'હંગામી બિનખેતી' (ટેમ્પરરી એન.એ.)ની મંજૂરી મેળવીને પ્રકલ્પ સ્થાપે છે. પરંતુ આ પ્રક્રિયાના કારણે ભવિષ્યમાં ખેડૂતો, મહેસૂલી અધિકારીઓ, બેંકો અને રોકાણકારો વચ્ચે મોટા કાનૂની વિવાદો ઊભા થવાની સંભાવના છે. હાલમાં જુદા-જુદા જિલ્લાઓમાં સ્થાનિક કક્ષાએ મહેસૂલી અધિકારીઓ દ્વારા પ્રવર્તમાન કાયદાઓનું અલગ-અલગ અર્થઘટન કરવામાં આવી રહ્યું હોવાથી કટોકટી સર્જાઈ છે. આ બાબતે રાજ્યભરમાં વહીવટી એકરૂપતા જળવાઈ રહે તે માટે તેમણે મુખ્ય પાંચ મુદ્દાઓ પર સ્પષ્ટતા માગી છે જેમાં જમીન લાંબા ગાળાની લીઝ પર આપ્યા અને હંગામી એન.એ. થયા પછી પણ મૂળ જમીન માલિકનો ''ખેડૂત તરીકેનો કાનૂની દરજ્જો'' યથાવત રહે છે કે નહીં? તેમજ તે અન્યત્ર નવી ખેતીની જમીન ખરીદી શકે કે કેમ?, આ જમીન ગુજરાત કૃષિ જમીન ધારણ મર્યાદા અધિનિયમ હેઠળ મૂળ જમીન માલિકના કુલ જમીન હોલ્ડિંગમાં ગણાશે કે કેમ? ખરીદ-વેચાણના નિયમોઃ લીઝ સમયગાળા દરમિયાન જો ખેડૂત પોતાની જમીન વેચવા માંગે, તો તે માત્ર ખેડૂત વ્યક્તિને જ વેચી શકે કે પછી હંગામી એન.એ.ના કારણે બિન-ખેડૂત કે કોઈ કંપનીને વેચી શકે? તેના પર ખેડૂત ધારો લાગુ પડે કે નહીં?.

આ પ્રકારની જમીનો પર વારસાઈ હક્કોની નોંધણી, બેંક ધિરાણ અને અન્ય કાનૂની વ્યવહારો કઈ શ્રેણી હેઠળ ગણવામાં આવશે? હંગામી બિનખેતી થયા પછી પણ જમીનનો મૂળ કૃષિ સ્વભાવ કાયદાની દૃષ્ટિએ યથાવત રહે કે બદલાઈ જાય?

પૂર્વ ધારાસભ્યએ ઉમેર્યું હતું કે, આ પ્રશ્નો માત્ર કોઈ વ્યક્તિગત કેસ પૂરતા મર્યાદિત નથી, પરંતુ સમગ્ર રાજ્યના હજારો ખેડૂતોના ભવિષ્ય અને કરોડો રૂપિયાના રોકાણો સાથે જોડાયેલા છે. ખેડૂતોના હક્કો સુરક્ષિત રહે અને સોલાર ક્ષેત્રે પારદર્શિતા આવે તે માટે રાજ્ય સરકાર વહેલી તકે આ અંગેની નીતિ સ્પષ્ટ કરે તે જરૂરી છે. મહેસૂલ વિભાગ દ્વારા આ ગંભીર વિષય પર હકારાત્મક અભિગમ દાખવીને ટૂંક સમયમાં યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેવી આશા તેમણે વ્યક્ત કરી છે. ■

# કચ્છમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી વચ્ચે ગરમીનો પ્રકોપઃ ભુજ અને કંડલા ૪૧ ડિગ્રી સાથે રાજ્યમાં મોખરે, આગામી ત્રણ દિવસ એલર્ટ

ભુજઃ સમગ્ર રાજ્યની સાથે રણપ્રદેશ કચ્છમાં પણ પ્રિ-મોન્સૂન એક્ટિવિટી વેગવાન બનવાની હવામાન વિભાગની આગાહી વચ્ચે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. જિલ્લામાં હજુ આગામી ત્રણ દિવસ સુધી ગાજવીજ અને તેજ પવન સાથે હળવો વરસાદ પડવાની સંભાવના વચ્ચે મહત્તમ તાપમાનનો પારો બેથી ચાર ડિગ્રી સુધી ઊંચકાઈ ગયો હતો, જેના કારણે કાળઝાળ ગરમીની સાથે અસહ્ય ઉકળાટ અને બફારાનો પ્રભાવ વર્તાઈ રહ્યો છે.

ભુજ તેમજ અંજાર-ગાંધીધામને આવરી લેતા કંડલા એરપોર્ટ ક્ષેત્રમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તાપમાનનો પારો અચાનક ઊંચકાવવાના કારણે આ બંને વિસ્તારો સમગ્ર ગુજરાત રાજ્યના સૌથી ગરમ મથકો તરીકે મોખરે રહ્યા હતા. મધ્યાહ્ન સમયે આકરા તડકાની સાથે હવામાં ભેજનું પ્રમાણ વધારે હોવાના લીધે લોકોએ અસહ્ય ઉકળાટનો સામનો કરવો પડ્યો હતો. પવનની ગતિ મંદ પડતાં અને બફારો વધતાં જનજીવન પરસેવે રેબઝેબ થઈ આકુળ-વ્યાકુળ બન્યું હતું.

બીજી તરફ, હવામાન વિભાગે જારી કરેલી નવીનતમ માર્ગદર્શિકા અનુસાર, આગામી ત્રણ દિવસ સુધી કચ્છના જુદા-જુદા વિસ્તારોમાં તોફાની પવન અને ગાજવીજ સાથે વરસાદ પડવાની પૂરેપૂરી સંભાવના છે, જેને પગલે પ્રશાસન દ્વારા ઓરેન્જ તેમજ યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ■

# માંડવીના શિરવા ગામે વહીવટી તંત્રનું બુલડોઝર ફર્યુંઃ સરકારી જમીન પરનું ૩૫ વર્ષ જૂનું દબાણ તોડી પડાયું

ભુજઃ કચ્છમાં સરકારી જમીનો પર થતા ગેરકાયદેસર દબાણોને નાબૂદ કરવા માટે વહીવટી તંત્ર દ્વારા શરૂ કરાયેલી કડક ઝુંબેશના ભાગરૂપે બંદરીય માંડવી તાલુકાના શિરવા ગામે એક મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. શિરવા ગામે સરકારી જમીન પર કરાયેલા આશરે ૩૫ વર્ષ જૂના પાકા દબાણોને મામલતદાર અને પોલીસ તંત્રની સંયુક્ત ટુકડીએ તોડી પાડીને આશરે ૧,૦૦૦ ચોરસ મીટર સરકારી જમીનને દબાણમુક્ત કરાવી હતી.

મળતી વિગત મુજબ, શિરવા ગામના રહેવાસી અકબરશા અબ્દુલશા સૈયદ દ્વારા ગામના સરકારી સર્વે નંબર ૪૧૨ (નવા ગામતળના સર્વે નંબર ૪૦૮)ની કિંમતી જમીન પર છેલ્લા ત્રણ દાયકા કરતાં વધુ સમયથી ગેરકાયદેસર કબજો જમાવવામાં આવ્યો હતો. દબાણકર્તાએ આ સરકારી જમીન પર પાકું રહેણાંક મકાન, સિમેન્ટના પતરાંવાળી દુકાન તેમજ મોટો વરંડો બનાવી લીધો હતો. ■